રાજકીય ક્ષેત્રમાં થઈ જઈ આપવું જીવન વિસ્તાર કરાવનાર 'રાજનીતિ' વિષયક લેખો નવમા ભાગમાં દાખલ કર્યા છે.

રાજકીય બાબતોમાં એકમેક પ્રોત્સાહન કરતા પછી—કોંગ્રેસની એકતા તૈયારી કર્યા પછી—સ્વમાનનું ભાન કરાવી પોતાનાઓથી ગુમાવેલ ભાગ્યની પુરાણનો પ્રસંગ ઉપદેશનાર 'અસહકાર'નું ધર્મિક અને રાજકીય યુદ્ધ લડવાની તાલીમ આપનાર એમના કથનોનો દશમા, અગિયારમા અને બારમા મળી ત્રણ ભાગમાં સમાવેશ કરવામાં આવ્યો છે. વિસ્તૃત જ્ઞાનથી અનુભવવાળા એમના અંગત પ્રસંગો પરીક્ષણ સૂત્રો તથા વિચારોનો તેરમા ભાગમાં સમાવેશ કરી તે ભાગને 'અંગત વિચાર' નામ આપ્યું છે.

મનુષ્યને અને સમાજને નીરોગી, સમર્થ અને સુવ્યવસ્થિત કરવા માટે ઉપયોગી થઈ પડે એવું તેમનું તમામ શિક્ષણ આમાં સમાવેશ પામે છે એમ અમે માનીએ છીએ.

આ ગ્રંથાવલિનો લાભ લેવા નાના—મોટા દરેકને, ગામ્ય તેમ જ શહેરી જીવન જીવનારને, સ્ત્રી તેમ જ પુરુષને, વિદ્યાર્થી તેમ જ શિક્ષકને, વ્યાપારીને, સેવકને, તેમ જ રાજદ્વારી પુરુષોને, ભક્તો તેમ જ ધર્મગુરુઓને આગ્રહપૂર્વક અરજ કરવામાં આવે છે. એમાં સર્વની રુચિની સામાન્ય સારી છૂપાવેલી જોવામાં આવશે.

જુદા જુદા ધર્મપંથોની ધાર્મિક શાળાઓમાં વિદ્યાર્થીઓને આ ગ્રંથાવલિના વિચારો વાંચી—વંચાવી—સમજાવી કેળવવાથી ધર્મની અચ્છી ભૂમિકા તૈયાર થયેલી જણાશે, અને તે ભૂમિકામાં કોઈ પણ ધર્મનાં ખાસ તત્ત્વો ઊગી શકવાનું સહેલાઈથી અને આબાદ રીતે બની શકશે.

તમામ ધર્મોના આચાર્યોએ, સાધુ—સંન્યાસી—બાવા—ફકીર—મુલ્લાં—મોબેદો—પાદરીઓએ તેમ જ મંદિર—દેવળ—દેરાસર—મસ્જિદ—ઉપાશ્રય—અગિયારી—ધર્મશાળા તથા મુસાફરખાના ઉપર કાબુ ધરાવનારાઓએ આ તેર પુસ્તકો પોતાને ત્યાં આવનાર જનાર સર્વેને વાંચવા માટે ખુલ્લાં રાખી તે મારફત દેશની તથા ધર્મની વર્તમાન સ્થિતિનો સંપૂર્ણ અભ્યાસ કરી—કરાવી પોતાના ઉપદેશનો પ્રવાહ સમયાનુસાર બદલી—બદલાવી પ્રજામાં ધર્મભાવના જાગ્રત કરવા માટે સતત પ્રયત્ન કરવા વિનંતિ છે

ચળવળ શરૂ કરી; સત્યાગ્રહની લડત આરંભી. ત્રણવાર જેલ ભોગવી;
ગાંધી-સ્મટ્સ વચ્ચે સમાધાન થયું; આ સમાધાનથી હિંદના હિતને
નુકસાન છે એમ માનનાર એક હિંદી પઠાણે તેમના ઉપર પ્રાણઘાતક
હુમલો કર્યો; જનરલ સ્મટ્સે સમાધાનની શરતો કબૂલ કર્યા પછી તે ફરી
જવાથી લડત ફરીથી ઉપાડી; પકડાયા અને જેલ ગયા; ૧૯૦૮ માં 'હિંદ
સ્વરાજ્ય' લખ્યું; ૧૯૦૯ માં ઈંગ્લાંડની મુલાકાત લીધી; ૧૯૧૧ માં તાજનો
ટેકો આવ્યો; સ્વ. ગોખલેએ દક્ષિણ આફ્રિકાની મુલાકાત લીધી; ત્રણ
પાઉંડનો કર નાબૂદ કરવાના અપાયેલા વચનનો ભંગ ૧૯૧૩ માં થતાં
ફરી સત્યાગ્રહ શરૂ કર્યો; કેદ થઈ; ૧૯૧૪ માં ઈંગ્લાંડની મુલાકાત
લીધી; ૧૯૧૫ માં હિંદ પાછા ફર્યા; તે જ વર્ષના મે માસમાં 'સત્યાગ્રહ-
આશ્રમ'ની સ્થાપના કરી; ૧૯૧૭ માં ચંપારણની કુમકે ગયા; ૧૯૧૮ ના
માર્ચમાં ખેડા જીલ્લાના સત્યાગ્રહનું મંડાણ તેમની આગેવાની નીચે થયું;
અને જૂનમાં સફળ થયા; તે જ સાલમાં દિલ્હીની યુદ્ધપરિષદમાં ભાગ
લીધો; અને ખેડામાં લશ્કર ભરતીનું કામ કર્યું; ૧૯૧૯ માં 'યંગ
ઇન્ડિયા' અને 'નવજીવન'નું તંત્રીપદ સ્વીકાર્યું; 'રૉલેટ' કાયદા સામે
૧૯૧૯ ના એપ્રિલની છઠ્ઠી તારીખે સત્યાગ્રહનો આરંભ કર્યો; તેથી
આખા દેશમાં જાગૃતિ આવી ગઈ; દિલ્હી જતાં તેમને સરકારે અટકાવ્યા;
સરકારે તેમને ગિરફતાર કર્યા એમ સમજવાથી લોકોએ પંજાબ,
અમદાવાદ વિગેરે સ્થળોએ ભારે રમખાણ મચાવ્યાં; દિલ્હી જતાં
રસ્તામાંથી તેમને મુંબઈ પાછા લાવવામાં આવ્યા; ૧૯૧૯ ના નવેમ્બરમાં
દિલ્હી ખિલાફત પરિષદને ખિલાફતની ચળવળ ઉપાડી લેવાની સલાહ
આપી; અમૃતસર મહાસભામાં 'સુધારા' ના અમલ માટે સહકારનો ઉપદેશ
કર્યો; પરંતુ પંજાબ-ખિલાફતના બનાવોથી સહકારની સર્વ આશા વ્યર્થ
જતાં ૧૯૨૦ માં કલકત્તા મહાસભાની ખાસ બેઠકમાં અસહકારનો
ઠરાવ પાસ કરાવ્યો; તે જ સાલના નવેમ્બરમાં ગુજરાત વિદ્યાપીઠની
સ્થાપના કરી; નાગપુરની મહાસભાની બેઠકમાં મહાસભાનું ધ્યેય નક્કી કરાવ્યું;
૧૯૨૧ ના એપ્રિલમાં બેઝવાડાનો કાર્યક્રમ નક્કી કર્યો; તે જ સાલની ત્રીશમી
જૂન પહેલાં 'તિલક સ્વરાજ્ય ફંડ'માં કરોડ રૂપિયા એકઠા કરાવવામાં
સાધનભૂત બન્યા, મુંબઈમાં થયેલા તોફાનની શાંતિ કરાવી; અમદાવાદ
મહાસભાની બેઠક વખતે ડીકટેટર નિમાયા; ૧૯૨૨ માં બારડોલી તાલુકામાં

સવિનય ભંગની કરેલી તૈયારી ચૌરીચૌરાના અત્યાચારોને લીધે
રાજદ્રોહી ત્રણ લેખો માટે આઝાદ થયા; ૭ વર્ષની સાદી જેલ મળી; અ
સ્વદેશીનો સંદેશો આપી ચડેલી રજા ભોગવવા યરોડા જેલ સીધાવ્યા;
વીર મોહનદાસ કરમચંદ ગાંધીની વાણીનું હે વાંચક ! હવે તું અમૃતપાન કર.



ઉપયોગમાં લીધેલાં પુસ્તકો.



'નવજીવન.' પ્રકાશક: નવજીવન કાર્યાલય, અમદાવાદ.

'હિન્દ સ્વરાજ્ય' પ્રકાશક: રાષ્ટ્રીય સાહિત્યમંડળ અમદાવાદ. પ્રથમ આવૃત્તિ. સં. ૧૯૭૭.

'યંગ ઇન્ડિયા.' એસ. ગણેશન, ટ્રીપ્લીકેન, મદ્રાસ. ઇ. સ. ૧૯૨૩.

'મહાત્મા ગાંધીની વિચાર સૃષ્ટિ.' ભાષાંતરકર્તા તથા પ્રકાશક: મથુરાદાસ ત્રિકમજી, બજારગેટ સ્ટ્રીટ, કોટ, મુંબઇ. સં. ૧૯૭૫.

'સ્પીચીઝ એન્ડ રાઇટીંગ્ઝ ઑફ મહાત્મા ગાંધી.' પ્રકાશક: જી. એ. નટેસન, મદ્રાસ. તૃતીય આવૃત્તિ. ઇ. સ. ૧૯૨૨.

'આરોગ્ય વિષે સામાન્ય જ્ઞાન.' પ્રકાશક: સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય, મુંબઇ. તૃતીય આવૃત્તિ. સં. ૧૯૭૭.

'મારો જેલનો અનુભવ.'
'સર્વોદય.' } પ્રકાશક: ગાંડીવ સાહિત્ય મંદિર, સુરત.

'ઇન્ડિયન હોમરૂલ.' પ્રકાશક: ગણેશની કું. મદ્રાસ. પંચમ આવૃત્તિ. ઇ. સ. ૧૯૨૨.

'પત્રો.' પ્રકાશક: સેવક કાર્યાલય, અમદાવાદ. પ્રથમ આવૃત્તિ. સં. ૧૯૭૮.

અનુક્રમણિકા.



ગાંધી=શિક્ષણ.

અસહકાર

(પ્રથમ વિભાગ)



ખિલાફત-પંજાબ.

(પ્રથમ ખંડ)

૧. ખિલાફત.

(૧)

૧. ખિલાફતનો સવાલ જેટલો ગંભીર છે તેટલો જ સુંદર છે, કેમકે તેમાં આઠ કરોડ મુસલમાનોની અને તેથી સમસ્ત ભારતવર્ષની શાંતિ જૂપાઈ છે. સુંદર છે, કેમકે તેનો નિકાલ કરવામાં જો મુસલમાનો ડહાપણ વાપરે તો તેઓની શુદ્ધ સત્તા વધે અને હિંદુસ્થાન શુદ્ધ સામ્રાજ્ય ભોગવે. હિંદુ-મુસલમાન ઉભયમાં એકતા, જોર, નીતિ વધે અને અંગ્રેજો પણ આપણને હલકા ગણે છે તે આપણને હલકા ગણતા અટકે. ભાઈબંધી સરખાની વચ્ચે જ થઈ શકે. અંગ્રેજો આપણને સરખા ગણતા નથી. આપણે આપણને તેઓના કરતાં ઉતરતા માનીએ છીએ. એટલે આપણે હિંદુ-મુસલમાન આ સવાલનો ફડચો લાવી ત્રણે એકસરખા થઈ શકીએ છીએ.

૨. આપણા આ પવિત્ર કાર્યમાં ખૂનામરકીને અવકાશ ન હોવો જોઇએ. તિરસ્કારને પ્રેમથી જ આપણે જીતવો જોઇએ. પરંતુ મુસલમાન ભાઇઓ સ્પષ્ટ વાત કરવા ઇચ્છે છે. એઓને કાંઇ પણ છાનું નથી રાખવું. આથી કેટલાક ભાઇઓએ જણાવ્યું કે જો શાંતિથી કાર્ય કરતા છતાં પે આપણે ઇચ્છિત પ્રાપ્ત ન કરીએ તો કુરાનમાં ફરમાવેલી રીત અખત્યાર કરવા આપણને છૂટ હોવી જોઇએ. આ ફરમાન એવું છે કે જ્યારે તેઓના ધર્મ પર હલ્લો કરવામાં આવે, ત્યારે તેઓએ એ દેશ જ છોડી દેવો જોઇએ, અથવા હલ્લો કરનાર સામે યુદ્ધ કરવું જોઇએ. એટલે એ સ્પષ્ટ તરી આવે છે કે અસંતોષકારક નિવેડાને અંતે ખૂનરેજી ફેલાય, પણ આથી આપણે બચી જવું રહ્યું.

૩. તલવાર માણસોને એકસરખા કરે છે. એકબીજા પાડાની જેમ ખૂબ લડી બન્ને થાકે એટલે એકબીજાને સલામ કરી ભાઇબંધ બને છે. જો કોઇ નબળાઇ બતાવે તો હલકો બને છે. અથવા એકબીજાની સામે શરીરબળ નહિ વાપરીને આત્મબળ વાપરી બીજાનો ઉપરી બને છે. એ ઉપરીપણું બીજાને લડીને નહિ, પણ પ્રેમને લઇને સ્વીકારાય છે, તેથી બન્ને એકસરખા થઇ રહે છે બીજાને આશ્રય કરતાં નીતિમાં આગળ માનીએ તેમાં આપણી હલકાઇ નથી મનાતી. બીજાને નીતિમાં આગળ વધ્યા હોય તેમાં ગર્વ નથી કરતો એટલે [illegible] નજરથી જોતાં [illegible] આપણું તલવારથી [illegible] જ છોડી દેવો ઘટે છે.

૪ [illegible]

અહંતાનાં સાધનો એકાએક બીજાને નથી સોંપતો. શસ્ત્રબળમાં અહંકાર હોય જ. એટલે આપણે જો શસ્ત્રબળથી એક થવા માગતા હોઇએ તો આપણે તેઓના પરાજયની અણીએ પહોંચીએ ત્યાંસુધી આપણે મથવું પડશે અને અંતે આપણે દુશ્મન બનવું રહ્યું! આમ ખિલાફતનો ઉકેલ આવે?

૫. લડાઇ કરવાની યોગ્યતા અથવા અયોગ્યતાનો વિચાર મેલી દઈ આપણે જો માત્ર પરિણામનો વિચાર કરીએ તો આપણને માલમ પડશે કે શસ્ત્રબળથી સવાલનો ફડચો નહિ જ થાય. ખિલાફતની લડાઇ કેવળ અંગ્રેજોની જોડે નથી. એ લડાઈ ખ્રિસ્તી અને મુસલમાનોની વચ્ચે છે. ખ્રિસ્તી ઘણા એકત્રિત છે. તેઓએ લડાઇની કળામાં બહુ તાલીમ મેળવી છે. તેમની સાથે લડાઇમાં મુકાબલો કરવાને આજે તો મુસલમાનો તૈયાર નથી. હિંદના મુસલમાનો તો સ્પષ્ટ રીતે નથી, અને હિંદુ લડાઇના મુકાબલામાં તેઓની જોડે ન ઉભી શકે. આવી સ્થિતિમાં મુસલમાનોએ લડીને ખિલાફતના સવાલનો ફડચો લાવવો એ દુન્યવી વિચારે લગભગ અશક્ય લાગે છે.

૬. 'ખુદા ચાહે સો કરે' એ વાક્ય લડાઇનો મુકાબલો કરનાર નહિ વાપરી શકે. એ વાક્ય તો નીતિનો મુકાબલો કરનાર જ વાપરી શકે, કેમકે નીતિના મુકાબલામાં હાર તો છે જ નહિ. શુદ્ધ સાધનો વાપરનારો તકદીર ઉપર હાથ મૂકી શકે, પણ મેલા સાધન વાપરનારાઓને તેમ કરવાનો અધિકાર જ નથી. જાણીજોઇને કુવામાં ભૂસકો મારનાર ઇશ્વરનું નામ વગોવે તો તેની સજા તેને તરત મળે. તે અકાળ મૃત્યુને વશ થાય. દારૂનો મીનો ખાલી કરનાર 'ખુદાને નીશો ચડાવવો હોય તો ભલે ચડાવે' એવો બકવાદ કરે તો તેને દુનિયા હસે. નીતિના પ્રયોગોમાં આપણે ઇશ્વર ઉપર અખંડ ભરોસો રાખીએ છીએ, કેમકે આપણે જાણીએ છીએ કે નીતિનું પરિણામ કુશળ જ છે. શસ્ત્રબળિયો પોતાનાં શસ્ત્ર પર વિશ્વાસ રાખે છે, અને શસ્ત્ર તૂટી જાય, ત્યારે 'ખુદા' કહે છે—દારૂડીઓ જેમ દારૂનો નીશો પેદા કરવાપણા પર વિશ્વાસ રાખે છે તેમ.

૭. તેથી પ્રજાને વિનવીશ કે આપણે જો આ સવાલનું શુભ પરિણામ લાવવા માગતા હોઇએ તો આપણે ધીરજ, દૃઢતા, સત્ય, નિર્ભયતા વિગેરે ગુણોનું સેવન કરવું પડશે. સારાં કામો કર્તાનાં અશક્તિ, અજ્ઞાન, મૂર્ખાઈ, ઉતાવળ, રોષથી બગડેલાં આપણે જોઇએ છીએ. આપણે હાથેથી ખૂનામરકી ન કરવી એટલું જ બસ નથી. જીભથી પણ ખૂનો થયાં આપણે જોયાં સાંભળ્યાં છે. તેથી આપણે જેમ હાથપગને વશ રાખવાની જરૂર છે તેમ જ આપણી જીભને વશ રાખવાની જરૂર છે. આપણી લડત સાચી છે; અને જ્યાં સત્ય છે, ત્યાં જય છે એમ વિશ્વાસ રાખી આપણે મચ્યા રહીશું, તો આ પ્રશ્નનો સારો નિવેડો લાવી શકીશું એવો મને વિશ્વાસ છે.

૮. ગુસ્સાથી ખિલાફતનો નિવેડો નહિ આવે, શાંતિથી જ આવશે. આ મામલો સર કરવા માગતા હો તો શાંતિથી જ વર્તવાની પ્રતિજ્ઞા લેજો. આપણા તરફથી અત્યાચાર થશે તો આપણું કામ આપોઆપ બંધ થઈ જશે. હું તો ખરી સિપાઇગિરી જ સમજ્યો છું અને તેની તમને ભેટ કરૂં છું. ખરી સિપાઇગિરી મરવામાં છે, મારવામાં નથી; કોઇની આબરૂ સાચવવામાં છે, આબરૂ લૂંટવામાં નથી.

૯. ઇસ્લામી ભાઇઓ જ્યાંસુધી મર્યાદામાં રહેશે અને ખૂનામરકી નહિ કરે અથવા ખૂનામરકીને ઉત્તેજન નહિ આપે, ત્યાંસુધી તેઓની વ્યાજબી માગણી પ્રમાણે મેળવવામાં હું તેઓની સાથે બરોબર ઉભો રહીશ, પણ ખૂનામરકી થાય અથવા ખૂનામરકીની સલાહ આપવામાં આવે અથવા ખૂનામરકીને ઉત્તેજન આપવામાં આવે તે વખતે હું તેઓની સાથે નહિ ઉભો રહું, અને દરેક હિંદુ અથવા તો દરેક જણને સાથે નહિ ઉભવાની સલાહ આપીશ, તેથી ગમે તેવું ગુસ્સો ચડવાનું કારણ મળે તે છતાં પોતાની જીભ ઉપર સંપૂર્ણ અંકુશ રાખવો. જો દૃઢતાની સાથે નમ્રતાનું મેળવણ હશે તો જીતની મને ખાત્રી છે. જો ગુસ્સો, દ્વેષ, તિરસ્કાર, અવિચાર અને છેવટે ખૂનામરકીનું સામ્રાજ્ય થાય

તો પરિણામે હાર જ મળે. તેથી હું એકલો હોઉં છતાં ખૂનામરકી આદિ શત્રુઓની સામે મારો જીવ જતાં સુધી લડીશ. આખી દુનિયાની સાથે મિત્રભાવે રહેવું એ મારો ઉદ્દેશ છે. અન્યાયની સામે પૂર જોસથી લડતાં છતાં સંપૂર્ણ પ્રેમભાવ રાખી શકાય એ મારો દૃઢ નિશ્ચય છે.

૧૦. હિંદુ–મુસલમાન બન્ને સત્યાગ્રહ રૂપી દિવ્ય શસ્ત્ર ધારણ કરે, તો વિજય છે જ. હિંદુ–મુસલમાન ખ્રિસ્તીના અન્યાયમાં ભાગ ન લે, તો તેને કોણ હરાવનાર છે? મુસલમાનો પોતાના પર થતા અન્યાયોમાં ભાગ નહિ લે, તો ખુદાનો કોલ છે કે તે ન જ હારે. તેથી જ મેં કહ્યું છે કે અંગ્રેજને આપણે અન્યાયી પગલામાં મદદ ન કરવી એ આપણો હક્ક છે, એ આપણી ફરજ છે. એ ફરજ અદા કરીને જ મુસલમાનો પોતાના ધર્મ ઉપર થઈ રહેલા હૂમલામાંથી બચી શકે છે.

૧૧. [પરંતુ સ્પષ્ટ રીતે આપણે સમજવું જોઇએ કે સત્યાગ્રહમાં ખૂનામરકીને ક્યાંયે અવકાશ નથી.] કેટલીક વખતે હિંદુ અને મુસલમાન મારી પાસે આવે છે અને પૂછે છે કે છૂપી ખૂનામરકીનો કોઈ વેળા સત્યાગ્રહમાં સમાવેશ ન થાય? મેં જવાબ આપ્યો કે છૂપી કે છતી ખૂનામરકી એ સત્યાગ્રહ નથી જ. એ સત્યાગ્રહથી ઉલટાં છે. કેવળ શાંતિ અને અચળ નિશ્ચયનો મેળાપ જ્યારે ન્યાયી કારણની સાથે થાય છે, ત્યારે તેનું પરિણામ સદાય જીત જ હોય છે. ન્યાયને સારૂ મરવું એ મનુષ્યનો કાયદો છે; મારવું એ જનાવરનો છે.

૧૨ હવે વિલાયતના મજુર પક્ષના વિચારો જરા તપાસીએ. તે પક્ષ કહે છે કે મુસલમાની સત્તાના ભાગલા પડવા જ જોઇએ. મુસલમાનો જ એ માગે છે. તેની સામે હિંદુસ્થાનના મુસલમાનો કેમ થઇ શકે! આરબો ઑટોમન સાથે ન રહેવા માગે તો શું તેને જોરજૂલમથી ઑટોમન સાથે રાખવા? આનો જવાબ હું સત્યાગ્રહી તરીકે તરત આપી શકું. હું આરબોની સ્વતંત્રતા છીનવવા નથી માગતો, તેઓ સ્વતંત્ર થાય પણ હકુમત ખલીફાની કબુલ

કરે. પાક જગ્યાઓનો કબજો ખલીફાના હાથમાં રહે. આટલું ન થાય તો હું ભલે લડાઇ ન કરૂં, પણ હું ઉલટું થવામાં મદદ પણ ન કરૂં. મારી મદદ વિના તે અન્યાય ન બને. જો દરેક હિંદુ–મુસલમાન સરકારી નોકરી છોડી દે તો શું થાય ? યા તો અંગ્રેજોએ હિંદુસ્થાન છોડવું પડે અથવા તેઓએ આપણું ધાર્યું કરવું જ પડે. એટલે મારી ધારણામાં લોકમત શુદ્ધ રસ્તે કેળવવા પૂરતી જ રાહ જોવાની ધીરજ રાખવાની જરૂર છે. અત્યારની જાગૃતિનો મુસલમાનો સદુપયોગ કરશે કે દુરુપયોગ કરશે ? મુસલમાનો જ પોતાના શત્રુ અથવા મિત્ર બનશે.

૧૩. હું માનું છું કે અન્યાયની વિરુદ્ધ પગલાં લેતાં અન્યાયી વિરુદ્ધ ઉત્પન્ન થતા દ્વેષને તદ્દન રોકવો એ અશક્ય છે. દ્વેષ કરવાથી દ્વેષી પોતાને નુકસાન કરે છે એમાં યે શક નથી. કોઇ પણ માણસ સંપૂર્ણ તો હોય જ નહિ. એટલે દ્વેષ કરનાર દયાપાત્ર બને છે; કેમકે તેની ભૂલોને સારૂ તે જગતની ક્ષમા ઇચ્છશે, છતાં તે જગતની ભૂલોની ક્ષમા નહિ આપવાથી પોતે ક્ષમા મેળવવા નાલાયક બન્યો છે. પણ ઘણા કાળની દ્વેષરોપાદિ કરવાની કુટેવ પડવાથી આપણે કેટલીક વેળા તો ઇચ્છીએ છીએ છતાં તે શત્રુઓને રોકી નથી શકતા.

૧૪. ત્યારે શું કરવું ? રખેને અન્યાયીનો વિરોધ કામ કરે તેથી અન્યાયનો યે વિરોધ ન કરવો ? [illegible] જ થાય છે. સમાએ કરેલી ભૂલોને આપણે દાબી દેવા ઇચ્છીએ [illegible] મારી માન્યતા છે કે જેમ દ્વેષ હાનિકારક છે તેમ [illegible] પણ હાનિકારક છે. વહાલાંની ભૂલો પણ ઉઘાડી પડે તેમાં [illegible] જ નુકસાન નથી એટલું જ નહિ, પણ તેથી લાભ જ છે. [illegible] માર્ગ ભૂલને ઓળખવી અને તેથી [illegible] એ છે. દાબી રાખવાથી તેની પૂરી ઓળખ થતી નથી [illegible] ઉલટા બને છે, અને ભૂલના

ખાડામાં ઉંડા ઉતરે છે. શરીરમાં થયેલાં ગુમડાંને જેમ કાપે કે ફોડે જ છૂટકો છે, તેમ ભૂલને પણ ઉઘાડી પાડયે જ છૂટકો છે.

૧૫. મારી પદ્ધતિમાં અન્યાયનો વિરોધ એટલે સુધી આવે છે કે જો અન્યાયી ન સુધરે તો તે ત્યાજ્ય છે, ભલે પછી તે સગો બાપ હોય. જો તેનો ત્યાગ ન કરીએ તો તેના અન્યાયમાં આપણે ભાગીદાર બનીએ છીએ. અન્યાયનો અન્યાયીના ત્યાગ પર્યંત વિરોધ કરતા છતાં પ્રેમભાવને ધક્કો નથી પહોંચતો એ મારો જાતિઅનુભવ છે. અન્યાય એ એક મોટી ભૂલ છે. મિત્ર ભૂલ કરે છતાં તેની ઉપર પ્રેમભાવ રાખવો તેમાં જ પ્રેમની કસોટી છે. ગુણ ઉપર ગુણ કરવો તેમાં નવાઈ નથી. અવગુણ ઉપર ગુણ કરે તે જ જ્ઞાની છે એમ શામળ ભટે આપણને શીખવ્યું છે. શત્રુ-મિત્ર પ્રત્યે સમભાવ રાખવાનું ગીતાજી શીખવે છે.

૧૬. એટલે આપણી પાસે એક જ ધોરી માર્ગ છે. અમુક કાર્ય અન્યાયી છે, ભૂલભરેલું છે એમ માની લેતા પહેલાં ખૂબ વિચાર કરવો. જેનો અન્યાય જણાય તેની સામે ઉતાવળે અનુમાનો ન બાંધવાં, અને ઘણી વિવેકબુદ્ધિ વાપરવા છતાં જો એમ જણાય કે ભૂલ તો છે જ તો તેની સામે અંત સુધી થવું. તેની સાથે જ જો ભૂલ માનવામાં આપણી ભૂલ થઇ હોય, તો આપણે તે જ ક્ષણે કબૂલ કરવા અને માફી માગવા તૈયાર રહેવું.

૧૭. હું જે પદ્ધતિ ભારતવર્ષ આગળ અજમાવી રહ્યો છું, જેમાં મિત્રોને રોકું છું તે નવો પ્રયોગ છે, તેમાં ખામીઓ હશે, કેટલીક હું જોઉં છું. સંપૂર્ણતાનો દાવો હું કરતો જ નથી. પણ મારી ખાત્રી છે કે એ માર્ગ જ ખરો છે. એ માર્ગે જતાં જ હિંદુસ્થાનનો ઉગારો છે.

૧૮ [આ પદ્ધતિ પ્રમાણે ખિલાફતના પ્રશ્નમાં જેટલો દ્વેષ, ઉદ્ધતાઈ અને અવિવેક ઓછાં, તેટલી સરળતા તેના ફેંસલામાં અવશ્ય આવી જવાની પરંતુ] હવે સવાલ એ રહ્યો કે ખિલાફતના સવાલમાં મુસલમાન ભાઇઓ ઇન્સાફસર છે કે નહિ. જો તેઓની

માગણી ઇન્સાફસર ન હોય તો આપણે હિંદુ કે બીજા મદદ ન કરી શકીએ. તેઓ મદદ ન ઇચ્છી શકે અને મદદ મળે તોપણ ફત્તેહ ન મળે. પણ મુસલમાન ભાઇઓના માગણીના વ્યાજબીપણાના સાક્ષી તો ઇંગ્લાંડના પ્રધાન પોતે જ છે અને હિંદના પુરાણા નામાંકિત અમલદારો છે.

૧૯. ખિલાફતના સવાલમાં મુસલમાનો ન્યાયમાર્ગ પર છે એમ મારી ખાત્રી છે. જે હંમેશાં જાગ્રત છે અને જે સર્વત્ર વસનારો છે એવા સાક્ષીને આપણે છેતરી શકવાના નથી. પવિત્ર આત્માની પ્રાર્થના તે સદાય સાંભળનારો છે. દુનિયાના સારા માણસો સાક્ષી પૂરે છે કે તુર્કીનો કેસ પવિત્ર છે. મુસલમાન ભાઇઓ પવિત્ર છે, પ્રામાણિક છે એ સવાલ છે. કસોટી સહેલી છે. પવિત્ર અને પ્રામાણિક માણસે પોતે જેને ન્યાય માન્યો છે તેને સારૂ હંમેશાં પોતાનો ભોગ આપવા તૈયાર રહે છે. મુસલમાન ભાઇઓ તૈયાર છે? તેમનો આરામ, તેમની મજા, તેમનો વેપાર, તેમની જિંદગી સુદ્ધાં ન્યાય મેળવવાની ખાતર આપવા તેઓ તૈયાર છે? જો તેમ હોય તો તેઓ સત્યાગ્રહી છે અને તેઓ જીતશે જ. તેઓની હું ભૂલ જોઉં તો તે જ ક્ષણે તેમને મદદ કરતો બંધ થાઉં. તેઓ દ્વેષમુક્ત છે એમ હું નથી કહેતો, પણ તેમના દ્વેષભાવની સાથે મારો પ્રેમભાવ મેળવી દ્વેષભાવના વેગને હું હળવો કરી શકું છું એવી મારી ખાત્રી છે. જો મારી પદ્ધતિનો ઘણા સ્વીકાર કરે, તો દ્વેષના વેગને તદ્દન રોકી શકાય એમ પણ હું માનું છું. અન્યાયની સામે દ્વેષી તો થવાના જ. તેઓ વિવેકબુદ્ધિ નહિ વાપરે. અદ્વેષીએ પણ અન્યાયની સામે થયે છૂટકો છે. અન્યાયી તો દ્વેષી છે જ. અન્યાયથી પીડાયેલો કૃત્ય કરે છે, ત્યારે તે પણ દ્વેષી બને છે. અદ્વેષીએ અહિં શું કરવું એ જ પ્રશ્ન રહે છે તેનો ઉત્તર હંમેશાં સહેલાઇથી નથી મળી આવતો. ધર્મસંકટો પડતાં જ માણસ ઘડાય છે, પડી પડીને જ ચડે છે. રખેને ભૂલ થશે તો, એમ સમજી સાવધ રહેવું આપણું કર્તવ્ય છે. એમ સમજી કંઇ ન જ કરવું એ કાયરતા છે.

એટલે ભૂલ થવાની ધાસ્તી છતાં યે જ્યાં અન્યાય માલમ પડે ત્યાં પ્રેમભાવે તેનો વિરોધ કરી પરિણામના અધિકારી બનવું એ જ ગીતામાર્ગ છે એવી મારી નમ્ર માન્યતા છે.

૨૦. ચંપારણમાં, ખેડામાં, રૉલેટ ઍક્ટની પ્રવૃત્તિમાં, હું અન્યાયનો તીવ્ર વિરોધ કરી દેખાવને તદ્દન રોકી તો ન શક્યો, પણ અન્યાયને ઓછે કે વત્તે અંશે દૂર કરવામાં મદદ કરી શક્યો અને લોકોને સત્યાગ્રહના સૂર્યની ઝાંખી કરાવી શક્યો. તેનું તેજ હું પૂર્ણ પણે નથી બતાવી શક્યો, કેમકે મારી તપશ્ચર્યામાં, મારા જ્ઞાનમાં બહુ ખામીઓ હું જોયા કરું છું.

૨૧. જો તમે અને હું આપણી ફરજ ભૂલી જઈશું, તો કરોડો મુસલમાનોના શાપને લાયક આપણે બનીશું. બ્રિટિશ અમલદારો ડાહ્યા અને શાણા છે. આપણે ગંભીર છીએ કે રમતમાં છીએ એ ખોળી કહાડતાં તેઓને વાર લાગતી નથી. તેથી હું ઇચ્છું છું કે તમારી છાતી ઉપર હાથ મૂકી તમે આ ગંભીર વિષય વિષે ગંભીર છો કે નહિ એ સવાલ તમારા દિલને પૂછો. ખાત્રીપૂર્વક માનજો કે જો તમે ગંભીર હશો તો કંઇ કાંઈ ભય નથી. પણ જો તમે પોતે આ સવાલ વિષે પૂરી લાગણી નહિ ધરાવતા હો, તો મહાનુભાવ મુસલમાનોની બધી સેવા નકામી થઈ પડશે.

૨. ખિલાફત.



(૨)

૧. ખિલાફતનો સવાલ અત્યારે સર્વોપરી થઈ પડયો છે-સામ્રાજ્યમાં સર્વથી વધારે મહત્ત્વ એ સવાલ ભોગવે છે. ઇંગ્લાંડના મોટા પાદરીઓ અને ઈસ્લામી આગેવાનોએ એ સવાલને મોખરા પર મૂકી દીધો છે. પાદરીઓએ દાવ નાંખ્યો, મુસલમાનોએ તે ઝીલી લીધો છે.

૨. ખિલાફતનો સવાલ હિંદુસ્થાનના આઠ કરોડ મુસલમાનને લગતો છે. અને જે સવાલ પ્રજાના લગભગ એક-ચતુર્થાંશને લાગુ પડે એ સવાલ સમસ્ત હિંદુસ્થાનનો છે. પ્રજાનું ચોથું અંગ જખમી બને અને પ્રજાની ઉપર તેની અસર ન થાય એ અસંભવિત છે. જો એવા જખમની અસર ન થાય તો આપણે એક પ્રજા કહેવાઇએ નહિ, આપણે એક અંગ ન હોઇએ. એટલે આ સવાલ મુખ્યપણે સમજી લેવો એ હિંદુ-મુસલમાન બધાની સરખી ફરજ છે.

૩. તુર્કીની સલ્તનતમાં ઇસ્લામનો ગંભીર સવાલ આવી જાય છે. ઈસ્લામ દુન્યવી અને દીની એવા બે વિભાગ પાડતો નથી. તુર્કીના સુલતાન એ જ ઈસ્લામના માનવંતા ખલીફા છે, અને જો સલ્તનત જાય તો ઇસ્લામી મજહબ પ્રમાણે ખલીફાનો અર્થ જ -હે એવી સખ્ત કુરાને-શરીફની આયતો છે. એટલે સમસ્ત નાન પ્રજાને એ મોટો ધાર્મિક પ્રશ્ન થઇ પડયો છે.

૪. હું ઉમેદ રાખું છું કે હિંદુઓ સમજી જશે કે મુખાય ઉં કે બીજું કંઈ પણ થું. ખિલાફતની બાબતમાં નીચેનો દરજ્જો ભોગવે છે. જો મુસલમાનોનો દાવો એ ઇસ્લામી દૃષ્ટિ વિના ગેરઇન્સાફી હોત તો કેવળ ઇસ્લામી પુસ્તકોને જ આધારે તેને ટેકો આપવાનું કોઈ અશક્ય હોત, પણ જ્યારે ન્યાયી દાવાને દીન તરફથી ટેકો મળે છે, ત્યારે એ દાવાની સામે થઈ શકાય નહિ.

૫. ટૂંકામાં મુસલમાનોનો દાવો નીચે પ્રમાણે છેઃ—

(૧) યુરોપ માંહેનું તુર્કી તુર્કોના હાથમાં રહેવું જોઈએ. તે રાજ્યમાં ઇસ્લામી સિવાયની બીજી જે કોમો રહેતી હોય તેઓના રક્ષણને સારૂ ભલે પૂરી ખાત્રી લેવામાં આવે.

(૨) ઇસ્લામની પવિત્ર જગ્યાઓનો કબજો સુલતાનના હાથમાં રહેવો જોઈએ. અને જઝીરત-ઉલ-અરબ એટલે મુસલમાની લેખકોએ હદ બાંધી છે તે અરબસ્તાન ઉપર સુલતાનનો બાદશાહી હક રહેવો જોઈએ, અને તેની સાથે આરબોને જોઈતા હોય તો ભલે તેઓને સ્વરાજ્યના હક મળે. આવું વચન બ્રિટિશ સરકારનું હતું, અને એ જ ધારણા હિંદી સરકારની પણ હતી. મુસલમાની સિપાઈઓ તુર્કીની રાજ્યસત્તા છીનવી લેવાને સારૂ કદિ લડત નહિ. ખલીફાનાં હાથમાંથી અરબસ્તાન ઉપરની હકુમત છીનવી લેવી એ ખિલાફતનું મીંડું વાળવા બરોબર છે.

૬. ઇંગ્લાંડને આજે માત્ર તુર્કીને જ મનાવી લીધે પાલવે તેમ નથી. હિંદને તેણે સંતોખવું જોઈએ. મારા અભિપ્રાય મુજબ તો હિંદી મુસલમાનોની માગણીઓ કબૂલ કરવામાં આવે તો તુર્કીનું સમાધાન કરવાપણું પણ ઝાઝું રહેતું નથી. આનાં બે કારણો છે. ખિલાફત એ એક ભાવના છે, અને કોઈ એક ભાવનાને ખાતર જ્યારે માણુસ પોતાનાં તન, મન, ધન સીંચી નાખવા તૈયાર —

છે, ત્યારે તેની સામે કોઈ ટકી નથી શકતું. એવી ભાવના માત્રથી જે મુસલમાનો પ્રેરાયેલા છે તેમને જ આખી હિંદી મુસલમાન કોમનો ટેકો છે.

૭. મુસલમાનો માત્ર તુર્કીને ખાતર લડી રહ્યા છે એમ કહેવું ભૂલભરેલું છે. તુર્કી ખોટો રસ્તો લે,—દાખલા તરીકે મહાન્ સુલેમાનનાં કાળનો દરજ્જો પોતાને મળવો જોઇએ એવો આગ્રહ ધરે,—તો તેઓ આજ તુર્કીનો ત્યાગ કરે તે જ રીતે તુર્કી આજે નબળાઈ બતાવીને કુરાને-શરીફના ફરમાનની રૂએ પોતાને મળેલો અધિકાર જતો કરી તેને અંગે પોતાના પર આવી પડતી ફરજ માથા ઉપરથી ફેંકી દેવા તૈયાર થાય, તોપણ મુસલમાનો તેમ કરી શકે નહિ.

૮. આમ દરેક ધર્મપ્રિય મુસલમાન તુર્કીની દુન્યવી સત્તા કાયમ રાખવા મથે જ. છતાં તુર્કી ફાવે તે કરવા તૈયાર થાય, તોપણ મુસલમાનો તો જઝીરત-ઉલ-અરબ—જેમાં મેસોપોટેમિયા, સીરિયા અને પૅલેસ્ટાઇન આવી જાય છે—ઉપર અબાધિત મુસલમાની સત્તા ખલીફની—પછી તે તેટલા સમયને માટે ગમે તે હોય—ધાર્મિક આણ હેઠળ ટકાવવાને બંધાયેલા જ છે. બીજી કોઇ પણ શરતો-તે ગમે તેટલી સુંદર હોય તોપણ-મુસલમાનોને ન જ સંતોષી શકે. ઇસ્લામના પવિત્ર સ્થળો પર કોઇ પણ પ્રકારની સીધી કે આડકતરી ગેરમુસલમાની સત્તા તેઓ ન જ બરદાસ કરે.

૯. આમ પૅલેસ્ટાઇનનો સવાલ જ આમાં સૌથી ગુંચવાડાભર્યો છે. ઇંગ્લાંડે ઝાયોનિસ્ટો (યહુદી લોકોના એક પક્ષ) ને પૅલેસ્ટાઇન માટે વચનો આપ્યાં છે. યહુદીઓને પણ સ્વાભાવિક રીતે જ પૅલેસ્ટાઇન વિષે તીર્થસ્થાનની ભાવના છે. 'અમારે શું કાળના અંત સુધી ઘરબાર વગરના-સ્વદેશ વગરના-રહેવું ?' આવી તેમની દલીલ છે.

૧૦. આ માગણીના મૂળમાં રહેલો સિદ્ધાંત આપણે અહિં નહિ તપાસીએ. મારો મુદ્દો એટલો જ છે કે યહુદીઓથી ઇંગ્લાંડ પાસે

[illegible] યુક્તિ કે [illegible] પેલેસ્ટાઇનનો [illegible] મેળવ— પેલેસ્ટાઇનની ખાતર કંઈ [illegible] નહોતી, પોતાના જ મુસ્લિમ [illegible] [illegible] યહુદીઓને [illegible] [illegible] દરમિયાન [illegible] ધર્મગુરુ [illegible] પોતાની [illegible] આવતે, તો [illegible]

૧૧. આમ લડાઈના કોઈ પણ કાનુનોને આધારે લડાઈના ફળ તરીકે ઇંગ્લાંડથી યહુદીઓને પૅલેસ્ટાઇન આપવા નિકળાય નહિ. એક તો ઝાયોનિસ્ટોએ પૅલેસ્ટાઇન વિષે પોતાની ભાવના બદલવી જોઇએ અથવા તો તે મેળવવાને તેઓ કૃતનિશ્ચય જ હોય અને તેમનાં ધર્મશાસ્ત્રો લડાઈ કરીને ન્યાય મેળવી લેવાની છૂટ આપતાં હોય, તો તેમણે મુસલમાન સંસાર સામે ધર્મયુદ્ધ માંડીને કબ્જો કરી લેવો રહ્યો,—પછી તેવી લડાઈમાં ખ્રિસ્તી રાજ્યો ભલે એમનો પક્ષ લે. પણ આજની દુનિયા ધર્મની લડાઇઓના કરતાં નૈતિક મુદ્દાઓના જોર પર ઘરમેળે જ સુલેહશાંતિપૂર્વક આવા કજીઆઓ પતાવે એવી આપણે આશા રાખીએ. એવો કાળ આવે કે ન આવે તોપણ એટલું તો સ્પષ્ટ જ છે કે ખિલાફતના કોઇ પણ ન્યાયી ફડચામાં જઝીરત-ઉલ-અરબ ઉપર ખલીફની ધાર્મિક આણ હેઠળ મુસલમાનોની સંપૂર્ણ અને બેદખલ સત્તા રાખવાની વાતનો સમાવેશ થવો જ જોઇએ.

૧૨. લડાઈના પહેલાં જે તુર્કીનું હતું તે જરૂર પડતી ખાત્રીઓ લઈને તુર્કીને પાછું આપવું એ ખ્રિસ્તીને શોભે એવો ચૂકાદો ગણાય. તુર્કીને સજા કરવાના ઇરાદાથી તેની પાસેથી કંઇ પણ લઇ લેવું એ દારૂગોળાનો ચૂકાદો ગણાય. મિત્રરાજ્ય અથવા તો ઇંગ્લાંડ પોતાની જીતને વખતે તદ્દન ન્યાય ઉપર જ રહેવું જોઇએ. તુર્કીને કમજોર બનાવી દેવા એ

ગેરઈન્સાફ કહેવાય એટલું જ નહિ, પણ ઇરાદાપૂર્વક અપાયેલાં વચનોનો ભંગ ગણાય.

૧૩. મુસલમાનોની લાગણી મિત્રરાજ્યો પારો મૂકી ચૂક્યા એટલે કે તેમની માગણી ન્યાયી હોવાનો તેઓ સ્વીકાર કરે છે, પણ મિત્રરાજ્યો જે કંઇ કરે તેની ઉપર આપણી સરકારનો કાબુ ન હોય એમ કહી તે નિર્દોષ ઠરવા માગે છે. આ અસત્ય છે. હિંદી સરકાર જાણે છે અને આખું જગત્ જાણે છે કે તુર્કીની સાથેના કરારો ઘડવામાં અને તે કબૂલ કરાવવામાં અંગ્રેજ સરકારનો મુખ્ય ભાગ છે, તેઓ જાણે છે કે મી. લૉઇડ જ્યૉર્જે ધારત તો જરૂર પોતાનું વચન પાળી શકત અને મુસલમાનોની લાગણીને માન આપી શકત. પણ તેમનો ઇરાદો જ તુર્કીનો નાશ કરવાનો અને ઇસ્લામની જડ ઢીલી કરવાનો હતો. આમ છતાં ખિલાફત બાબત બધું કરી ચૂક્યા કહીને વાઇસરૉય સાહેબ નિકળી જવા માગે છે, તેનો અર્થ એ થયો કે તે પ્રજાને ભમાવે છે.

૧૪. ખરૂં જોતાં સવાલનો ફડચો વાઇસરૉયના કરતાં આપણા હિંદુ અને મુસલમાન ઉપર વધારે આધાર રાખે છે. અને હિંદુ અથવા તો વાઇસરૉયના કરતાં મુસલમાન ઉપર તેથી પણ વધારે આધાર રાખે છે. આ બાબતમાં અધીરાઇને સ્થાન નથી, કેમકે અધીરાઇમાંથી દીવાનાપણું આવવાનો સંભવ છે, અને દીવાનાપણાનો નતીજો ખૂનામરકી જ હોય. હું ઇચ્છું છું કે ખૂનામરકી એ આપઘાત છે એવું હું બધાને સમજાવી શકું.

૧૫. [યુરોપીય વિગ્રહની સુલેહમાં ખિલાફતના સવાલનો યોગ્ય ફડચો થયો નથી,] તેથી શુભ પરિણામની આશા રાખી તેને સારૂ આપણે મથવું જોઇએ. કેમ મથવું એ સવાલ છે. આપણે શું ન કરવું જોઇએ એ તો સ્પષ્ટ છે. વિચારમાં, વચનમાં કે કર્મમાં ખૂનામરકી ન જ હોવી જોઇએ. તેથી વેરભાવે કે સજા કરવાના ઇરાદાથી બ્રિટિશ માલનો બૉયકૉટ ન સંભવે.

૧૬. (૧) મારા વિચાર પ્રમાણે તો બૉયકૉટ પણ એક જાતની ખૂનામરકી છે.

(૨) વળી કદાચ બૉયકૉટ ઇચ્છવાજોગ હોય, તોપણ એ તદ્દન અવ્યવહારૂ છે.

(૩) જ્યાંસુધી આપણી માગણી મુજબ નથી મળ્યું, ત્યાંસુધી આપણે શાંતિ વાળીને બેસી શકતા જ નથી.

(૪) ખિલાફતની સાથે બીજા સવાલોને મેળવવા જ ન જોઇએ—જેમકે પંજાબનો સવાલ.

૧૭ જો આપણી માગણી કબૂલ ન થાય તો શું કરવું જોઇએ એ વિચારીએ.

૧૮. છૂપી કે જાહેર લડાઇ કરવી એ જંગલી ઉપાય છે. આવી લડાઇ કરવાની વાત આપણી ગણત્રીમાંથી આપણે કહાડી નાખવી જોઇએ. લડાઈ કરીને છતનું અશક્ય છે એટલું જ કારણ લડાઇની વિરુદ્ધ બસ છે. લડાઈ કરવી એ હંમેશાં ખરાબ છે, એવું જો હું બધાને સમજાવી શકું, તો આપણી બધી ન્યાયી ધારણાઓ આપણે વહેલા બર લાવી શકીએ. ખૂનામરકી નહિ કરવાની પ્રતિજ્ઞા લઇને એક વ્યક્તિ અથવા પ્રજા જે શક્તિ મેળવી શકે છે એ શક્તિને કોઇ હઠાવી શકતું જ નથી. પણ ખૂનામરકી નહિ કરવાની સામે હાલ તો હું જે દલીલ કરૂં છું તે કેવળ તેની અયોગ્યતા જ છે; અને ખૂનામરકી અયોગ્ય છે કેમકે તેથી ધારેલું પરિણામ લાવવું અશક્ય છે.

૧૯. તુર્કીની વિપત્તિમાં મદદગાર થવાનો હિંદુસ્થાનની પાસે એક જ રસ્તો છે અને તે એ જ કે તેણે જાતે પોતાનો કક્કો ખરો કરાવવા પૂરતા સામર્થ્યવાન્ બનવું. જો હિંદુસ્થાન વેળાસર એટલું સામર્થ્ય ન કેળવી શકે તો હિંદુસ્થાનને માટે તરી પાર ઉતરવાનો બીજો એકે રસ્તો નથી. એણે દૈવાધીન જ થવુ રહ્યું. લકવાથી રહી ગયેલા દર્દીએ જો પાડોશીને મદદ રૂપ થવુ હોય તો પ્રથમ અલબત્ત જાતે જ લકવાથી મુક્ત થવું રહ્યું. કેવળ અજ્ઞાન

આશા ઈજારો ન જ રાખી શકો. તેથી આપણે મથાળેથી અને પાયેથી શરૂઆત કરવી જોઈએ. જેઓ મોટા ઇજ્જતના પદ ધરાવતા હોય તેઓએ તે છોડી દેવા જોઈએ. જેઓ નાની નોકરીમાં હોય, તેઓએ તે નોકરી છોડી દેવી જોઈએ. ખાનગી ગૃહસ્થોના નોકરોને આ નિયમ લાગુ પડતો નથી. જેઓ મદદ નહિ કરવાની સલાહ માન્ય ન રાખે તેઓનો બહિષ્કાર કરવાની ધમકી હું પસંદ કરી શકતો નથી. જેઓ કંઈ પણ દાબ વિના પોતાની નોકરી છોડી દે તેની જ અસર થવાની છે; કેમકે આપણો અસંતોષ અને લોકલાગણીની કસોટી તો મરજીયાત રાજીનામામાં જ રહેલી છે. સિપાઈઓને તેઓનાં હથિયાર છોડવાની સલાહનો હજુ સમય નથી આવ્યો. એ આપણું છેલ્લું પગલું હોય, પહેલું ન હોવું જોઈએ. વળી મદદ આપવાનું બંધ કરવાનું કામ અતિ વિચારપૂર્વક લેવાવું જોઈએ. આપણે ધીમાશથી વધવું જોઈએ કે જેથી સખ્ત તાપને સમયે પણ આપણે આપણી પોતાની ઉપરનો કાબુ છોડી ન દઈએ.

૨૨. [સજા કરવાનો ઇરાદો ન રાખવો હોય તો કહાડી નાખવો. અને અમને અંગ્રેજો તરફથી અન્યાય થયો છે એ તેમને ગળે ઉતારવા અને મિત્રાચારીનું વર્તન તેમની પાસે રખાવવાના સાત્વિક હેતુથી બ્રિટિશ માલનો બહિષ્કાર કરવામાં આવે, તો તે અયોગ્ય નહિ ગણાય. તામસી વૃત્તિનો પલટો સાત્વિક વૃત્તિમાં થયો એટલે આપણો ઇરાદો પાપમય હોઈ શકે નહિ.] પણ સહાય ન કરવી એ ઉપરથી બ્રિટિશ માલના બહિષ્કાર ઉપર આવવું એ તો હાથીની અંબાડી છોડીને ગર્દભની સ્વારી કરવા જેવું થાય છે. સહાય ન આપવી એ આપણો હક છે અને તેમાંથી મોટાં પરિણામો લાવી શકાય. બહિષ્કાર કરવાનો આપણને હક નથી અને તેમાંથી પરિણામ માઠું જ આવે. હક નથી કેમકે તેમ કરી આપણે બ્રિટિશ પ્રજાને સજા કરવાનો ઇરાદો રાખીએ છીએ, અને એવો ઇરાદો ત્યાજ્ય હોવો જોઈએ. આપણી ફરિયાદ

સરકારની સામે છે. આમાં પરિણામ પણ માઠું આવે, કેમકે ખિલાફત જેવા સવાલનો સંતોષકારક નિર્ણય આપણે આખી દુનિયાનો મત આપણી તરફ દોરીને કરાવી શકીએ, અને બહિષ્કારથી તે મત આપણી વિરુદ્ધ જવાનો પૂરો સંભવ છે. એટલે જેટલે અંશે સહાય ન આપવાનું વ્રત સેવવા યોગ્ય છે, તેટલે જ અંશે બહિષ્કાર તજવા યોગ્ય છે. વળી અંગ્રેજ પ્રજામાં વેપારશક્તિ ભારેમાં ભારે છે. તે પ્રજા આપણને અનેક પ્રકારની યુક્તિથી પોતાનો માલ પહોંચાડી શકે છે. જાપાનની મારફતે પહોંચાડતાં તે પ્રજાને આવડે છે. એટલે બહિષ્કારનું પરિણામ અંગ્રેજી માલ બંધ કરતાં બીજા દેશોની સત્તા આપણા દેશમાં દાખલ કરવા જેવું થાય.

૨૩. બહિષ્કાર ગુસ્સાની નિશાની છે; સહાય ન આપવી એ આપણી દઢતાની નિશાની છે. બહિષ્કાર આપણી નબળાઇ સૂચવે છે; સહાય ન આપવી એ આપણી શક્તિ બતાવે છે. ખિલાફત જેવા મહાન્ પ્રશ્નોનો ઉકેલ આપણે આપણી નબળાઇથી નહિ, પણ આપણા બળથી જ લાવી શકીશું.

૨૪. અસહકારનું શસ્ત્ર મને એ જ રૂપે ખિલાફતનો પ્રશ્ન વિચારતાં જ જડ્યું. તે વિષે મને બહુ લાગી આવ્યું છે, કેમકે હું ચુસ્ત હિંદુ છું, જો સાત કરોડ મુસલમાનોથી મારા ધર્મને હું સુરક્ષિત રાખવા માગું તો મારે તેમના ધર્મને બચાવવા સારૂ મરણપથારીએ સૂવા પણ તૈયાર રહેવું જોઇએ. તેમ જ સર્વ હિંદુને માટે પણ જ્યાંસુધી હિંદુ-મુસલમાન એકદિલ ન થાય, ત્યાંસુધી સ્વરાજ્ય અર્થ વિનાનો આદર્શ છે; ત્યાંસુધી ગોરક્ષા અસંભવિત છે.

૨૫. સ્વાર્થે સર્વે મુસલમાન દગો દેશે એમ હું માનતો નથી. જેઓ ધર્મને માને છે, તે દગો દેતા નથી. હિંદુઓએ ઘણો ત્યાગ કર્યા છતાં તે ફળ્યો નથી એવો ઐતિહાસિક દાખલો મેં એક પણ નથી જાણ્યો. આજસુધી જે થયું છે તે તો વાણિયાનું સાટું થયેલું છે. આજના વ્યવહારમાં સાટાને અવકાશ જ નથી. હિંદુ પોતાનો

મુશ્કી વાત છે. જો મુસલમાન ભાઈઓનો કેસ નબળો હોત, તો હું તેમને સારુ મરવા તૈયાર ન થાત. તેમનો કેસ તદ્દન સાચો જાણવા છતાં હું શકથી કે બીકથી અળગો રહું, તો મારું હિંદુત્વ લાજે—મારો પાડોશીધર્મ જાય.

૨૬. ખિલાફત એ રાજ્યપ્રકરણી હથિયાર નથી એમ હું જાણું છું. ખિલાફતનો બચાવ કરવો એ સર્વ મુસલમાનોની ફરજ છે. હિંદુ તેને ધર્મ ન માને એ જૂદી વાત છે: ગાયને બચાવવી એ કંઇ મુસલમાન ધર્મ રૂપે ન માને. પણ સર્વ મુસલમાન જાણે છે કે તે હિંદુનો તો ધર્મ જ છે. તેમ સર્વ હિંદુએ જાણવું જોઇએ કે ખિલાફતનો બચાવ કરવો એ મુસલમાનનો ધર્મ છે. અલીભાઈઓની ધર્મપરાયણતા વિષે મને ભારે માન છે. કેવળ રાજ્યપ્રકરણી લાભ મેળવવાને ખાતર તેઓ ફકીરી ન લે. પણ ખિલાફતને બચાવતા ઇસ્લામની સત્તા અવશ્ય વધે. તેથી રાચવું એમાં કંઇ ગુન્હો નથી. મુસલમાન રાજી થાય જ; અને જો હિંદુધર્મની જાગૃતિ–ઉન્નતિથી ઇતરધર્મીઓએ રાજી થવું જોઇએ એમ આપણે માનીએ તો ઇસ્લામની ઉન્નતિથી આપણે હિંદુઓએ પણ રાજી થવું જોઇએ.

૨૭. ગુરુ નાનકે અને કબીરે હિંદુ–મુસલમાન બન્નેને એક કરવાનો પ્રયત્ન કર્યો હતો. તે ઇતિહાસ કોઈ અહિં રજુ નહિ કરે એવી હું આશા રાખું છું, કેમકે આજનો પ્રયત્ન ધર્મની એકતા કરવાનો નથી પણ ધર્મની ભિન્નતા છતાં દિલની એકતા કરવાનો છે. ગુરુ નાનક આદિનો પ્રયત્ન ધર્મમાં એકતા બતાવીને

બન્નેને એક બનાવવાનો હતો. આજનો પ્રયત્ન તિતિક્ષાનો છે. સનાતની હિંદુ ચુસ્ત રહે અને છતાં ચુસ્ત મુસલમાનને માન આપે, તેની સાચા દિલથી ઉન્નતિ ઇચ્છે, એ પ્રયત્ન છે. આ પ્રયત્ન નવો જ છે, પણ હિંદુવર્ગના મૂળમાં રહેલી એ ભાવના છે.

૨૮. આ પ્રયત્નને અંતે પણ માની લો કે મુસલમાન ભાઇઓ દગો આપે. એક વાત તો એ છે કે બન્નેનો અર્થ સદા કાળને સારૂ ઐક્ય જાળવવામાં જ સમાયેલો રહેશે. પણ એમ કહો કે ખિલાફત રૂપી વિશેષ અર્થ સર્યે મુસલમાન હિંદુનો વિરોધ કરવા મંડી જાય. આ બીકથી આજે તટસ્થ રહીએ તો તેમાં આપણે અંગ્રેજી રાજ્યની ગુલામી નભાવવા ઉપરાંત શો અર્થ સાધી શકીએ? અત્યારના પ્રયત્ને ધારો કે ખિલાફતનો બચાવ થયો, સ્વરાજ્ય મળ્યું અને પછી મુસલમાનોએ દગો દીધો તો થે શું? બાવિશ કરોડ હિંદુને મુસલમાન હંફાવશે? તેમનું આત્મબળ, તેમની તપશ્ચર્યા, તેમનો આજે કરેલો યજ્ઞ તેમને કંઇ જ સહાય નહિ આપે? પણ મુસલમાનો તો બહારથી બીજાને લાવીને આપણી સાથે લડે તો? હોય. તેથી પણ મર્દ કેમ ડરે? આજનો પ્રયત્ન સ્વાવલંબી–સ્વતંત્ર બનવાનો છે.

૩. પાડોશીધર્મ.

૧. આજે હું આખા હિંદુસ્થાનને આજીજી કરી રહ્યો છું તે એકલા વાણિયા બ્રાહ્મણને નથી કરતો, હિંદુઓને જ નથી કરતો, પણ હિંદુસ્થાનમાં ઢેડ, ભંગી, ધારાળા છે તે બધાને–મુસલમાન, પારસી, ખ્રિસ્તી એ બધાને–હું આજીજી કરું છું કે જો હિંદુસ્થાનને સુખી કરવાની તમારી ઇચ્છા હોય તો તમારો પહેલો ધર્મ એ છે કે તમારે જુદા જુદા ધર્મોની સાથે એકદિલ થઇને રહેવું, એ પાડોશીધર્મ છે.

૨. જો હું એક હિંદુ તરીકે ઇસ્લામ માટે મરી શકું, તો વખત આવ્યે હિંદુધર્મ માટે પણ મરી શકીશ. આમાં મારી પોતાની અને દેશની કસોટી રહેલી છે. સાત કરોડ મુસલમાન ભાઇઓ ઉપર મહાન્ ધર્મસંકટ આવી પડેલું છે. એક વિકરાળ સલ્તનત તેમના ધર્મને છિન્નભિન્ન કરવા બેઠી છે. આકાશમાં ચંદ્રમાને જેમ ગ્રહણ લાગે છે તેમ ઇસ્લામને આ સલ્તનતના ગ્રહણે ઘેર્યો છે. તેને તમે છોડાવો. ચંદ્રમાનું ગ્રહણ એ તો સ્થૂલ ગ્રહણ છે. એને છોડાવવું એ આપણા હાથમાં પણ નથી. મને આ ચંદ્રગ્રહણ જરા યે નથી ડરાવતું. મને અપવાસ નથી કરાવી શકતું. પણ આપણા આત્માને જે ગ્રહણ લાગ્યું છે, આપણું દિલ જે ગ્રહણમાં ઘેરાયું છે, તેનાથી હું ધ્રુજું છું. તે ગ્રહણને છોડાવવાનો ઇલાજ ઉપવાસ હોય તો હું ઇશ્વર પાસે માગું છું કે મને ઉપવાસ કરવાની શક્તિ આપો. આ ગ્રહણ છોડાવવાનો ઇલાજ આપઘાત હોય તો આપઘાત કરવાની શક્તિ પરમેશ્વર મને આપજો. હિંદુસ્થાનનો સુંદર ચંદ ઉજાસના ગ્રહથી ઘેરાયેલો છે. ઇસ્લામ ઉપર સલ્તનતની તલવાર ઝઝૂમે છે. આજે ઇસ્લામ –

પર તો હાલે હિંદુધર્મ પર. જે સલ્તનતે ઇસ્લામને દગો દીધો છે, જે સલ્તનતે પંજાબ મારફત સારા હિંદુસ્થાનને પેટે ચલાવ્યું છે, જેણે પંજાબ મારફત નાનાં નાનાં બાળકો પાસેથી જબરાઇથી સલામી કરાવી છે, અને તેમ કરતાં કરતાં જે સલ્તનત મારફતે એ છ-સાત વર્ષના બાળકના પ્રાણ ગયા છે, જે સલ્તનત નીચે દોઢ હજાર કે એક હજાર નિર્દોષ માણસોનાં ખૂન થયાં છે, તે સલ્તનત તે કેવી હશે? એ સલ્તનતનું ગ્રહણ આપણી ઉપર કેટલે દરજ્જે છે, તેનો હું તાગ નથી કહાડી શકતો.

૩. અંગ્રેજી સલ્તનતની હું એબ બતાવું છું તે સાક્ષી રૂપે બતાવું છું. એ સલ્તનતને ત્રિશ વર્ષ ખરા દિલથી સેવ્યા પછી મારી ખાત્રી થઇ છે કે એ રામરાજ્ય નથી, પણ રાવણરાજ્ય છે. આ સલ્તનત મને અત્યારે ભૂંડી લાગે છે તે મને કંઇ અંગ્રેજોનો તિરસ્કાર નથી; મને તિરસ્કાર સલ્તનતની સાથે છે. જ્યાંસુધી અંગ્રેજી સલ્તનત પશ્ચાત્તાપ કરતી નથી, હિંદુસ્થાનની સ્ત્રીઓની અને પુરુષોની પાસે માફી માગતી નથી, 'અમે તમારા નોકર છીએ અને નોકર તરીકે રાખો તો રહેવા માગીએ છીએ' એમ કહેતી નથી, ત્યાંસુધી હું એ સલ્તનતનાં હવાઇ જહાજો સામે અને મશીનગનો સામે મુકાબલો કરવાને તૈયાર છું. એના હવાઈ જહાજ કે મશીનગન મને નહિ ડરાવી શકે.

૪. [જ્યાંસુધી હિંદુ-મુસલમાન એકબીજાના ધર્મ પ્રતિ સહાનુભૂતિ બતાવે નહિ, તેને માટે મરવા પણ તૈયાર ન થાય, ત્યાંસુધી તેમના ધર્મ આ સલ્તનત નીચે સહિસલામત ભાગ્યે જ રહી શકે, અને તેથી જ મુસલમાનોની] લડતને મેં અપનાવી છે, કારણ હું માનું છું કે તેમની લડત નેક છે. તેમના સારામાં સારા આલિમો પાસેથી હું સમજ્યો છું કે ખિલાફત એ એક આદર્શ છે. તેને ખાતર તેઓ લડી રહ્યા છે, તેઓ કોઇ અન્યાય અગર અંધેરને ટકાવવાને જ ખાતર લડી રહ્યા નથી. તેઓ તુર્કોને

[illegible]

નથી. આપણે બન્ને, કોમ પોતપોતાના દીનના રૂડા નમૂના તરીકે હસ્તી ધરાવીએ છીએ. આપણામાંનો દરેક ખુદાનો સામો બંદો નિવડે એવું કરવાને બદલે બીજાઓ આપણા દીનને દીપાવે અને આપણે માટે જાન કુરબાન કરે એવી ઉમેદ આપણે બાંધ્યા છીએ!

૫. હિંદુઓ સમજતા હોય કે સાત કરોડ મુસલમાન હમવતની છે અને તેમની સાથે દુશ્મનાઇ કરીને તેઓ નથી રહી શકતા, તો તેઓ સમજશે કે તેમની ભારે મોટી ફરજ છે કે મુસલમાનોની સાથે રહીને જીવવું અને તેમની સાથે મરવાનો તેમણે નિશ્ચય કરવો. હિંદુઓ પોતાની ફરજ ભૂલીને કુરબાનીમાં ભાગ ન લે તો હું તેમને કહીશ કે જેમ મુસલમાનધર્મ જોખમમાં આવ્યો, તેમ કોઈ વાર હિંદુધર્મ પણ જોખમમાં આવે. યુરોપમાં મિત્રરાજ્યના પ્રધાનો સમજે છે કે યુરોપમાંથી મુસલમાનોનો પગ કહાડી શકાય છે, તેમ કોઈ દિવસ તેઓ એમ પણ ઇચ્છે કે હિંદુઓને ગુલામ બનાવી શકાય તો સારૂં. આપણને લાજમ છે કે જ્યાંસુધી મુસલમાન ભાઇ પોતાના ઇમાન અને દીન ઉપર કાયમ રહીને કુરબાની કરવા તૈયાર હોય, ત્યાંસુધી હિંદુસ્થાનની આઝાદી માટે મુસલમાનોની સાથે ઉભા રહેવું.

૬. આપણે જે રસ્તો પસંદ કર્યો છે તે ખુદાની તરફ જ આપણું મો ફેરવવાને આપણામાં દરેકને મજબૂત કરે છે અસહકારમાં આપણે એમ માનીને જ ચાલીએ છીએ કે આપણું સામેનો પક્ષ જેની સામે આપણે અસહકાર માંડ્યો છે અને જે પોતાની ગેરમુરાદને બર આવવા ઇચ્છે છે, તે તેટલા જ ગેરતરીકાઓથી આપણી જોડે કામ લેશે. આવી હાલતમાં સામા પક્ષની રીતો

નિરાળી જ રીતો અખત્યાર કરીને જો આપણે કામ લઇશું તો ખુદાના પ્યારા બનીશું. આમ જાહેર કરવામાં આપણો મોટો દાવો રહેલો છે અને જો આપણી કામ કરવાની રીતો સરકારની રીતોના કરતાં દેખીતી જ નિરાળી હશે તો ટૂંક મુદતની અંદર આપણે જરૂર ફત્તેહ હાસિલ કરીશું.

૭. આમ આપણી લડતની બુનિયાદ પૂરી અહિંસા છે, જ્યારે સરકારની આખરી પનાહ હિંસા છે. અને દુનિયામાં કોઇ પણ જોસ સામા જોસની જોડે ટક્કર ખાધા વિના પેદા થતું નથી, તેથી જો સરકારના જોસની સામે આપણે તેવું જ સામું જોસ નહિ ફેંકીએ તો આ સરકારને અટકી પડયા વિના બીજો રસ્તો નથી. પણ આને સારૂ આપણી અહિંસા જબાનમાં, દિલમાં તેમ જ કામમાં સરખી જ સાચી હોવી જોઇએ. અહિંસાના નુસખાને તમે વખત વર્તીને અખત્યાર કીધો હશે તો તેની ફીકર નહિ. તમારે માથે તો એટલી જ ફરજ છે કે જ્યાંસુધી એ ઇલાજ ચાલુ છે ત્યાંસુધી તમારે તે પર કાયમ રહેવું અને પોતીકા ઇમાનની ઉપર નજર રાખીને હિંસા કે ખૂનરેઝીનો ખ્યાલ સરખો દિલમાં આવવા દેવો નહિ. ઉલટું આપણે અખત્યાર કીધેલા અહિંસાના કાર્યક્રમ ઉપર આપણા દિલમાં પૂરેપૂરો યકીન વસવો જોઇએ. હું ઇચ્છું છું કે એકેએક મુસલમાન ભાઈ ગુસ્સાના દરેક મોકા પર પોતાના દિલ સાથે સમજી લે કે એક અહિંસાના જ જુસ્સા પર કાયમ રહીને આપણે પૂરી કામિયાબી હાસિલ કરી શકીએ એમ છીએ.

૮. મુલ્કની આઝાદી અને ખિલાફતનો બચાવ બન્નેને વાસ્તે અહિંસાના રાહમાં આપણા વિશ્વાસની આ કસોટી ગણાશે વળી હિંદુ–મુસલમાન વચ્ચેના સંપની પણ એક કસોટી ગણાશે અને આપણા પોતાના કાર્યક્રમ ઉપરના આપણા વિશ્વાસની પણ એ આમ કસોટી હશે. હું ફરી ફરી વાર મારો યકીન રજુ કરીશ કે પરદેશી કાપડનો સદંતર બહિષ્કાર કરીને એક મહિનાની અંદર આપણે બેધડકે આપણી મકસદ પાર ઉતારી શકીએ છીએ, કારણ

તેટલું કર્યે આપણે એટલે દરજ્જે તાકાત ધરાવતા થઇ જઇશું કે જો કદિ ત્યાર પછી પણ આપણને કાનુન તોડવાના પગલાં પર જવું પડે તો તે વખતે આપણામાં ખુનરેજીના જુસ્સાને કાબુમાં રાખવાની તાકાત અને વિશ્વાસ આવી ગયાં હશે.

જો આવી એકપક્ષી શરતોને ન્યાયી ગણે. વળી કારણ તો દુનિયામાં ઘણી વસ્તુઓ, જેને આપણે અન્યાયને નામે ઓળખતા થઈ ગયા છીએ તેને પણ ન્યાયી ગણવી પડશે.

૩. મુસલમાનોની અશાંતિએ હિંદુ અશાંત, હિંદુની અશાંતિએ મુસલમાન અશાંત એવો મિત્રતાનો કાયદો છે, એમ આપણું મન અશાંત થતાં જો આપણે ગુસ્સામાં આવી જઈએ, આવેશમાં ખૂનખરાબો કરીએ, તો બાજી હાથથી ગયેલી છે. પણ જો આપણે ખૂનખરાબો ન કરીએ, આપણામાં આપભોગ કરવાની શક્તિ છે એમ જણાવીએ તો બાજી હાથથી ગઈ છે એમ કહેવાય જ નહિ.

૪. આ સુલેહની શરતો સખાઈ જાય, તેથી મુસલમાનોએ અને સમસ્ત હિંદી પ્રજાએ હેરાનગત થવાનું મુદલ કારણ નથી. જો હિંદુસ્થાન પોતાનું કર્તવ્ય કરશે, તો આ શરતો ખરે જ ફરશે. તેને વિષે જરા પણ શંકા લાવવાનું કારણ નથી. એ ફેરવવા હિંદુસ્થાનને સારૂ માત્ર એક જ વસ્તુ છે, અને તે અસહકાર છે. અસહકાર એ ફરજ છે, કેમકે તેમ ન કરવામાં આવે તો હિંદુસ્થાન અધર્મમાં સહાયક થયું ગણાય. આ બ્રિટિશ સત્તનત પ્રત્યેક રૈયતની સહાયથી જ ટકી રહેલી છે.

૫. એક પછી શરતોને લીધે ખિલાફત બાબત ઘણા સવાલો થયા છે. અસહકારમાંથી ખૂનામરકી થશે એવો મત ઘણા બતાવે છે, અને જો તેમ થાય તો અસહકારથી શો લાભ? અસહકારમાં–જેમ બધા મહા કાર્યોમાં–જોખમો હોય જ. જિંદગી અખતરાઓ અને જોખમોથી ભરેલી છે. સાહસ વિના મોક્ષ પણ નથી મળતો. ભૂલથી ભરેલો મનુષ્ય માત્ર આટલું જ વિચારી શકે છેઃ અમુક કામ ન કરવામાં વધારે જોખમ છે કે કરવામાં અને જો કરવામાં ઓછું હોય તો તે બીજી રીતે પણ કર્યા વિના ન ચાલે તેમ છે કે કેમ?

૬. મારી દૃઢ માન્યતા છે કે જો અસહકારની વાત ન આવી હોત તો આજે ક્યારની ખૂનામરકી થઈ હોત અસહકારને

લીધે જ ખૂનામરકી અટકી છે. મુસલમાન ભાઇઓનું લોહી ઉકળી રહ્યું છે, પણ હિંદુ તેમના સાથી છે એ માન્યતાથી તેમણે ધીરજ રાખી છે. જ્યારે તેમ છતાં પણ ઈન્સાફ નહિ મળવાની ધાસ્તી લાગી, ત્યારે તેઓ વિચારમાં પડ્યા. હવે શું કરવું? કેટલાક ખૂનામરકીના વિચાર કરવા લાગ્યા. બૉયકૉટનો તુચ્છ વિચાર કર્યો. પણ તેઓ જોઇ શકયા કે બૉયકૉટ કરવા યોગ્ય હોય, તોપણ કરી શકાય તેવું નથી. તેટલામાં દિલ્હીની પહેલી જ કોન્ફરન્સમાં મેં અસહકાર સૂચવ્યો. તે તેઓએ એકી અવાજે ઉચકી લીધો.

૭. જો કોઇ પણ અસરકારક પગલું મારી નજરમાં દેખાતું હોત તો તેની તત્કાળ ભલામણ કર્યા વગર હું રહેત નહિ. સ્વરાજ્યની પ્રવૃત્તિ થોભાવી દેવાથી ખિલાફતનો ફડચો કરી લેવાય તેવું હોત, તો તેમ કરવાની સલાહ પણ હું આપ્યા વગર ન રહેત એટલું જ નહિ, પણ કરોડો મુસલમાન ભાઇઓને થઇ રહેલું દુઃખ હલકું કરવાને ખાતર અસહકાર સિવાય બીજો પણ કોઇ ઈલાજ મને જો જડે તો તે તત્કાળ અજમાવ્યા વિના હું ન જ રહું. પણ મારા નમ્ર અભિપ્રાય મુજબ ખિલાફતનો અન્યાય દૂર કરવાનો ટૂંકામાં ટૂંકો અને જલદમાં જલદ રસ્તો એક સ્વરાજ્ય પ્રાપ્તિ જ છે. તેથી જ મારે હિસાબે સ્વરાજ્ય એ ખિલાફતના ફડચાનો અને ખિલાફતનો ફડચો એ સ્વરાજ્યપ્રાપ્તિનો માર્ગ છે. જો ખૂનામરકીનો વિચાર છોડાય તો જ અસહકાર ચાલે. એક પણ ખૂન આપણે હાથે કે આપણી મારફતે થાય, તો હું તો નિકળી જ જાઉં. મુસલમાન ભાઇઓએ એ કબૂલ રાખ્યું અને જોયું કે ખૂનામરકી કરતાં પણ અસહકાર એ કેટલેક દરજ્જે બહુ જોરાવર હથિયાર છે. તેથી અસહકારનો પવન ફૂંકાવો શરૂ થયો અને આજે તે વ્યાપક વસ્તુ થઇ પડેલી છે, અને તેથી જ હિંદુસ્થાનમાં પરમ શાંતિ આપણે અનુભવી રહ્યા છીએ. જો અસહકારની ઉપર મુસલમાનોની નજર નહિ રહી હોત, તો આજે આપણે હિંદુસ્થાનમાં દુર્દશા જોઇ રહ્યા હોત એવો મારો દૃઢ અભિપ્રાય છે. સરકાર

ખૂનામરકીને દબાવી શકત એ હું માનું છું, પણ ખૂનામરકી થઇ તો હોત. અસહકાર છતાં પણ ખૂનામરકી થશે તો સરકાર આપણને દબાવી શકશે. સવાલ માત્ર એ જ છે કે ખૂનામરકી અસહકાર વિના થાત કે નહિ? તેનો જવાબ હકારમાં જ મળી શકે છે.

૯. ત્યારે હવે આપણે અસહકાર કરવાની બીજી રીતે જરૂર છે કે નહિ એ વિચારવું રહ્યું. ખૂનામરકી અટકી છે, તેટલા સારુ જ આપણે અસહકાર કરવા મંડી નથી જઇ શકતા. ઘણાં અકાર્યો દુનિયામાં થાય છે. તેને અટકાવવાના ઇલાજો પણ આપણને સૂઝે છતાં તે ઇલાજો લેવા આપણે આપણને બંધાયેલા નથી માનતા. હિંદુસ્થાનમાં જ ઘણે ઠેકાણે માણસો ઘાતકી કામ કરે છે. આપણે ત્યાં પહોંચી વળીએ તો અટકાવીએ છતાં આપણે ત્યાં પહોંચી વળવા નથી જતા, એ આપણી તાકાત બહાર છે. કેટલીક વેળા એવું બને છે કે એક ખરાબ કામ આપણે ઓછા ખરાબ કાર્યથી અટકાવી શકીએ છીએ, તોપણ એવું ઓછું ખરાબ કામ કરવાની આપણી ફરજ ઉપસ્થિત નથી થતી. તેથી આપણે અસહકારને બે રીતે તપાસવો પડશે. અસહકાર ઉચિત હથિયાર છે? તેનો જવાબ હું તો ઘણી વેળા આપી ગયો છું કે અસહકાર દોષિત નથી એટલું જ નહિ, પણ અમુક પ્રસંગે અસહકાર કરવો એ આપણો ધર્મ છે. વસ્તુતાએ અસહકારમાં કંઇ ખોટું નથી.

૧૦. ત્યારે આપણે તે શસ્ત્રનો ઉપયોગ આ પ્રસંગે કરવો કે નહિ એ વિચારવાનું રહ્યું. બીજા શબ્દોમાં કહીએ તો હિંદુએ મુસલમાનને એટલી હદ સુધી મદદ કરવી કે નહિ? ખિલાફતના મામલામાં મુસલમાનો ઇન્સાફના રસ્તા પર છે એ સૌ કોઈ કબૂલ કરે છે. મુસલમાનોના દુઃખમાં ભાગ લેવો એ હિંદુની દેખીતી ફરજ છે. મુસલમાનોની પાસે અસહકાર વિના બીજું હથિયાર નથી. ત્યારે હવે હિંદુ તેઓને ખરે દુઃખને સમયે એક કોરે બેસી

તટસ્થ રહી શકે છે? મારી અલ્પમતિ પ્રમાણે હિંદુ કરવા બંધાયેલા છે.

૧૧. ભગવદ્‌ગીતામાં આપણને શીખવવામાં આવ્યું છે કે બધાને સરખાં ગણીએ. હિન્દુ-મુસલમાન એ તો દેશની બે આંખો બરોબર છે, તેમની વચ્ચે વેરભાવ હોય નહિ. પણ જો આપણે એ મુસલમાનોનો તિરસ્કાર (અસહકાર) કરીએ, તેમની જોડે વેર કરીએ, તો આ સરકાર જે આજે એ મુસલમાનોનો ધર્મ લોપ કરવા બેઠી છે, આજે તેનો ધર્મ લોપ કરી શકે છે તે આવતી કાલે આપણો ધર્મ પણ કરી શકે.

૧૨. સલ્તનતનાં બધાં કાર્યો સલ્તનત નીચે રહેનારી રૈયતની સહાયથી જ થાય, પછી ભલે એ સહાય રૈયતની ઇચ્છાએ આપવામાં આવેલી હોય કે બળાત્કારે. બળાત્કારને વશ ન થવું એ સત્યાગ્રહનું મુખ્ય ચિહ્ન છે. એટલે જ્યાં પ્રજામાં સત્યાગ્રહનો કંઈ પણ અંશ હોય, ત્યાં પ્રજા બળાત્કારને વશ થતી નથી અને સત્યાગ્રહી પ્રજાની પાસેથી, રાજ્યકર્તા કળેથી એટલે પ્રજાને રીઝવીને કામ લઇ શકે છે. આ ખિલાફતના મામલામાં પ્રજા નથી કળને કે નથી બળને વશ થઈ શકતી. તેથી જો મુસલમાનોની લાગણી ખરેખરી દુભાઈ હોય, તો તેઓ સલ્તનતને સહાય તો ન જ દઇ શકે અને જો તેઓ સહાય ન દે તો હિંદુથી સહાય કેમ દઇ શકાય?

૧૩. સત્યાગ્રહ હથિયાર વડે દક્ષિણ આફ્રિકામાં અમુક કાયદાની સામે લડત થઇ હતી. તે સંપૂર્ણતાએ જીત્યા. એશિયાટિક કાયદો રદ કરાવવો, ઇમિગ્રેશન કાયદામાંથી રંગભેદ કઢાવવો, હિંદુ તથા મુસલમાન વિવાહનો સ્વીકાર કરાવવો અને ત્રણ પાઉંડનો કર નાબૂદ કરાવવો—એ માગણીઓ એક પછી એક થયેલી અને તે બધી ત્યાંની સરકારને કબૂલ કરવી પડી.

૧૪. આને હું પૂરી જીત માનું છું, પણ મોટામાં મોટી જીત તો એ થઇ કે સત્યાગ્રહથી જ હિંદી પ્રજા દક્ષિણ આફ્રિકામાં પોતાનો

પગ રાખી શકી. તેથી જ બીજા સંસ્થાનોમાં હિંદીઓ ઉપરનો હુમલો કંઈક ધીમો પડ્યો. તેથી જ દક્ષિણ આફ્રિકાના હિંદીઓ આખી દુનિયામાં પંકાયા. એશિયાટિક કાયદો એ હિંદીઓનો સદંતર નાશ કરવાનું પ્રથમ પગથિયું હતું. તે મૂકાતાં જ ઉખેડી શકાયું. તેવું જ આપણી અહિંની લડતને વિષે સમજવું જોઈએ. ખિલાફતની માગણી સ્વીકારાય, તો તેથી કંઇ કોઈ દિવસ હવે પછી ખિલાફત ઉપર ભય નહિ આવે એમ નહિ થાય. સ્વરાજ્ય મળ્યા પછી તે પાછું આપણે કોઇ દિવસ નહિ જ ખોઇએ એમ નહિ થાય. જે હથિયારથી જે વસ્તુ મેળવાય તે: વસ્તુ તે હથિયારની હસ્તી હોય ત્યાંસુધી જ રાખી શકાય. આત્મબળથી મેળવેલી વસ્તુ તે બળ ક્ષીણ થતા આપણે જરૂર ખોવાના. સંયમથી મેળવેલું આરોગ્ય નિયમોના ભંગ કરી ગમે તે ખાવાપીવાથી ક્ષણમાં ખોઇ નાખીએ. સત્યાગ્રહ અને તેની શાખા અસહકાર એવાં શસ્ત્રો છે કે તેના ઉપયોગ વિષે હારને સ્થાન જ નથી. મરણાંત સુધી લડયા કરે છે તેને હાર કેવી? જીવતા માણસને 'હાર્યો' કહેવડાવવામાં હાર છે. રણમાં પડેલા યોદ્ધાને હારેલો કોણ કહે? જે સત્યાગ્રહી પોતાના આગ્રહને છોડતો જ નથી, તેને હરાવનાર આ જગતમાં કોઇ છે જ નહિ. આત્મા એ જ આત્માનો શત્રુ છે અને મિત્ર પણ છે.

૫. પંજાબના અત્યાચારો.

૧. આ સરકારે ઇસ્લામને દગો દીધો, અને પંજાબનું નાક કાપ્યું. પંજાબ તો આપણું શિર; આપણા ઋષિ મુનિઓ જ્યાં વસ્યા તે એ દેશ. એ દેશના લોકોને એમણે ચાબૂકે માર્યા, પેટે ચલાવ્યા, એમની સ્ત્રીઓના બુરખા ખેંચ્યા, સાધુઓના કપડાંને ધોળી પીંછીથી રંગ્યાં, એક હજાર માણસના પાછળથી ગોળી મારી ખૂન કર્યા; એ સરકાર હવે કહે છે કે એ તમે ભૂલી જાઓ. હજાર માણસની કતલ થઇ તેનો મને જખમ નથી. પણ કારી ઘા લાગે એવું તો એણે બીજું એ કહ્યું કે એ બધામાં હિંદુસ્થાનનો જ દોષ. પોતે ખરાબ છતાં હિંદુસ્થાનને જ ખરાબ કહ્યું. પોતે કાંઈ નથી કર્યું, એ તો માત્ર જનરલ ડાયરની સહેજ ભૂલ થઇ એમ કહે છે. એને માટે નથી એને પશ્ચાત્તાપ કે નથી માફી માગવાની વૃત્તિ.

૨. પંજાબના કિસ્સાથી આપણે શું શીખ્યા? આપણા એક પંજાબી ભાઇને જે દિવસે અમૃતસરની પેલી ગંદી ગલીમાં પેટે ચાલવું પડ્યું તે દિવસે આખું હિંદુસ્થાન પેટે ચાલ્યું; જે દિવસે જલિયાંવાલાની એક નિર્દોષ ઓરતનો ઘુંઘટ એક ઉદ્ધત અંગ્રેજ અમલદારને હાથે ખેંચાયો; તે જ દિવસે હિંદના આખા સ્ત્રીવર્ગની ઇજ્જત ઉપર હાથ નંખાયો; અને નાજુક વયના કુમળાં બાળકોને પંજાબમાં માર્શલ લૉ હેઠળ જ્યારે દિવસના ચાર ચાર વેળા ખરા બપોરના તડકામાં યુનિયન જૅકને સલામ કરવા પગે ચાલતા જવા ફરજ પાડવામાં આવી અને જેને પરિણામે બે સાત-સાત વર્ષના બાળકોએ પ્રાણ તજ્યા, તે જ દિવસે આખા હિંદુસ્થાનનાં બાળકો પર સીતમ ગુજર્યો.

૩. અમૃતસરમાં ભરાયેલી કે બીજી કોઈ પણ શાંત સભાઓ તે ચાહે તેટલી ગેરકાયદે ગણવામાં આવી હોય, તોપણ બીજા કોઇ પણ દેશમાં અગર અત્યાર અગાઉ આ દેશમાં પણ બળ વાપરીને વિખેરી નાખવામાં આવી હોય એ માનવાની હું ના પાડું છું. આવી સભાઓ કે મંડળીઓ સાથે તેના બોલાવનારાઓને અગર તો જરૂર જણાય, તો તેમાં હાજરી આપનારાઓને સુદ્ધાં બોલાવી મગાવીને અને તેમને જેલમાં મોકલીને કામ લેવામાં આવ્યું છે. સર્વ પ્રકારની શારીરિક સજા નાબૂદ કરવી એ હરકોઇ સુધરેલી કહેવડાવનારી સરકારના તંત્રનો મૂળાક્ષર છે, અને પ્રજાએ એ પણ ભૂલવું નથી જોઇતું કે આ બધી જાહેર સભાઓ હિંસા કે મારફાડનો ઉપદેશ અગર અમલ કરવાને સારૂ નહિ પણ એક કિમ્મતી પ્રજાકીય હકની રક્ષાને ખાતર કસોટીને સારૂ ભરવામાં આવે છે. વક્તાઓ અને શ્રોતાઓને પકડીને કેદ ભલે કરવામાં આવે પણ તેમના ઉપર શારીરિક હૂમલા કરવા અને તેમને જમીનપર ઘસડવા એ બધાનો અર્થ શો?

૪. ટોળાંઓને હાથે એવું ચાહે તેટલું ગેરવર્તન થયું હોય, તોપણ નિરપરાધી અને શાંત માણસોની સામે શરીરબળના ઉપયોગનો તો એમાં કોઇ રીતે બચાવ જ થઇ શકે એમ નથી.

૫. આપણે પશુબળ ઉપર ખડી થયેલી આ સરકારને તોડી પાડીને તેની જગ્યાએ પ્રજાકીય ઈચ્છાને અનુસરનારી સરકાર ઉભી કરવા માગતા હોઇએ તો દુઃખ સહન કરવાની તેટલી જ અખૂટ શક્તિ કેળવવી રહી છે. એવી પ્રજાકીય સરકારના અમલ નીચે સુદ્ધાં બળનો ઉપયોગ તો થશે, પણ તે 'બીજા બધા દેશોની પેઠે' માત્ર તેમની જ સામે થશે કે જેઓ પ્રજાકીય સંકલ્પને પશુબળ દ્વારા અટકાવવાનો પ્રયત્ન કરશે. યુરોપના દેશોની બધી સરકારો પશુબળ ઉપર જ ખડી થયેલી છે એમ કહીને હિંદી પ્રધાને આપણા મૉડરેટ ભાઇઓની કેવળ દિલાજૂલ કરાવવાનો જ પ્રયત્ન કર્યો છે. લંડન અગર પારીસ જોવામાં કોઈ પણ શાંત ટોળાને તેઓ કોઇ

ખાસ કાયદાનો ભંગ કરીને એકઠાં થયાં હોય, તોપણ જ્યાંસુધી તેઓ બળ વાપરવાને અગર તે બળના ઉપયોગની હિમાયત કરવાને ભેગા ન થયા હોય ત્યાંસુધી તેમને બળજોરીથી વિખેરી નાખવાની કોઈ સરકાર હિમ્મત કરી શકશે નહિ.

૬. મારે મન તો સરકાર આ બધાં પાપોનું પ્રાયશ્ચિત્ત ન કરે, ત્યાંસુધી તેના આશ્રય હેઠળ ચાલતી શાળા કૉલેજોમાં ભણવું એ નરક યાતનાઓ ભોગવવા સમાન છે. ત્યાંસુધી આપણામાં સ્વમાન જેવી કોઈ વસ્તુ હોય, તો જે સરકારની અદાલતોમાં પંજાબનાં સેંકડો નિર્દોષ માણસોને કેદની અને ફાંસીઓની સજા થઈ તેની અદાલતોનું આપણે મોં ન જોઈએ. એવી સરકારને સ્વેચ્છાએ મદદ કરવામાં અગર તેના તરફની મદદ સ્વીકારવામાં આપણે તેના ગુનાઓ અને પાપોના ભાગીદાર બનીએ છીએ.

૭. જ્યાંસુધી પંજાબને ન્યાય નથી મળ્યો, ત્યાંસુધી હિંદુ-મુસલમાન-ખ્રિસ્તી સર્વેનો ધર્મ છે કે અસહકાર કરવો. કુરાનશરીફમાં પણ એ વસ્તુ છે, તે માટે એમણે 'તર્કેમવાલાત' શબ્દ વાપર્યો છે.



૬. જલિયાંવાલા બાગ

૧. અમૃતસરમાં અમે જલિયાંવાલા બાગ જોવા ગયા. આનું નામ બાગ રાખેલું છે, તે ખોટું છે. જલિયાં એ અડકનું નામ છે. અને તેના મૂળ માલિકની અડક જલિયાં છે. આ 'બાગ' હાલ લગભગ ૪૦ ભાગીદારની મિલ્કત છે. તે બાગ નથી, પણ ઉકરડો છે. તેની ચારે મેર ઘરોની પછીત છે, અને પછીતની બારીમાંથી લોકો પોતાનો કચરો તેમાં ફેંકે છે. તેમાં ત્રણ ઝાડ છે અને એક નાની સરખી કબર છે. તે તદ્દન મેદાન છે. એક સાંકડી શેરીમાંથી તેમાં પ્રવેશ કરી શકાય છે. આ શેરીમાંથી જનરલ ડાયરે પ્રવેશ કર્યો. એટલે સને ૧૯૧૯ની તા. ૧૩મી એપ્રિલે મળેલા લોકો બાગમાં પૂરાઇ ગયા જેવું બન્યું. તે 'બાગ'માંથી ત્રણ ચાર જગ્યાએથી નિકળી શકાય તેવુ છે, પણ તે દિવાલ કૂદીને જ બની શકે. એમ કૂદીને તે દહાડે હજારો માણસો પોતાનો જીવ બચાવી શક્યા.

૨. [આ બાગ અસાધારણ વસ્તુ છે. આ બાગમા નિરપરાધી માણસોના પવિત્ર લોહીના ધોધ ચાલ્યા છે. તેથી હવે એ પવિત્ર સ્થાન બનેલુ છે. તેને] આપણુ યાત્રાના સ્થાન તરીકે ઓળખવા માગીએ છીએ.

૩. અમૃતસર કોંગ્રેસને વખતે હજારો માણસો બાગ જોવા ગયેલા, હજારો તો એ જ કામને સારૂ આવેલા. હરિદ્વાર હિંદુનું યાત્રા-સ્થાન છે, પણ તેમા જૈન, શીખ, અને બીજા જેઓ પોતાને

હિંદુ નથી ગણાવતા, તે નથી આવી જતા. મુસલમાન, ખ્રિસ્તી, યહુદીને સારૂ તો તે યાત્રાસ્થાન નથી જ.

૪. પણ જલિયાંવાલા બાગ હિંદુસ્થાનમાં જન્મેલા અને હિંદુસ્થાનમાં રહેનારા બધાને સારૂ પવિત્ર સ્થાન છે, અથવા આપણે બનાવવા માગીએ છીએ. એની ઉત્પત્તિ દ્વેષભાવમાં નથી, પણ નિર્દોષ મૂએલા તરફના પ્રેમ ભાવમાં છે. બાગનાં દર્શન કરીને આપણે જનરલ ડાયરની કઠોરતાને યાદ કરવા નથી માગતા. માણસો ભૂલ કરતા આવ્યા છે. તેની ભૂલ યાદ રાખી આપણે દ્વેષભાવ વધારતા નથી. પણ નિર્દોષ જીવોનું સ્મરણ ભૂલી જવાય, તો પ્રજા નાશ પામે. જે પ્રજામાં નિર્દોષ માણસો પોતાના વાંક વિના માર્યા જાય તે પ્રજાને ચડવાનો ભારે પ્રસંગ પ્રાપ્ત થયો કહેવાય. તેવા કાર્યને યાદ રાખી જો પ્રજા તેને ન સંઘરે તો જેમ ઉડાઉ પોતાના ધનની સંભાળ ન રાખી ભીખારી બની જાય છે, તેમ તે પ્રજા પણ ભીખારી બને અને જો તે ધનનો સંગ્રહ કરે તો જરૂર આગળ વધે.

૫. પાંચસો કે એક હજાર નિર્દોષ માણસો જો જ્ઞાનપૂર્વક મૃત્યુની ભેટ કરે, તો તેવાઓની પ્રજાની ઉન્નતિ એકાએક થાય અને તેનું પરિણામ એટલું મહાન્ આવે કે તે એક ચમત્કાર તરીકે અંકાય. જલિયાંવાલા બાગમાં જે રીતે નિર્દોષ માણસોનું મૃત્યુ થયું તેમાંથી આપણે ચમત્કારી પરિણામ ભલે ન નિપજાવી શકીએ, પણ તે બનાવ હિંદુ-મુસલમાનને એક કરવામાં, સમસ્ત હિંદુસ્થાનની જાગૃતિ કરવામાં આ જમાનામાં મોટામાં મોટો ગણાશે. એટલે તેને આપણે ચિરસ્મરણીય બનાવવો એ આપણી ફરજ છે.

૭. ચાંદપુરના અત્યાચારો

તુલસી [illegible]
મૂએ ઘેર [illegible]

૧. આસામથી [illegible] નેહાટી (બંગાળ) માં પ્રત્યક્ષ ભૂખમરો વેઠી રહ્યા હતા. તેમની આગળ ઉનો ઉનો ભાત પીરસવામાં આવ્યો. પણ જેવું એમણે સાંભળ્યું કે એ ચાવલ સરકારનો મોકલેલો હતો તે જ ઘડીએ તેમણે એ ભાતને હાથ સરખો અડકાડવાનો ઇન્કાર કર્યો! એમાં તેમને પાછા ચ્હાના બગીચાઓ પર લઇ જવાનો સરકારનો કંઇક પેચ હોવો જોઇએ એવી એમને ધાસ્તી લાગી. પણ સેવાસમિતિના માણસોએ જ્યારે તેમને વસ્તીમાંથી આણેલા ચાવલ આપ્યા, ત્યારે તેઓ એવા તો ભૂખ્યા ડાંસ હતા કે એ ચાવલને એમ ને એમ કાચા જ ખાવા બેઠી પડ્યા!

૨. જોકે ત્યાં પહોંચવા હું ઘણો ઇંતેજાર હતો, પરંતુ કોઈ પણ માણસને ગમે તેવું નાનું પણ જે નાકું સંભાળીને તે પોતાનું કામ બજાવી રહ્યો હોય, ત્યાંથી છૂટવાનો ઘટતો માર્ગ ન જડી આવે, ત્યાંસુધી તેને છોડીને ગમે તેટલું ભારે પણ બીજું નાકું સંભાળવા દોડી જવાનો અધિકાર ન હોઇ શકે. જવાનો માર્ગ મને ન જડ્યો. હું ત્યાં જઇ ન શક્યો

૩. અંતરાત્મા દરેક કોકાણે ઉડીને પહોંચવા ઉત્સુક છે, પણ શરીર અસમર્થ છે તેથી આવી આવી ઘટનાઓની વાતો જ્યારે જ્યારે મને પહોંચે છે, ત્યારે ત્યારે હું કેવળ સાંભળું છું અને સમસમી રહું છું

૪. પણ સદ્‌ભાગ્યે માણુસ જેટલો દુર્બળ છે, તેટલો જ પરમેશ્વર સમર્થ છે. એ અનંત સાધનો દ્વારા કાર્ય કરે છે. એના ભાથામાં એન્ડ્રુઝો અને દાસો પડેલા છે. હું તો એવી જ શ્રદ્ધા ધરીને સુખી થાઉં છું કે ઇશ્વર કોઇ દુખિયાને વીલો મૂકતો નથી. આપણે તો ઇશ્વરનું નામ લઈ નમ્રભાવે બની શકે તેટલી કાળજીપૂર્વક આપણને સોંપાયેલું કાર્ય કર્યે જઇએ એટલું જ આપણે જોવાનું છે.

૫. આસામના અત્યાચારે ભાઈ એન્ડ્રુઝને સરકારની સામે વળી એક નવું ભયાનક તહોમત આણવાની ફરજ પાડી છે. તટસ્થતા અને નિષ્પક્ષપાતપણાને નામે ગરીબ મજુરોની અત્યંત તાકીદની હાજતો સુદ્ધાં પૂરી પાડવા તરફ બતાવવામાં આવેલી નઠોરતા, ગુરખા લોકોએ વરસાવેલો ગોળીબાર અને એવા તદ્દન નિઃશસ્ત્ર નિરાધાર લોકોની સામે એવો ગોળીબાર કરવાની જરૂર ઉભી થયાનો સરકારનો હંમેશનો જરીપુરાણો બચાવ,—આ બધું સરકારને સાવ જંગલી અને કોઇ પણ જાતના આદર–માનને માટે તદ્દન નાલાયક તરીકે ઓળખાવે છે. ગુરખા સિપાઇઓને શા માટે મજુરો ઉપર શિકારી કૂતરાઓની પેરે છોડવામાં આવ્યા? સૌ કોઈ જાણે છે કે લશ્કરમાં કેટલાક લોકો તો કેવળ પશુ અને હેવાનની ઢબે વર્તવાને સારૂ જ કેળવેલા હોય છે. લશ્કરી લોકોને આમ નિઃશસ્ત્ર પ્રજા ઉપર છોડી મુકવામાં આવે, ત્યારે એનો અર્થ શું એ પ્રજા જાણે છે. દરેક જણ જાણે છે કે લશ્કરભરતીમાં જનારા લોકોમાં માણસજાતના કેટલાક દુષ્ટમાં દુષ્ટ નમૂનાઓ હોય છે. લડાઇના મેદાન ઉપર તેઓ કદાચ ખપના હતા હશે, પણ હડતાળિયા મજુરોને ઠેકાણે લાવવાના કામમાં તેમનો ઉપયોગ કરવો એ કેવળ તાલેવાન અને બળિયાનો ઉઘાડો પક્ષ કર્યા સમાન છે.

૬. સરકારને એક જ સૌથી મોટા સવાલનો જવાબ આપવો પડવાનો છે અને તે એ કે 'તમે ધનિકોનો–તાલેવાનોનો પક્ષ

[illegible]

અને. મેં ફેરવે એનું રહસ્ય જાલિમની મદદથી જીવવાનો ઇન્કાર નહિ તો બીજું શું હોય વારુ ? અને આવી શાંતિભરી હિંમત અને ત્યાગનો જુસ્સો જ્યારે આખા હિન્દુસ્થાનમાં વ્યાપી જશે, ત્યારે સરકારનું આવી બન્યું જ સમજવું. આપણે ખૂન લેવાની નહિ, કેવળ ખૂન આપવાની-મરી છૂટવાની-કળા શીખી લેવાની જ જરૂર છે. ખૂન લેવાને રસ્તે આપણે એક સરકારને દફનાવીશું, તો તેની જગ્યાએ બીજો તેવો જ દૈત્ય ઊભો થવાનો અને દીન હીન ગરીબ નિર્દોષ બિચારાં આજની પેઠે આમ ને આમ જ કચડાતાં રહેવાનાં.

૮ [હિંસક અને અશાંત તત્ત્વોને અર્થરહિત કર્યા વગર, સમજૂતી અથવા સ્વરાજ્યપ્રાપ્તિ પછી, કાયમની શાંતિ સ્થાપવી એ મુશ્કેલ છે] જે સિપાઇ ગાંડાતુર થઇ કુકરી સમજણ વગર ગાંડા જનાવરની પેઠે ફાવે તેમ દોડાદોડ કરે છે તે લશ્કરમાં રહેવાને નાલાયક છે આપણે આપણામાંના બધા બેતાલ અને બે-લગામ તત્ત્વો પર કાબૂ મેળવવો જોઇએ, અથવા તો સરકારનો કર્યો તેમ એવાં નિરંકુશ તત્ત્વોનો પણ ત્યાગ કરી દઇને તેમને એકાકી કરી મૂકવાં જોઇએ. આમ એક જ રીતે આપણે હડતાળિયાઓ તરફ સહાનુભૂતિ બતાવવાનુ અને તેમને મદદ કરવાનુ રાખવુ જોઇએ, અને તે એ કે જ્યારે જ્યારે જે દુઃખો માટે તેમણે હડતાળ પાડી હોય તેના

વિશે શંકાને સ્થાન ન હોય, ત્યારે તેમને ધનધાન્ય ઇત્યાદિથી બનતી મદદ પહોંચાડીને આપણે તેમને તેમની લડતમાં ટટ્ટાર અને મક્કમ રાખવાને બનતું કરવું. બીજી બધી હડતાળોને અટકાવવાને આપણે આગ્રહપૂર્વક મથવું જોઇએ. આપણે મૂડીનો કે મૂડીવાળાઓનો નાશ નથી માગતા; આપણે તો મૂડીદારો અને મજુરો વચ્ચેનો નાતો સરખો કરવા માગીએ છીએ. આપણે તો મૂડીદારોને આપણી જોડે જોડવા માગીએ છીએ. આ સ્થિતિમાં એક હડતાળ પ્રત્યે લાગણી દર્શાવવા બીજી હડતાળો પડાવવી એ મૂર્ખાઇ લેખાય.



૮. અન્યાયી રાજ્યનીતિ

[illegible]

[illegible] શું હિંદુ [illegible] શું મુસલમાન, શું શીખ, [illegible] જૈન, [illegible] પારસી, [illegible] ખ્રિસ્તી [illegible] શું યહૂદી—જે જે કોઈ પોતાને હિંદી કહેવડાવે છે તે એ એક પક્ષે અને કોમે ખિલાફત અને પંજાબના અન્યાયનું નિવારણ કરવાનો પોતપોતાની ઢબે આગ્રહ કરેલો છે અને કરી રહ્યા છે. વાઈસરૉય સાહેબ પોતે હજુ ખિલાફતની તરફેણમાં મથી રહ્યાનું જાહેર કરે છે. એઓ હિંદી મુસલમાનોને અગર તેમના હિંદુ ભાઈઓને એ અન્યાય સુદ્ધાં ગળી વિસરી જવાનું નથી કહેતા એ ગનીમત છે.

૨. પણ પંજાબના અન્યાયને તો એઓ હવે સાફ વિસારી દેવાનું જ કહી રહ્યા છે! કેડિન કે કલૉરોફૉર્મ આપીને દર્દને હંમેશનું વિસારી દેવાનું દાક્તર કહે તેટલું જ આ અશક્ય છે. પંજાબનો ઘા એ વહેતો જખમ છે, અને વહેતો જખમ તેનું હાડનું ઝેર બધું જ સાફ ન નિકળી જાય, ત્યાંસુધી જેમ ન રૂઝાય તેમ પંજાબનો જખમ પણ તેના પશ્ચાત્તાપશૂન્ય બેઈમાન નોકરોને મળતાં પેન્શન અને તેમની ચાલુ નોકરીઓ રૂપી ઝેર સાફ ન ધોવાય, ત્યાંસુધી કોઈ રીતે રૂઝાય તેમ નથી. નામદાર વાઈસરૉય એમ માને છે કે અન્યાયી અમલદારોની ઉદ્યા

હોદ્દા ઉપર નિમણુંક જોઈને હિંદુસ્થાનને સુખ થયું છે? વાઈસરૉય સાહેબ પોતાની અને પોતાની સરકારની નિખાલસતા માટે તેમ જ તેમના હેતુઓ શુદ્ધ હોવા માટે યશ માગે છે. એ યશના એમને હક્કદાર માનીએ, તો પછી તેની સાથે જ એમ કહેવું પડે છે કે મુદ્દાની બાબતો વિષે સરકાર અને પ્રજાની દૃષ્ટિ વચ્ચે ધરમૂળનો જ તફાવત છે. અને જ્યાંસુધી વાઈસરૉય સાહેબ અને તેમની સરકાર ચાહે તેટલી નિખાલસતાથી પણ હિંદુસ્થાનને એમ કહી રહેલા છે કે જેમણે તેની જોડે ભલે તેની દૃષ્ટિએ પણ બેઈમાની કરીને પોતાનું લૂણ હરામ કીધું, તેમનાં પેન્શન ચાલુ રહે અને તેઓ પોતાના હોદ્દાઓ ઉપર કાયમ રહે કે પ્રમોશનો મેળવે એ બધું તમે મીઠું કરીને માની લો અને ગયાગુજરી વિસરી જાઓ, ત્યાંસુધી સરકાર અને પ્રજાને એક થવાનો કશો જ સંભવ નથી. જો અમને જવાબદારીભરી સત્તા મળ્યાની હકીકતમાં લેશ પણ સત્યનો અંશ હોય, તો જેમણે અમારૂં ભયાનક બૂરૂં કીધું એમ અમે માનતા હોઈએ, તેમને નોકરીમાંથી કહાડી નાખવા પૂરતી પણ શું અમને સત્તા ન હોય? મને તો આ બે મહાન્ અન્યાયની સૌ પહેલી ભરપાઈ એ એક જ એવી કોઈ પણ સત્તાની એકમાત્ર સાચી કસોટી લાગે છે.

૩. ખિલાફતના પ્રશ્નમાં થઈ રહેલો અન્યાય સરકાર કબૂલ કરી રહી છે. પંજાબનો અન્યાય તો નિર્દોષોનાં લોહીથી લખાયેલો છે. અમે પણ કબૂલ કરી લીધું કે અમે અમૃતસરમાં, કાસૂરમાં ગુજરાંવાલામાં પાપ કર્યાં. એની ભરપાઈ પણ અમારે ગળાસુધી કરવી પડી. અમે પેટે ચાલ્યા, નાક ઘસ્યાં, લાતો ખાધી! અમારા આત્માને દબાવી કહાડવાના પ્રયત્નોમાં મણા ન મૂકાઈ. દોષી, નિર્દોષી સૌ કોઈને સામટા ફાંસીને લાકડે લટકાવવામાં આવ્યા! અમે જાતે અમારાં પાપનો ખુલ્લે મોંએ અનેક સભાઓમાં જાહેર એકરાર કર્યાં. અપરાધી અમલદારોની તેવી કશી નામોશી કરવાની તો અમારી માગણી જ નથી. અમે તો એટલું જ માત્ર માગી રહ્યા

હોત અને ચાહે તેમ થાય તોપણ હિંદુસ્થાનનો કબજો હાથથી ન જવા દેવાનો આગ્રહી હોત, તો હું પોતે પણ કદાચ એમની પેઠે જ માનત. પણ હું એમ માનું છું કે જ્યાંસુધી એવું વલણ કાયમ છે, ત્યાંસુધી એવી સરકાર અને પ્રજા વચ્ચે સહકાર એ અશક્ય વસ્તુ છે. દેશના તંત્રમાં સરકાર જોડે સહકાર કબૂલ કરવામાં એમના ઉપલા વલણનો સ્વીકાર કઇ રીતે સમાયેલો છે એ વાતનું એકમાત્ર અસહકાર જ સરકારને ભાન કરાવશે.

૪. જો પંજાબ અને ખિલાફતના ઇન્સાફ મળી જાય તો સ્વરાજ્યની લડતનું બાકીનું કામ હું બીજા આગેવાનોને સોંપી દઈ નિવૃત્ત થઇ જાઉં કારણ હિંદુસ્થાન જે દહાડે આ બે મહાન્ અન્યાયોનો ઇન્સાફ મેળવી લેવા જેટલું સામર્થ્ય બતાવી શકશે હશે તે દહાડે પછી સ્વરાજ્ય સ્થાપવું એ તો માત્ર માગ્યું મોકલી દેવા ખબર આપવા જેવી જ વાત રહી હશે. દરેક અન્યાયનો ઇન્સાફ મેળવવાની અને પ્રવરશાહી તેમ જ લૉઇડજ્યૉર્જશાહી ન થવા દેવાના લોકોમા શક્તિ આવે એટલે એથી સ્વરાજ્ય કઇ બીજુ જુદું એમ મને નથી લાગતું. માઇકલ ઓડવાયરનો પંથ જાલિમનો છે અને લૉઇડ જ્યૉર્જનો વિશ્વાસઘાતનો છે આ બે પંથ રૂપી દૈત્યોનો આપણે પહેલો નાશ

કરીશું ત્યારપછી જ આપણે સ્વરાજ્ય ચલાવવાને લાયક હોઇ પંજાબ અને ખિલાફતનો પ્રથમ ફડચો થયા સિવાય ? જાતની સમાધાની થવી અસંભવિત છે. સ્વરાજ્યની યોજનાઓ ઉ ચર્ચા કરવાનો સમય કોઇ પણ જાતની સમાધાનીમાં અત્ય અંતરાય રૂપ એવા આ બે મહા અન્યાયો દૂર થયા પહે સંભવતો જ નથી. એ અન્યાયો દૂર થવાની આશા ન હોય પછી હિંદુસ્થાનને સંપૂર્ણ સ્વાધીનતા સિવાય બીજું ધ્યેય જ હોઈ શકે.



૯. અન્યાયની ભરપાઇ.

---

૧. બ્રિટિશ સત્તામાં ભૂલને અવકાશ જ નથી એ હંમેશનો દાવો પોતાના ભાષણમાં નામદાર વાઇસરૉય પોતે પણ કરી લેતાં ખંચાયા નહિ. આ દેશમાં જાતીય અસમાનતા એટલે કે કાળાગોરાની મોટપ–નાનપના ભેદનું નામનિશાન સરખું ન જ હોઇ શકે અને ન હોવું જોઇએ એ વાતને તો એમણે અબાધિત સિદ્ધાંત રૂપે, 'હાંકના-ઇશાકાની સાવ બહારની' તરીકે જ ગણાવી ! હું તેઓ નામદારને નમ્રપણે કહેવાની રજા લઉં છું કે આજના હિંદીને માટે આના જેટલી હડહડતી ખોટી અને બનાવટી વાત બીજી એકે નથી. કારણ તેનો જાતિઅનુભવ—પછી તે પોતે ગમે તેવડા મોટા દરજ્જાનો હિંદી કેમ ન હોય—એ દાવાને ડગલેડગલે જૂઠો પાડે છે. હરકોઇ સામાન્ય અંગ્રેજની સામું જૂઓ. પોતાની જાતિની વડાઇના ખ્યાલ પાછળ તેને ઘેલો જોશો. એ ખ્યાલ આજે એનો લગભગ ધર્મ થઇ પડ્યો છે. વળી તે પોતાના આ ખ્યાલને ઢાંકવાની પણ કશી જ જરૂર જોતો નથી. જેમ વસાહતોમાં તેમ આ દેશમાં પણ એ ખ્યાલ ડગલે ને પગલે અંગ્રેજો ઉપર સવાર છે. કાયદાપોથીમાં પણ એ મોજૂદ છે. ભૂતકાળની અનેક ભૂલોને માટે ખુલ્લા દિલનો એકરાર અને તેને પરિણામે 'જાગ્યા ત્યાંથી સવાર' ગણી નવે ચોપડે નવા પાનાથી શરૂઆત કરવાની નિખાલસતા સરકારમાં સાંપડતી નથી.

૨. હિંદી સરકારને સૂચવવાની રજા લઉં છું કે જો તે નામદાર અસહકારીઓને નિઃશસ્ત્ર કરી મૂકવા આતુર હોય તો સર્વે પ્રકારની રાજ્યદ્વારી ચાલાકી છોડી દઇ સાવ નિખાલસ વૃત્તિ અખત્યાર કરવી

એ જ તેમને માટે એકમાત્ર ધોરીમાર્ગ છે. અસહકારીઓ આશ્રય કે રક્ષણની શોધમાં નથી; તેમને તેની જરૂર પણ નથી. અને સરકાર પણ અધિકારીવર્ગના ગુન્હાઓને ઢાંકવાનો પ્રયત્ન ન કરે એવી સામી આશા હું તેમની પાસેથી રાખું.

૩. હકીકત એ છે કે શું આજના હિંદુસ્થાનમાં કે શું આવતી કાલે ઘડાઇ તૈયાર થનારા હિંદુસ્થાનમાં, અધિકારનો દોર ચલાવનારા વર્ગને સારૂ હવે સ્થાન રહ્યું નથી. તેથી વાઇસરૉય સાહેબ પણ જો "એવા ઇન્સાફના પાયા ઉપર રચાયેલું જે રાજ્ય અહિં ચલાવવાનો અમારો (અંગ્રેજોનો) ઇરાદો છે તેને હિંદીઓ પૂરા દિલથી ઝીલી લેશે" એ પોતાની માન્યતાને વળગી રહેશે, તો તેમને તરત જ પોતાની ભૂલ જડી આવશે. હું ભવિષ્ય કહું છું કે હિંદના ભાવિ ચણતરમાં હવે અંગ્રેજોના હેતુઓ શું છે અને તેઓ શું ઇરાદો રાખે છે તેને હિસાબમાં વજન નહિ મળે; હિંદીઓ પોતે શું ઇરાદો રાખે છે, તેનો જ હિસાબ ગણાશે. પોતાનો કારભાર ગમે તે રીતે પણ જાતે ચલાવવાનો તેઓ વધુ અને વધુ આગ્રહભર્યો દાવો કરી જ રહ્યા છે. ગમે તેટલું સુંદર સુરાજ્ય પણ સ્વરાજ્યની ગરજ સારી શકે નહિ એ તેઓ હવે જોતા થવા લાગ્યા છે.

૪. ભવિષ્યના કોઇ એક અચોક્કસ કાળે હિંદને માટે ઉજ્જવળ ભાવિ સરકાર જોઇ રહી છે, જ્યારે બધા હિંદીઓ નહિ તો ઓછામાં ઓછું અસહકારીઓ તો એકેએક એમ જ માનનારા છે કે હિંદનું ભારે ઉજ્જવળ ભવિષ્ય અત્યારે આ ઘડીએ પણ ચાલુ રાજ્ય તંત્રને હાથે છિન્નભિન્ન થઇ રહ્યું છે. કારણ એ રાજ્યતંત્ર જ પ્રજાને સદાને માટે નહિ, તોપણ કાળના કાળ સુધી ગુલામીમાં ડૂબેલી રાખવાની ખાસ કુંચીઓ સાથે હેતુપૂર્વક તૈયાર કરવામાં આવ્યું છે. કેટલીક વાર બે દૃષ્ટિ વચ્ચેનું અંતર જ તેના આદર્શને પણ એકબીજાથી જૂદા પાડી દે છે, તેમ જ્યારે કોઇ વ્યક્તિ હિંદને

[illegible] આરોને [illegible]
[illegible] માનવની દિખાવ [illegible]
[illegible] આરોપી એ આરો [illegible]
[illegible] કરેલા તેમ હિંદુસ્થાનનો
મળપુર્યાનો [illegible] હક હોવો જોઈએ [illegible] એ હકના ભોગવટાથી [illegible]
[illegible] એને વંચિત રાખવામાં આવ્યું છે, તેથી [illegible] પ્રશ્નમાં [illegible]
[illegible] જોવામાં આવે એમાં નવાઈ શી? [illegible]

[illegible]

[illegible] આટલી ચર્ચા પછી [illegible] સમજાશે કે કર્યાના પ્રાયશ્ચિત્તરૂ[illegible] આવનાર હરકોઈ પગલાને વિષે [illegible] પૂરું ભરી કહાડવા જેવું પરંતુ દેખાતું હશે અને કેટલાકનું તે તોપણ એકામાં ઓછું અસહ[illegible]યોગની શુદ્ધતા વિષે શક જ રહેવાનો. તેઓ તો એવા પ્રયત્નમાં હિંદને ગુલામીની યાતનાઓમાં રાખવાની મુદત બની શકે તેટલી લંબાવવાનો હેતુ જ જોશે. હિંદુસ્થાનમાં અંગ્રેજી રાજ્યને આજે કલંક લાગ્યું છે. જલિયાંવાલાના નિર્દોષ શહીદોનાં ખૂન અને ઇસ્લામના દ્રોહના તેને ડાઘ લાગ્યા છે; અને જેમ ચોકખું દૂધ પણ ઝેરવાળા કટોરામાં પડતાં હરકોઈ વિચારશાળી માણસ તેને ઝેર જ કહે, તેમ બ્રિટિશ સરકારના પણ એકેએક કૃત્ય સામું હિંદુસ્થાનમા આજે તેની (ઇંગ્લાંડની) અત્યારની ઇજ્જતને હિસાબે જ હરકોઈ દ્વારા જોવાય એ દેખીતુ છે. હિંદુસ્થાનની અશાંતિ એ અશાંતિનાં મૂળ કારણો શોધી કહાડીને તેને જ દૂર કર્યાથી અગર તો છેવટ તેનો ઇલાજ કર્યાથી જ મટી શકે એમ છે; ગમે તેવી ભારે પણ ચાર હકો કે છૂટોની મધલાળથી, આજની કડવાશને ઢાંકવાનો પ્રયત્ન કર્યાથી નહિ. જેના શરીરમાં રાજરોગે ઘર કર્યું છે, તેને બહારથી મુંડ ચોળ્યે શી ફળ વળવાની હતી?

૬. [હિંદી પ્રજાની અશાંતિનું મૂળ પંજાબ, અન્યાયો છે.] પંજાબને વિષે આપણી એવી કંઇ માગણી જેનો સ્વીકાર કરવો સરકારને સારૂ અશક્ય છે? શૌકતઅલી અને સર માઇકલ ઓડવાયર બન્ને પેન્શનની એક જ પ્રકારના અમલદાર હતા. છતાં મૌલાના શૌકત પેન્શન રદ કરતાં સરકારે કોઇને પૂછયું નહિ. પણ સર ઓડવાયર અને જનરલ ડાયરનાં પેન્શન બંધ કરવાં સરકાર ભારે પડે છે, કારણ સીધું છે. જેને સરકાર ભલા રાજ્યના ખેરખ્વાહ માને છે, તેને આપણે દુશ્મન માનીએ છીએ. સરકાર સર માઇકલ અને જનરલ ડાયરની ભૂતકાળની નોકરી ભૂલી જવા નથી માગતી, જ્યારે આપણે મન તેઓની આગલી ચાકરીની કિમ્મત કંઇ જ નથી અને પંજાબમાં સને ૧૯૧૯ની સાલમાં તેઓએ હિંદુસ્થાન પ્રત્યે કરેલી બેવફાદારી આપણને આજે પણ સાલે છે.

૭. હું ખાત્રીપૂર્વક કહું છું કે આ સલ્તનત પંજાબ અને ખિલાફતના સંબંધમાં ઇન્સાફ નહિ આપે, તો જરૂર ઉખડી જશે. એ પણ કહું છું કે પ્રત્યેક હિંદીની ફરજ છે કે સચ્ચાઇ અને ઇન્સાફને રસ્તે રહીને બધાએએ સલ્તનતને ઉખેડવા માટે બનતું કરવું—એ જાલિમને નાબૂદ કરવું—એ ખુદાના હૂકમને માનવા બરોબર છે.

૧૦. સવાલજવાબ.

૧. સ૦—ખિલાફતને આપ સમજી શકતા નથી? કે હિંદુ અને મુસલમાન ધર્મ વચ્ચેનો અનિવાર્ય વિરોધ ઢાંકવા માગો છો?

જ૦—ખિલાફતને હું ન સમજું એ બને–જોકે મેં યથાશક્તિ અભ્યાસ તો કર્યો જ છે. મુસલમાન અને હિંદુ ધર્મ વચ્ચે અનિવાર્ય વિરોધ છે એમ હું માનતો નથી. જો હોય તો તેનો અર્થ એમ થયો કે હિંદુ–મુસલમાને તો હમેશના દુશ્મન રહેવું રહ્યું. માણસજાતે હંમેશાં અરસપરસ દુશ્મન રહેવું જોઇએ એમ હું માનતો નથી. ખલીફાએ દશ વર્ષમાં એક વખત ધર્મને ખાતર યુદ્ધ કરવું જ જોઇએ એવો નિયમ હું જાણતો નથી. ક્રુઝેડ પછી ધર્મને ખાતર યુદ્ધ થયાનું મેં જાણ્યું નથી. આફ્રિકામાં મેં કંઈ એવું નથી જોયું કે જેથી જઝીરત–ઉલ–અરબનો કબજો મુસલમાનોનો ન હોવો જોઇએ એવું મને સૂઝે.

૨. સ૦—મુસલમાનોને ખિલાફતનું કંઈજ લાગતું નથી. તમે જ ઘોંચીઘોંચીને તેમને જગાડ્યા છે. શું મુસલમાનો ધારાસભાના ઉમેદવાર નથી થયા? શું ધનવાન્ અને ભણેલા મુસલમાન તમારી ચળવળમાં ભાગ લે છે?

જ૦—મેં મુસલમાનોને જગાડ્યા છે એવો દાવો મારાથી થાય જ નહિ. તેઓને જગાડનાર તો અલી ભાઇઓ છે. મેં તો મારો ધર્મ જાણી તેમને મારી મદદ આપી છે. ભણેલા આદિ મુસલમાનો પોતાનું ભાન ભૂલ્યા છે એ નવાઇની વાત નથી, એ આ જમાનાની તાસીર છે. આમ મુસલમાન અલી ભાઇઓની સાથે જ છે.

૩. સ૦—બીજા ખંડના મુસલમાનોને આ સવાલમાં લાગતું નહિ હોય? કે ભરતખંડના મુસલમાનોએ જ આ ઇજારો લીધો છે?

જ૦—બીજા પોતાની આબરૂને વેચી આવે, માટે આ પણ વેચવી? પણ આ વસ્તુસ્થિતિ તો જૂદી છે? બીજે ઠેકાણે પણ વિરોધાગ્નિ સળગી રહ્યો છે. આપણને કોણ સરખી ખબર આપે છે? આપણી પાસે જે આવે છે, તે પણ બધી ટાળંટોળ માહિતી આવે છે. બાકી જેટલી માહિતી મળે છે તે ઉપરથી પણ ઉસ્તાદો તો સમજી ચૂકયા છે કે મધ્ય એશિયામાં ભયંકર દાવાનળ ભભૂકી રહ્યો છે. હા, એમ હોય કે બીજે ઠેકાણે અહિંની માફક મુસલમાનો સંગઠિત નથી, તેથી પણ ત્યાંની પરિસ્થિતિની ઓછી ખબર પડે. પણ હિંદી મુસલમાનો આટલા સંગઠિત છે એ તો તેમને શોભાવનારી વાત છે. હજુ કેટલેક ઠેકાણે ખિલાફતના સંબંધમાં બરોબર સમજ ન હોવાનો પણ સંભવ છે, એટલે તેઓ અજ્ઞાનસંતોષમાં પડેલા હોય; પણ આપણે તેમના અજ્ઞાનના અંધારાં ફેડવાં પડશે.

૪. સ૦—બીજા ઇસ્લામી મુલકોનાં મુસલમાનો તો ખિલાફતની સામું યે નથી જોતા, ત્યારે હિંદુસ્થાનના મુસલમાનો ખિલાફત સંબંધમાં આટલું બૂમારણ મચાવવા કેમ મંડી ગયા છે તે તમે કહી શકો?

જ૦—હિંદુસ્થાન બહારના મુસલમાનો ખિલાફતની સામું નથી જોતા એમ હું જાણતો નથી. પણ તેઓ ન જોતા હોય અને હિંદના મુસલમાનો જૂએ તો મારે માટે તો એમાં આ વાતનો પૂરાવો છે કે હિંદુસ્થાનના મુસલમાનોમાં ધાર્મિક ભાવના બીજા કરતાં વધારે ખીલેલી છે.

૫. સ૦—તુર્કીની માગણી અનીતિમય વા ગેરવ્યાજબી છે, તો સત્ય અને ન્યાયના તમારા જેવા હિમાયતી તેને કેમ ટેકો આપે?

જ૦—મારા મત પ્રમાણે તુર્કીની માગણી કેવળ નૈતિક અને વ્યાજબી છે, ખાસ કરીને એટલામાટે કે તુર્કી જે પોતાનું છે, તે જ જાળવી રાખવા માગે છે અને મુસલમાનોએ ચોકખું જણાવ્યું છે કે

મુસલમાને ખિલાફતની પ્રજાના રક્ષણ માટે તુર્કી માગણી જે માગણીઓ
એવી હોય તે, યહુદી ખ્રિસ્તીઓને તેમ જ આરબોને પણ તુર્કીની છત્ર
નીચે સ્વરાજ્ય [illegible]
અમર ગેરવ્યાજબી [illegible]
માગણી છે જ [illegible]
નહિ; પણ આરબ [illegible]
કીથી આપવાની [illegible]
કરશે; આર્મીનિય [illegible]
આમળ ધરીને [illegible]
નિશ્ચિત પ્રયત્ન [illegible]

૬. સ૦—દલીલ ખાતર માનો કે તેમની માગણી વ્યાજબી છે, તોપણ તુર્કો અશક્ત, બાયલા, અને નિર્દય છે, તેથી તેઓ મદદને પાત્ર નથી એ શું ખોટું છે?

જ૦—તુર્કોને હું અશક્ત, બાયલા કે નિર્દય માનતો નથી. તેમનામાં અવ્યવસ્થા તો છે જ અને સારા સરદારો ન હોય એવો સંભવ છે. તેમને ભારે લશ્કર સામે લડવું પડયું હતું. જેમની સત્તા છીનવી લેવી હોય, તેઓ અશક્ત બાયલા કે ક્રૂર છે એવી દલીલ આપણે હંમેશાં સાંભળીએ છીએ. જૂલમ ન થવા પામે તેવી શરત પણ તુર્કો સાથે કરી શકાય તેમ છે.

૭. સ૦—ભલે તુર્કી જે માગે છે તેને માટે લાયક હોય, તોપણ હિંદુસ્થાનને આ આંતરરાષ્ટ્રીય તકરારમાં શામાટે નાખવું જોઇએ?

જ૦—હું કહી ગયો છું કે હિંદના મુસલમાનોની ખાતર જ હું તુર્કીના સવાલમાં પડ્યો છું. બાકી તો ઓસ્ટ્રિયાના કે પોલાન્ડના લોકો જેટલી જ મારે તુર્કીની પણ પડી હોય, પણ એક હિંદી તરીકે મારે મારા દેશી ભાઈઓના દુઃખમાં ભાગ લેવો જ જોઇએ. તેથી જો હું મુસલમાનોને મારા ભાઈ સમાન ગણું, તો તેમની માગણી મને વ્યાજબી જણાય એટલે તેમના દુઃખમાં મારે સહાય કરવી જ જોઇએ.

૮. સ૦—હિંદુસ્થાનના મુસલમાનોએ આ વિષયમાં માથું મારવું જોઇએ નહિ. હજી તેઓને રાજકીય મહત્ત્વાકાંક્ષા હોય, તોપણ તેઓ હવે પ્રયત્ન કરી ચૂકયા છે અને તેઓ નિષ્ફળ થયા છે, તેથી હવે તેઓએ હાથ જોડીને બેસવું જોઇએ. જો આ લડતને તેઓ ધાર્મિક લેખતા હોય તો અત્યારની પરિસ્થિતિ પ્રમાણે હિંદુઓને તેમાં કશું લાગતું વળગતું નથી. ખાસ કરી મુસલમાનો અને ખ્રિસ્તીઓ વચ્ચેનો ધાર્મિક કજીઓ તેમણે ઉછીનો લેવો જોઇએ નહિ એ શું ખરૂં નથી?

જ૦—આ પ્રશ્નમાં હિંદુઓ મુસલમાન સાથે કેટલે અંશે જોડાઈ શકે, તે સવાલ છે. આ એક લાગણી અને માન્યતાનો વિષય છે. એક વ્યાજબી લડતમાં-જો તેના સાધનો તેના હેતુ જેવા શુદ્ધ હોય, તો–મારે મારા મુસલમાન ભાઇઓ સાથે અંતસુધી લડવું જોઇએ. મુસલમાનોની લાગણી હું રોકી નથી શકતો. ખિલાફતનો સવાલ એ તેઓનો ધાર્મિક સવાલ છે અને તેને માટે તેઓએ પોતાના પ્રાણના ભોગે પણ ન્યાય મેળવવો જોઇએ એવું મુસલમાન ભાઇઓનું કથન મારે સ્વીકારવું જોઇએ.

૯. સ૦—સુલતાને તો સલાહનામા ઉપર મતું મારી દીધું છે. હવે આપણી ધમપછાડથી શો ફાયદો?

જ૦—સને ૧૯૧૮ માં લૉઇડ જ્યૉર્જે આપેલું વચન સૌને યાદ હશે. તેમણે સ્પષ્ટ કહેલું કે 'જગમશહુર થયેલા ફળદ્રુપ પ્રદેશો થ્રેસ અને એશિયા માઇનર—તુર્કી સલ્તનત પાસેથી છીનવી લેવાનો અમારો હેતુ નથી. આ લડાઇ એ હેતુથી નથી લડાતી, કે નથી તે કુસ્તુનતુનિયા પડાવવા માટે. તે વખતે આમની સભામાં જે ચર્ચા થઇ હતી તે દરમિયાન લૉઇડ જ્યૉર્જે વધારે ખુલાસો કરેલો કે 'તુર્કી કે તુર્કીના સુલતાનને માટે આ વચન નથી આપવામાં આવતું. આ હિંદુ-મુસલમાનોને રીઝવવા આપવામાં આવે છે. લડાઇમાં હાલ કટોકટીનો પ્રસંગ છે, અને હિંદી લશ્કર વિના કાંઇ વળે.

આ સખ્ત મુસલમાન દીનની આબરૂને સારૂ, મોભાને સારૂ છે.

૧૦ સ૦—મુસલમાનોનાં પવિત્ર સ્થળો તુર્કીનો સુલતાન સાચવી ન શક્યો એટલે હવે તેને ખલિફા ગણવાનો કાંઇ હક્ક રહ્યો છે?

જ૦—હિંદુને આ પ્રશ્નનો ઉત્તર ભાગ્યે જ આપવાનો હોય. પણ હું ઉત્તર આપવા હિંમત કરૂં છું. ખિલાફત તુર્કીના હાથમાં એટલામાટે છે કે સેંકડો વર્ષોથી તેઓ બહાદુરીથી તેનો બચાવ કરી રહ્યા છે. સુલતાન હવે બચાવ કરવામાં નિષ્ફળ નિવડ્યો હશે, પરંતુ તુર્કો નિષ્ફળ નિવડ્યા નથી. ખિલાફતની ચળવળ એક વ્યક્તિને માટે નહિ, પણ એક ઐહિક, ધાર્મિક અને રાજકીય ભાવનાને માટે છે. તુર્કો જો તેનું રક્ષણ નહિ કરી શકે અને દુનિયાના મુસલમાનો પોતાના મનના તથા સક્રિય સહાનુભૂતિના બળથી કંઇક પ્રયત્ન કરીને તુર્કીને મદદ નહિ કરી શકે, તો તુર્કીને અને બીજા મુસલમાનોને બેહદ નુકસાન થશે. આવો બનાવ તો આખી દુનિયાને એક આફત સમાન ગણાય, કારણ હું માનું છું કે ખ્રિસ્તીધર્મને અથવા બીજા કોઇ ધર્મને દુનિયામાં જે સ્થાન છે તેવું જ

ઇસ્લામને પણ છે. તુર્કોને તેમની આફતના સમયમાં મદદ કરવી એ શૂરવીરતા અને ઉદારતા છે.

૧૧. સ૦—ખિલાફતની ચળવળમાં મુસલમાનો જો ખૂનામરકી કરવા બેસે તો આપ તેમને મદદ કરો ખરા ?

જ૦—ખિલાફત બાબતમાં મારૂં ચોકખું કામ મુસલમાન ભાઇઓને પ્રિય લાગ્યું છે. તેમની વાત ઇન્સાફ ઉપર હોય અને તેઓ ખૂનામરકી વિના લડે, ત્યાંસુધી હું તેઓને પ્રાણ દઉં. તેઓ ગેરવ્યાજબી માગણી કરે, તો હું તેઓની સામે પણ સત્યાગ્રહ કરૂં. આ મારાં વાકયો તેઓને ગમ્યાં છે, તેમાંથી તેઓ બળ લઇ શકયા છે. હિંદુ-મુસલમાન બધાને સત્યનો આગ્રહ તેઓ પોતે પાળે યા ન પાળે પણ ગમ્યો છે, તેથી તેઓ મારી ઉપર પ્રેમ ઢોળી રહ્યા છે. જ્યારે મારો આગ્રહ તેમની સામે વાળવાનો સમય આવે, ત્યારે તેઓ મારો તિરસ્કાર પણ કરે. જે પ્રેમ કરે, તેને તિરસ્કાર કરવાનો પણ હક્ક હોય.

૧૨. સ૦—અસહકારથી ખિલાફતના સવાલનો શી રીતે ફડચો થવાનો ?

જ૦—આનો ઉત્તર તો ઉઘાડો જ છે. સરકારના સાંધેસાંધા અસહકારને લીધે રહી જશે, એટલે સરકાર ઠેકાણે આવશે. સુલેહની શરતોમાં ફેરફાર શામાટે ન થાય ? અને એમ સમજો કે અહિંનું શાસકમંડળ ફેરફાર ન કરાવી શકે તો તેણે અહિંથી વિદાય લઇ લેવી જોઇએ. તેમને વિદાય થવું પડે એવી સ્થિતિ, આ નિર્દોષ હથિયારના બળે કરીને આપણે ઉત્પન્ન કરી શકીએ છીએ, અને એ ગુન્હાના કરનારા અહિંથી વિદાય થાય એટલે આપણી ગરજ સરી. મુસલમાનોને પછી તેમની સાથે કશી વઢવાડ રહેવાની નથી.

૧૩. સ૦—હિન્દી સરકારે તો મુસલમાનોને બધી જોઇતી સહાય આપી છે, તેથી હિન્દુસ્થાનની સરકારનો અસહકાર વ્યાજબી કેમ ગણાય ?

જ૦—મારી અલ્પ મતિ પ્રમાણે જોકે હિન્દી સરકારે ઘણું કર્યું છે, તોપણ જેટલું કરી શકત અને હજુ પણ કરી શકે તેનું તો તેણે અર્ધું પણ નથી કર્યું. કોઇ પણ સરકાર મુસલમાનોને જેવી લાગણી છે તેવા પ્રકારની લાગણીને સમયે માત્ર પોકાર ઉઠાવ્યા ઉપરાંત કાંઈ પણ કાર્ય ન કરીને પોતાની મુક્તિ મેળવી શકતી નથી. જે માણસ ભૂખે મરે છે તેના પ્રત્યે મુખનાં વચનોથી બતાવેલી લાગણી ગમે તેટલી તીવ્ર હોય, તોપણ તેની કંઇ કિમ્મત નથી. ભૂખે મરતાં માણસને અનાજ જોઇએ, નહિ તો તેને મરવું જ પડે. એવે અણીને ટાંકણે જે આવશ્યક છે તે તો એ છે કે ભૂખે મરનાની ભૂખ મટાડવાને સારૂ જે સાધનો એકઠાં કરવાં જોઇએ તે સાધનો લાવવામાં રોકાઇ જવું. જો હિન્દની સરકાર ઇચ્છે તો આ હિલચાલનું સેનાપતિપણું કરી શકે છે અને એક બ્રિટિશ પ્રધાને આપેલા વચનને પળાવી શકે છે. શું હિંદી સરકારે મી॰ લૉઈડ જ્યૉર્જે પોતાના વચનનો ભંગ કર્યો છે તેનો અણગમો બનાવવાની નિશાની દાખલ રાજીનામું મોકલ્યું છે ? હિંદની સરકારે પોતાનાં છૂપાં લખાણોની પાછળ છૂપી જઇને પોતાનો બચાવ કેમ કર્યો ? આથી પણ ઓછે કટોકટીને વખતે લૉર્ડ હાર્ડિંગે ચાલુ પદ્ધતિનો ત્યાગ કરી દક્ષિણ આફ્રિકાના સત્યાગ્રહીઓનો ખુલ્લી રીતે પક્ષ ખેંચ્યો હતો, અને તેથી તેઓ હિંદમાં તે વખતે ઉભરાઇ ગયેલા ગુસ્સાને રોકી શક્યા. જોકે તેથી દક્ષિણ આફ્રિકામાં ત્યાંનું પ્રધાનમંડળ અને બ્રિટનમાં કેટલાક જાહેર માણસો ગુસ્સામાં આવી ગયા તેની તેમણે દરકાર ન કરી. હિંદુસ્થાનની હાલની સરકારે શું કર્યું ? વધારેમાં વધારે તો એ જ કે તેમણે મુસલમાનોની લાગણી યોગ્ય રથળે રજુ કરી છે અને તેને ટેકો આપ્યો છે. એ તો એ સરકારે પોતાની ઓઝામાં ઓછી ફરજ બજાવી ગણાય. નામોશી વહોરી લીધા સિવાય એથી પણુ કાઇ ઓછું હિન્દી સરકાર કરી શકત. હિન્દના મુસલમાનો અને બીજા બધા આવે સમયે હિંદુસ્થાનની સરકારની જે આશા રાખે છે તે એ નહિ કે એ સરકાર ઓછામા ઓછું

કરે, પણ તેણે વધારેમાં વધારે કરવું જોઈએ. આથી સવાલોને સારૂ વાઇસરૉયોએ રાજીનામાં મોકલાવ્યાં છે. થોડા પહેલાં એક લેફ્ટનન્ટ ગવર્નરે પોતાનો મરતબો ઓછો થયેલો તેથી રાજીનામું આપેલું. ખિલાફતના સવાલમાં તો લાખો મુસલમાનોના દિલને ભારે જખમ પહોંચે એવી વાત છે. તેથી હિન્દી સરકાર અને તેની મારફતે વડી સરકારને પોતાની ફરજ અદા કરવાની ફરજ પાડવાને ખાતર હું મુસલમાનોને સંપૂર્ણ મદદ દેવા હિંદુસ્થાનમાં વસતા દરેક અંગ્રેજને અને દરેક મૉડરેટ કે એક્સ્ટ્રીમિસ્ટ હિન્દુને નોતરૂં છું.

૧૪. સ૦—રાજ્યમાન્ય ઉપાયો ઉપરથી તમારો વિશ્વાસ ઉઠી ગયો છે?

જ૦—ના. હરગીઝ નહિ. રાજ્યમાન્ય ઉપાયોનો શિરોમણિ આ ઉપાય છે. આ સિવાયના બીજા ઉપાયોમાં મારો વિશ્વાસ ઉઠી ગયો છે ખરો. મેં કેટલા અને કયા કયા ઉપાયો લીધા એની તમને અને દેશને મેં ખબર નથી આપી. મારૂં ફાવ્યું હું બધું કરી ચૂક્યો. ભાગ્યે જ કોઇને ખબર હશે કે મૉન્ટેગ્યુની સાથે મસલત કરવાની મુસલમાન ભાઇઓની મને ખાહેશ થયાથી મેં હિન્દુસ્થાન સરકારને તેમની પરવાનગી અને અનુમતિ માટે માગણી કરેલી. હિન્દુસ્થાન સરકારે તો ભલમનસાઇથી મને ઉત્તર આપેલો કે તમારા જવામાં અમે અડચણ ન નાખીએ, પણ અનુમતિ પણ ન આપીએ. એટલે મેં મૉન્ટેગ્યુ સાહેબને તાર કર્યો. તેમણે મને તડ અને ફડ જણાવી દીધું કે 'સુલેહની શરતો છઠ્ઠીના લેખ જેવી છે. એ લેખ કાંઈ મટે એમ નથી. તમારે એ મટાડવા આવવું હોય, તો આવશો મા. બાકી સુલેહમાંથી ઉપસ્થિત થતા તથા હિન્દુસ્થાનના હિતના બીજા સામાન્ય સવાલની ચર્ચા કરવા આવવું હોય તો આવો!' આ જવાબ પછી મારા બીજા ઉપાય બંધ પડ્યા. હું તો મુસદ્દીઓના કુળનો રહ્યો, પણ મારા જેવા એક્કાનું મુસદ્દીપણું પણ કાંઇ કામ ન આવ્યું. તમે હરગીઝ ન માનશો કે હું કોઈ ઉપાયની અવગણના કરૂં છું.

સ્વરાજ્ય માટે જે ભારે ચળવળ ચલાવતા આવ્યા છીએ તેની કિંમત હું બરોબર સમજું છું. તિલક મહારાજે જે જે ભગીરથ પ્રયત્નો કર્યા છે, તે કાંઈ મારાથી ભૂલાય એમ નથી. પણ એ જૂના જમાનાની રીત મૂકીને અસહકારની આ સુધરેલી રીત હું આદરૂં એમાં બીજાને વસવસો શા માટે ઉપજે!

૧૫. સ૦—સમજો કે સ્વરાજ્ય મળ્યું, તો પછી આપ ખિલાફતનો કેવી રીતે ફડચો લાવવા માગો છો? શું યુરોપિયનની સાથે લડાઇ કરશો? આપણે તો નિઃશસ્ત્ર છીએ.

જ૦—જો ખિલાફતના ફડચા વિના સ્વરાજ્ય મળે તો આપણે તે સ્વરાજ્યમાં ઇગ્લાંડથી તદ્દન જુદા હોઇશું. આજે સરકાર ખિલાફતને દબાવી રહી છે તે કેવળ આપણી મદદથી, અને આપણને દબાવવા ખાતર. જ્યારે હિંદુસ્થાનનો કબજો જશે, ત્યારે મેસોપોટેમિયા કે ઇસ્તંબુલની તેને જરૂર નહિ રહે, પણ તે રહે કે ન રહે, આપણા સિપાઇઓને આપણે જ્યારે બહારથી પાછા બોલાવી લઇએ, ત્યારે મેસોપોટેમિયામાં સરકાર રહી જ ન શકે. આપણને લડાઇ કરવાની જરૂર પડે એમ નથી. આપણને યુરોપ અને એશિયામાંના આપણા માણસો ખેંચી લેવાની જ માત્ર જરૂર છે. પણ ધારો કે આપણે લડવા માગીએ છીએ તો સ્વતંત્ર થયેલા હિંદુસ્થાનને તે હક્ક પણ રહેશે. તે વેળા આપણે શું કરવા ઇચ્છીએ એ આજે કોણ કહી શકે?

૧૬. સ૦—આપણી બધી માગણીઓ સરકાર આપે અને કેવળ ખિલાફતની માગણી ન સ્વીકારાય તો લડત ચાલુ રાખવી જોઇએ ખરી?

જ૦—જરૂર. ઇસ્લામને બચાવવામાં હિન્દુધર્મને બચાવવાની હું તાલીમ લઇ રહ્યો છું એમ મેં અનેક વેળા કહ્યું છે. ઇસ્લામના બચાવમાં જ ગાયની રક્ષા રહેલી છે; અને જ્યાંસુધી હિંદુસ્થાનમાં એક પણ ગાય મરે છે, ત્યાંસુધી મારા માંસ, મારા સ્નાયુ,

મારા રુધિરનું પાણી થઈ રહ્યું છે. ગાયને બચાવવાને
લઇ રહ્યો છું, તપશ્ચર્યા કરી રહો છું, અનેક વિભૂતિઓ
રહો છું, અને એ ગોરક્ષાના મંત્ર જપતા જપતા જ હું મ

૧૭. સ૦—ખિલાફતને અને પંજાબના અત્યાચારોને જોડી દીધા તે કહી શકો?

જ૦—ખિલાફતનો અન્યાય તો પંજાબના અત્યાચા પહેલાંનો હતો. દિલ્હીમાં યુદ્ધપરિષદ્ સને ૧૯૧૮ માં મળી, ત્યારે જ પ્રશ્નને મેં અપનાવ્યો હતો. પંજાબના અત્યાચારો સામેની લડતે ચો સ્વરૂપ પકડ્યું તે પહેલાં સને ૧૯૧૯ માં દિલ્હીમાં અસહકારને જન્ થયો હતો. જ્યારે એમ લાગ્યું કે ખિલાફતની જેમ પંજાબના અત્યાચા માટે પણ સરખા જ ચાંપતા ઇલાજો લેવા પડશે, ત્યારે પંજાબન સવાલને ખિલાફત સાથે જોડી દેવામાં આવ્યો.

૧૮. સ૦—જો ગુસ્સો એ પણ પ્રેમની નિશાની હોય તે પછી જનરલ ડાયરે પણ પ્રેમને લીધે જલિયાંવાલાની કતલ કરી ગણાય નહિ?

જ૦—આ દલીલમાં બહુ અજ્ઞાન રહેલું મને તો ભાસે છે. ઘણી વેળા બાપ દીકરા ઉપર ગુસ્સે થાય છે, તે પ્રેમને વશ થઇને; પણ જનરલ ડાયરનો ગુસ્સો તો કેવળ દ્વેષને લીધે હતો. હું વિરોધીઓને મારી તરફ દોરવા જરૂર માગું છું, પણ હું ન માનું નહિ તે કહીને નહિ.

અસહકાર.

(પ્રથમ વિભાગ)

અસહકારનો આરંભ.

(દ્વિતીય ખંડ.)

---

૧૧. આપભોગનો ધર્મ.



यज्ञशिष्टामृतभुजो यान्ति ब्रह्म सनातनम् ।
नायं लोकोऽस्त्ययज्ञस्य कुतोन्यः कुरुसत्तम ॥ *

—ગીતાજી

करहि जाइ तप सैलकुमारी । नारद कहा सो सत्य बिचारी ।
मातुपितुहि पुनि यह मत भावा । तप सुखप्रद दुःखदोष नसावा ॥
तप आधार सब सृष्टि भवानी । करहि जाइ तप अस जिय जानी ॥

—તુલસીરામાયણ

૧ યજ્ઞના ઘણા યે અર્થ કરી શકાય છે, પણ સર્વધર્મને સામાન્ય એવો યજ્ઞનો એક જ અર્થ છે, અને તે એ કે ખરેખરી

---

* અર્થ —યજ્ઞમાં બાકી રહેલું અન્ન ખાનારાઓને સનાતન બ્રહ્મની પ્રાપ્તિ થાય છે. જે યજ્ઞ કરતો નથી તેને આ લોક મળતો નથી તો હે અર્જુન બીજો (વધારે સારો) લોક તો તેને ક્યાંથી જ મળે?

ઉન્નતિને સારૂ આત્મભોગ કરવા સારૂ તૈયાર રહેવું. પાર્વતીને શિવજી જેવા પતિ મેળવવા હતા તેથી તેને તપ કરવાનો હુકમ થયો. તેણે કેવા પ્રકારનું તપ કર્યું એ જાણવાની જેને ઈચ્છા થાય તેણે તુલસીદાસનો અપૂર્વ ગ્રંથ જોઈ લેવો. મા પોતાના ભોગે પોતાના છોકરાંને જન્મ આપે છે અને ઉછેરે છે. મૃત્યુમાંથી જ જન્મ સંભવે છે. અનાજનાં બીજ ભોંયમાં દટાઈ સડે છે, મરે છે, તો જ પાક ઉત્પન્ન થાય છે. હરિશ્ચંદ્રે પોતાનું સત્ય પ્રગટ કરવાને સારૂ પારાવાર દુઃખ સહન કર્યું, પોતાનાને ઉગારવા સારૂ ઈસુએ કાંટાનો મુગટ પહેર્યો, પોતાના હાથપગમાં ખીલા ભોંકાવા દીધા અને રીબાઈને પ્રાણત્યાગ કર્યો. એવો યજ્ઞ કરવાનો અનાદિ કાળથી ચાલતો આવેલો વિધિ છે. યજ્ઞ વિના પૃથ્વી એક ઘડી પણ ન નભી શકે. તુર્કોએ ઇસ્તંબુલ સર કર્યું તેના પહેલા અસંખ્ય સિપાઈઓનો હોમ કર્યો અને તેનાં મુડદાંઓનો પૂલ બનાવ્યો. હિંદુસ્થાનમાં આપણે આ અચલિત આપભોગનો ધર્મ છે તેનો ત્યાગ કરીને આપણા દેશને આગળ ચડાવવા ઈચ્છતા હોઈએ એવો આભાસ મને આવ્યા જ કરે છે. હજારો બોઅર સ્ત્રીઓએ અને બાળકોએ બોઅર લડાઈ વેળાએ જે આપ્યું અગર તો છેલ્લા મહા યુદ્ધમાં હજારો અંગ્રેજ, ફ્રેન્ચ અને જર્મનોએ જે આપ્યું તેના સોમા ભાગ જેટલા અલ્પ ત્યાગથી યે મહાન્ ફત્તેહ આપણને મળી શકે છે તેનું રહસ્ય એ જ છે કે આપણા કાર્યક્રમમાં કોઈની હિંસા નથી, આપણું ધ્યેય સાવ શુદ્ધ અને ન્યાયી છે અને આપણે તેત્રિશ કરોડ છીએ.

૩. આપણો તો આ જ એક દેશ છે. આ દેશ છોડીને બીજા કોઈ દેશમાં તસુ જગ્યા આપણે આપણી કહી શકીએ એમ નથી. આપણા શાસ્ત્રોમાં કહ્યું છે કે હિન્દુઓ માટે આ ભારતવર્ષને છોડીને બીજું મોક્ષ મેળવવાનું એક પણ સ્થાન નથી. આપણે સારૂ તો સદ્‌ગુણોને કેળવવાનું અને આપણા સદ્‌ગુણો

[illegible] ૧૦. [illegible] આપભોગનો ધર્મ [illegible]

[illegible] રહ્યાં છે. આપણે [illegible] જનારી વીર પુરુષોની ભૂમિ બનાવીએ.

૪. હિંદુઓના આ જગતના ઇતિહાસમાંના [illegible] કહું ? આપણો ઇતિહાસ ભારતવાળો છે. પરંતુ આપણે પ્રાચીન વારસા ઉપર જ ઝૂઝીશું તો હારીશું. આપણા પૂર્વજો જેવા હતા તેવા આપણે થઈને બતાવવું જોઈએ. આપણા ઋષિમુનિઓએ આપણા ધર્મને બચાવવા સારૂ પોતાના અંગે અંગના ટુકડા થવા દીધેલા છે. ટૉડ આપણને કહે છે કે 'યુરોપમાં તો એક થર્મોપલી છે, પરંતુ હિંદુસ્થાનમાં તો ઠેકાણે ઠેકાણે થર્મોપલી દેખવામાં આવે છે.' હિંદુસ્થાનમાં કેવા વીર પુરુષો થઈ ગયા એને સારૂ હું ઇતિહાસ શું બતાવું ? હું તો એટલું જ કહું છું કે હૃદય ઉપર હાથ મૂકી આપણે તપાસી લઈએ કે એ વીરતા અત્યારે આપણામાં છે ?

૫. જાપાનના ધનિક લોકોએ પોતાનું ધન અને ધનથી મળતા હોદ્દા જતા કર્યાં ત્યાર પછી જ જાપાન જાગ્યું. જાપાનના ઉમરાવોએ જ્યારે પોતાની જાગીરો અને પોતાનું સર્વસ્વ પ્રજાને અર્પણ કર્યું ત્યારે જાપાનનું વાતાવરણ જોતજોતામાં બદલાયું. ગરીબ લોકો પણ એ ત્યાગનું મહત્ત્વ સમજી ગયા અને સૌ રાષ્ટ્રના કામમાં મશગુલ થયા. એ પ્રમાણે ઘણા દરબારો-જાગીરદારો પ્રજાને સારૂ જ્યારે હિંદુસ્થાનમાં ત્યાગ કરતા થઈ જશે ત્યારે જગતને જોવા લાયક સંગમ ગરીબ અને તવંગર વચ્ચે થશે. અત્યારે તો મુખ્યભાગે અસહકારની લડત ગરીબો અને મધ્યમ વર્ગના લોકો કરી રહ્યા છે. તેમાં મુલકને સારૂ થોડો ભય પણ રહ્યો છે. જો ધનિક વર્ગ પણ તેમાં પૂરો ભાગ લે તો અત્યારે કેટલીક કફોડી સ્થિતિ આવી પડેલી છે તે પણ દૂર થાય. તે સારૂ સાહસની-ક્ષત્રિયતાની જરૂર છે.

૬. લડવાનું બળ પણ આપભોગ પછી જ આવી શકે છે. લડનારી પ્રજા પ્રથમ માલ મિલકતનો ભોગ આપીને જ લડતાં શીખે છે.

શસ્ત્રબળ કે આત્મબળ બન્નેની પૂર્વે ધનનો ભોગ તો રહ્યો જ છે.

૭. પણ હું લોકોને હંમેશને માટે ફકીર બનવા નથી કહેતો. જે ભોગ અંગ્રેજ સ્ત્રીપુરુષોએ છેલ્લી લડાઇમાં આપ્યા, જે ભોગ દક્ષિણ આફ્રિકામાં જંગલી ગણાતા બોઅર લોકોએ આપ્યા, જે ભોગ આરબોએ આપ્યા તેનાથી તો હું લોકોની પાસે ઓછો ભોગ માગું છું. આરબોએ સ્વદેશ ખાતર પોતાની પ્યારી જાનો આપી. અંગ્રેજને કહી દીધેલું કે અમારે તમારી ટ્રામ, મોટર, રેલ્વે નથી જોઈતી, અમને તો અમારો દેશ વહાલો છે. એ આરબોએ જે જુસ્સાથી આત્મયજ્ઞ કર્યાં તે જુસ્સાથી પણ હું ઓછું માગી રહ્યો છું તે તમે આપો.

૮. જ્યાં ફરજ મનાઇ ત્યાં રાજા–પ્રજા બન્ને વર્ગ ગમે તે ભોગ આપવા તૈયાર થાય! આવો ભોગ જો નીચ સ્વાર્થને સારૂ ન અપાતો હોય તો ભોગ આપનારા મોક્ષ પામવા લાયક બને.

૯. ત્યાગને સારૂ આખી પ્રજા તૈયાર નથી એ પણ કબૂલ કરવું જોઈએ. પ્રજામાં એવા પ્રકારની રાજ્યપ્રકરણી કેળવણીએ હજુ પૂરો પ્રવેશ નથી કર્યો. જ્યારે જ્યારે જે વસ્તુ આપણને એટલે દરજ્જે નાપસંદ હોય કે તેના સ્વીકારથી આપણો આત્મા હણાય, ત્યારે ત્યારે તે વસ્તુનો ત્યાગ કરવાનો આપણને અધિકાર છે અને એ આપણી ફરજ છે; અને એમ ત્યાગ કરીને જ આપણે વહેલામાં વહેલા આપણી ઉન્નતિ કરી શકીએ. બલિદાન આપવાની તૈયારી કરીને પ્રજા ચડી શકશે, વેર વાળવાની તૈયારીઓ કરીને નહિ. સ્વાર્થની અતિશયતાને લીધે થયેલી આપણી ભૂલોનું સ્મરણ કરવાની અને પશ્ચાત્તાપ કરવાની હું આવશ્યકતા સમજું છું.

૧૦. આપણે જ્યારે આપભોગની વેદિ ઉપર હોમાઇશું, આપણા લોહી આપવાને તૈયાર થઇશું, ત્યારે ન્યાય મૂર્તિમંત થશે અને મૂર્તિને જ ઓળખનારી દુનિયા ત્યારે જ એને જોઈ શકશે અને નમશે. જે ધર્મયજ્ઞ ચાલી રહ્યો છે તેમાં બલિદાન તે જ આપી

શકે જેનાં હૃદય પવિત્ર હોય, જેનાં શરીર પવિત્ર હોય. એવા હાથની કુરબાની ઈશ્વર કબૂલ નથી કરતો.

૧૧. બલિદાનનો અર્થ એ છે કે બલિદાન કરનાર બીજાને ખાતર મરે છે કે બીજું દુઃખ ભોગવે છે. જે પોતાને ખાતર દુઃખ ભોગવે છે તે બલિદાન નથી કરતો. જે બલિદાન ન કરે તે માનવી ન કહેવાય. સ્વાર્થને ખાતર જીવનારાને તો શાસ્ત્રે ચોર કહ્યો છે.

૧૨. દેશનો એકાદ વર્ગ પણ જ્યાંસુધી કાર્યમાં, આપભોગમાં, તપશ્ચર્યામાં સાવ નહિ ટંકાઇ જાય ત્યાંસુધી સ્વરાજ્ય મળવાનું નથી. શબ્દજાળથી અને દલીલથી સરકાર થોડી જ સમજી જનાર છે? સચ્ચાઇનાં અને શૂરાતનનાં કૃત્યોને જ તે ઓળખશે.

૧૩. આપણે તિલક મહારાજના જીવનને પૂજીએ છીએ તેમાંથી કાંઇક તો બોધ લઇએ! તેમણે એવો વિચાર કરેલો ખરો કે જેટલું દરેક હિંદી આપે તેટલું જ હું પણ દેશને આપીને બેસી રહું? તેમણે તો તેમનું સર્વસ્વ આપ્યું. હું તમને પૂછું છું કે સર્વસ્વ આપનાર કેટલા રહ્યા છે? પણ સર્વસ્વ તો ધેર ગયું. તમે જેટલું આપી શકો છો તેટલું યે આપી ચૂક્યા? પરમેશ્વર કોઇની પાસે શક્તિ ઉપરાંત નથી માગતો. શક્તિ પ્રમાણે ન આપે તો તે પોતાના દેશનો, ગામનો દ્રોહી છે. તમે તમારા દ્રોહી ન થાઓ તમે તમને છેતરો નહિ એમ હું ઇચ્છું છું. આપણે એક ભારે સલ્તનતની સામે લડવાનું રહ્યું છે. આપણને એણે છેતર્યા, આપણને દગો દીધો, આપણને એણે પેટે ચલાવ્યા એ સલ્તનતને આપણે દગાથી કે સેનાનિયનથી ન જિતી શકીએ. દગાબાજીને હરાવવાનો ઉપાય પ્રામાણિકતા છે; સેનાનિયનનો ઉપાય ખુદાની ભક્તિ છે. તમે તમારા હૃદયને ન કોરી ખાશો.

૧૪. આપણે સંપૂર્ણ સ્વરાજ્ય ઇચ્છીએ છીએ પણ કોઇ જાન ખોવા ઇચ્છતા નથી. પૈસાનો ભોગ પણ આપ્યા વિના ચાલે તો

ચલાવી લેવા ઇચ્છીએ છીએ. અસહકારની ઘણી ધાસ્તી લાગી છે તેનું કારણ શું હશે? એ વિચારૂં છું ત્યાં બે જ કારણ જોવામાં આવે છે. એક તો એ કે લોકો નોકરી છોડીને બેસે તો ભૂખે મરે; અને બીજું જો કદાચ કોઇની ભૂલ થઇ જાય અને સરકારનો દારૂગોળો ચાલે તો હજારોની જાન જાય. એટલે કે ખિલાફતના જેવા અઘરા અને મહાન્ પ્રશ્નની ઉકેલ આપણે જરા યે દુઃખ ભોગવ્યા વિના કરવાને ઇચ્છીએ છીએ. અસહકાર એ એક પ્રકારનો સહેલામાં સહેલો યજ્ઞ છે, એક નાનકડું તપ છે, તેમાં થોડો આપભોગ રહ્યો છે. વિશ પચીશ હજાર કે લાખ દોઢ લાખ માણસ ન્યાય મેળવવા ખાતર, અન્યાયમાં ભાગ લેતા બંધ થવાને ખાતર પોતાની નોકરી છોડે એમાં હું કશું યે દુઃખ ન માનું એટલું જ નહિ, પણ સુવ્યવસ્થિત સંસ્થા જ્યાં ચાલતી હોય ત્યાં એવાં દુઃખને હું સ્વાભાવિક માનું અને લોકો એવાં દુઃખથી નાસે નહિ પણ હર્ષપૂર્વક તેની ભેટ કરે. ખિલાફત જેવા પ્રશ્નનો સીધો ફડચો કરવાને હજારો માણસો પાયમાલ થઇ જાય તેની મને જરા યે ચિંતા નહીં થાય. તેને તો હું ધર્મભાવનાની કસોટી સમજું. એવું દુઃખ ભોગવ્યા વિના જીત ન જ મળે એમ હું માનું અને એવું દુઃખ ઘણા માણસો ભોગવે તો જીત મળ્યા વિના ન જ રહે એમ પણ હું માનું.

૧૫. અસહકાર કરવાને લીધે ગમે તે દુઃખ પડે તેથી મને ક્ષોભ કે ભય થાય જ નહિ. જેમ વધારે દુઃખ પડે તેમ આ પ્રશ્નનો ઉકેલ વહેલો થાય એવી મારી દૃઢ માન્યતા છે.

૧૬. ભય માત્ર એક જ રહે છે. રખેને લોકો તરફથી કાંઈ ભૂલ થાય, રખેને લોકો વાંકમાં આવે અને સજાપાત્ર થાય. રખેને કોઈ ગુસ્સામાં આવીને કોઇ અમલદારને ઈજા દે કે તેનું ખૂન કરે. એમ થાય તો આપભોગના યજ્ઞના શુદ્ધ ધર્મને હાનિ પહોંચે અને તેટલે દરજ્જે ઇચ્છેલું પરિણામ મળવામાં ઢીલ થાય. આહૂતિ વિશુદ્ધ વસ્તુની જ અપાય. હરિશ્ચંદ્રમાં જરા

પણ અપવિત્રતા હોત અને તેણે રાજ્યપાટનો ત્યાગ કર્યો હોત તો આપણે તેનો મહિમા આજે ન ગાતા હોત. જીસસમાં સંપૂર્ણ નિર્દોષતા કલ્પીને જ ખ્રિસ્તી મત માનનારાએ તેને તારનારની ઉપમા આપી.

૧૭. એ પ્રમાણે વિચારતાં જો કોઇ પણ પ્રશ્નમાં આપણા તરફથી કંઈ પણ દોષ થવાનો જરા પણ સંભવ ન હોય તો અસહકારને સંપૂર્ણ વેગે આપણે તરત ચલાવી શકીએ. તેનાં પગથિયાં ગણ્યાં છે એ પણ આપણી નિર્દોષતાને વિષે શંકા રહેલી છે તેથી. આમ વિચાર કરતાં, અને આપભોગ એ એક હિંદુસ્થાનની ઉન્નતિને અંગે આવશ્યક ધર્મ છે એમ માનતાં, અસહકારને વિષે આપણને શંકા કે ભય ન રહેવો જોઇએ એટલું જ નહિ, પણ આપણે સમજવું જોઇએ કે અસહકાર અથવા તો એવા પ્રકારના કોઈ પણ યજ્ઞ અથવા તપ વિના આપણે નથી ખિલાફતનો ઉકેલ કરી શકવાના, નથી પંજાબને વિષે ન્યાય મેળવી શકવાના કે નથી સ્વરાજ્ય મેળવી શકવાના.

૧૨. અસહકારનું તત્ત્વ.

૧. અસહકારને ખૂબ વખોડી કહાડી કોઇએ જણાવ્યું
ધર્મશાસ્ત્રો તથા ઇતિહાસ અસહકારની વિરુદ્ધ છે; ગીતાજી, કુરાન
બાઇબલ તથા પારસી-અવસ્તા અસહકારને અધર્મ્ય ગણે
તેમાંના દાખલા તેઓએ ટાંક્યા નથી.

૨. ગીતાજી ઇત્યાદિનો મેં પણ થોડોક અભ્યાસ કર્યો
એમ હું માનું છું. હું અસહકારનું તત્ત્વ તે ધર્મગ્રંથોમાં
શક્યો છું. ગીતાજીમાં દેવ-અસુર સંગ્રામનું વર્ણન છે. ન્યાય
અન્યાય વચ્ચે કદિ મેળ હોય નહિ એમ ગીતાજી સ્પષ્ટ બતા
ગીતાજીનો કેવળ અક્ષરાર્થ કરીએ તો આપણને માલમ
કે જ્યારે અર્જુનને પાપી કૌરવોની સાથે યુદ્ધ કરવાની આ
કરી ત્યારે શ્રી કૃષ્ણે તેને યુદ્ધ કરવા પ્રેર્યો. એટલે અક્ષરા
અન્યાયીની સાથે સહકાર ન કરવો એટલું જ નહિ, પણ
દંડ આપવાનું ગીતાજી શીખવે છે. ગીતાજીનો શુદ્ધાર્થ દંડ
શીખવતો જ નથી, પણ તેમાં લીટીએ લીટીએ ન્યાય અને
ઝઘડા વિષે શિક્ષણ છે.

૩. અંધકાર અને પ્રકાશને જેમ વેર છે, ટાઢ અને
સાથે નથી રહી શકતાં, તેમ ઇન્સાફ અને ગેરઇન્સાફ
રહી શકતાં. તેથી જ આપણામાં રીસાઇ જવાની
ચાલતી આવેલી છે. રૈયત જ્યારે અન્યાયી રા
જાય છે ત્યારે તે તેનાથી રીસાઇ જાય છે. બહુ અક
રૈયત રાજાના ગામનો ત્યાગ પણ કરે છે. આવા
વખત જોવામાં આવ્યા છે.

૪. પ્રહ્લાદે પોતાના બાપની વિના સાથે અસહકાર કર્યો; મીરાંબાઈએ પોતાના ધણી સાથે; નરસિંહ મહેતાએ પોતાની નાત સાથે કર્યો; આ ત્રણેને આપણે આજે પૂજ્ય છીએ. તુલસીદાસે સંત—અસંતનો ભેદ પાડી બન્ને વચ્ચે મેળાપ ન હોય એમ બતાવી આપ્યું છે, એટલે હિંદુધર્મમાં તો ન્યાય–અન્યાય વચ્ચેનો મેળાપ સર્વથા ત્યાજ્ય છે એવું શિક્ષણ છે.

૫. જરથોસ્તી ધર્મમાં ઓરમઝ્દ અને અહરીમાનનું દ્વંદ્વ યુદ્ધ સદાય ચાલ્યા કરે છે. બાઇબલમાં ખુદા અને સેતાન વચ્ચે ચાલે છે. ઓરમઝ્દ–ખુદા ન્યાયની મૂર્તિ છે, અહરીમાન–સેતાન અન્યાયનું પૂતળું છે. જીસસ ક્રાઈસ્ટ તો સત્યાગ્રહી વીર હતા. તેમણે દાંભિક, જૂઠા, મદાંધ માણસનો હંમેશાં અસહકાર કર્યો હતો. નીતિને અર્થે કુટુંબમાં વિરોધ કરાવતાં તે અચકાયા નહોતા અને રોમની મહાન્ સત્તાની સામે તે એકલા થયા હતા. હવે રહ્યું કુરાન–એ–શરીફ. પેગમ્બર જ્યાંસુધી મક્કામાં રહ્યા ત્યાંસુધી અન્યાય કરનારાઓની સાથે તેમણે અસહકાર કરેલો.

૬. ઇતિહાસનાં પ્રમાણો પણ અસહકારનું પ્રતિપાદન કરે છે. સામાન્ય રીતે તપાસતાં ઇતિહાસ એ લડાઈનું બયાન છે. અને લડાઇ માત્ર તીક્ષ્ણ અસહકારનાં દૃષ્ટાંત છે. એક પક્ષ બીજા પક્ષનો ત્યાગ કરે છે એ અસહકાર જ છે. લડાઈ એ રાક્ષસી અસહકારનો દાખલો છે.

૭. જે અસહકાર હિંદુસ્થાનની આગળ હું મૂકી રહ્યો છું એ દૈવી અસહકાર છે એમ કહેવામાં કશી ધૃષ્ટતા નથી જોતો. જે અસહકારમાં ખૂનામરકી–હિંસા રહી છે તે અસહકારમાં હારજીત રહ્યાં છે. જેમાં કેવળ કુરબાની, આત્મભોગ છે ત્યાં જીત જ છે એવા અસહકારની સામે કોઈ કેમ થઈ શકે એ જ મારી અક્કલ કળી શકતી નથી; કેમકે જે દૈવી અસહકાર કરે છે તે જ્યાંસુધી ન્યાય ન મળે ત્યાંસુધી સહકાર કરતો જ નથી.

૮. જર્મનોએ શસ્ત્રબળથી અસહકાર કર્યો તેથી હાર્યા એટલે બેસી ગયા. રશિયાના દુખોબોર લોકોએ નિઃશસ્ત્ર અસહકાર કર્યો તેથી તે હાર્યા જ નહિ. જ્યારે રશિયામાં તેમનું રહેવું અશક્ય થઇ પડયું ત્યારે તેઓએ રશિયા છોડયું પણ રશિયાના જૂલમી કામદારોને તેઓ વશ ન થયા. આજે તેઓ કૅનેડામાં માનીતી કોમ તરીકે પોતાનું જીવન ચલાવી રહ્યા છે.

૯. વ્યક્તિગત અસહકારમાં વ્યક્તિની જીત છે. સામાજિક અસહકાર થાય તો સમાજની જીત થાય. એટલે દૈવી અસહકારમાં ઉદ્યમનો નાશ નથી. તેમાં દોષ લાગવાપણું નથી. તેનું અલ્પ આચરણ પણ સુખદાયી છે, અને મોટા ભયમાંથી તેના આચારનારને ઉગારે છે. આખી કોમ અન્યાયનો સહકાર ત્યાગી, મેલ ધૂવે છે, અને તેટલે દરજ્જે નીરોગી થાય છે.

૧૦. સહકાર અને અસહકાર બન્ને અનાદિ કાળથી ચાલતી આવેલી નીતિ છે. ન્યાયીનો હંમેશાં સહકાર; અન્યાયીનો હંમેશાં અસહકાર, તેથી જ અસંતનો અસહકાર એવું શાસ્ત્રવચન છે. તેને હજારો મેનીફેસ્ટો થતા ઉથાપી ન શકે.

૧૧. અસહકાર એ સોના જેવું શસ્ત્ર છે, દિવ્ય શસ્ત્ર છે; હિંદુઓને તે શ્રીકૃષ્ણે આપેલું છે; મુસલમાનોને મહંમદ પેગમ્બરે આપ્યું છે, પારસીઓને ઝંદાવસ્તામાં મળેલું છે. જ્યાં તમે અન્યાય જૂઓ, કોઇ માણસમાં અન્યાયને મૂર્તિમંત જૂઓ ત્યારે તે માણસનો ત્યાગ કરજો. તુલસીદાસજીએ બહુ જ મૃદુ ભાષામાં કહ્યું છે કે અસંતથી દૂર ભાગો, અસંતો પોતાના સમાગમથી પીડે છે. દાવાનળથી દૂર નાસો તેમ અસંતથી–અન્યાયથી નાસજો.

૧૨. નાસવું એટલે જ અસહકાર. અસહકાર એ દ્વેષ કે વેર નથી, એ તો ધર્મીનું ધર્માચરણ છે. અસહકાર એ બાપ–દીકરા વચ્ચે યોગ્ય છે. સ્ત્રીપુરુષ વચ્ચે ફરજ રૂપ છે, સગા–સગા વચ્ચે કર્તવ્ય છે. મારો દીકરો મદ્યમાંસ ખાઈ આવે અને હું તેનો વૈષ્ણવ

બાપ તેને મારા ઘરમાં ઘડી પણ સંઘરૂં તો પછી મારે રૌરવ નરકે જ પડવું પડે. આ અસહકારનું રહસ્ય છે.

૧૩. અસહકારનું પવિત્ર નામ ઉચ્ચારવા માટે પવિત્રતા જોઇએ. હું અંગ્રેજ સલ્તનતને શેતાની કહું છું, પણ મને કોઈ અંગ્રેજને મારે દ્વેષ નથી માટે કહી શકું છું. વાઇસરૉયની સાથે હું આજે કોઇ પણ પ્રકારના સહકારની ના પાડું, તેમનું પાણી પણ ન લઉં, પણ તેઓ જો બિમાર પડી જાય તો જરૂર હું તમારી સેવા કરૂં છું તેમ તેમની કરૂં.

૧૪. અસહકારની પ્રતિજ્ઞાનાં ત્રણ પદ છે. પહેલું પદ છે શાંતિ. અસહકાર શાંતિમય, તલવાર વિનાનો હોવો જોઇએ. જીભ પણ તલવાર છે, હાથ પણ તલવાર છે, અને લોખંડનો ધારવાળો ટુકડો પણ તલવાર છે. બીજું પદ તાલીમ કે સંયમ છે, અને ત્રીજું યજ્ઞ છે. આપણે વિશુદ્ધ હોઈએ ત્યારે યજ્ઞ બલિદાન કરી શકીએ. બલિદાન આપ્યા સિવાય કોઇ પવિત્ર–વિશુદ્ધ બની શકે નહિ.

૧૫. [અવસર આવ્યે આ જ હિંદી સરકારની રાજ્યનીતિ સામે સમસ્ત હિંદીપ્રજાએ અસહકાર કર્યો છે;] જોકે એક નાનો વર્ગ અલબત્ત વિરુદ્ધ રહ્યો છે, પણ જે અલ્પમતવાળાઓ પોતાના વિરોધનું મતપ્રદર્શન માત્ર કરીને બેસી રહે છે અને અધર્મ કરનારને મદદ કરવાનું ચાલુ રાખે છે તે અધર્મમાં પ્રત્યક્ષ જ ભાગ લે છે.

૧૬. વળી ઓછાવત્તાનો કુલ સરવાળો જ્યારે ઓછામાં જ આવતો હોય ત્યારે તો એટલા વત્તાની રકમ જ ઉચકી બતાવીને તેના વખાણ માંડવાં અને તેના વખાણમાં સામેલ થનારા લોકોને પોતાની મદદમાં લેવા એ વ્યાજબી નથી.

૧૭. સેતાનની તદબીર જ એ હોય છે કે પાપને પુણ્યનો રોળ ચડાવીને રજુ કરવું કે અજાણ્યા મુસાફર અનાયાસે જ એની જાળમાં ફસાય. એ સેતાનની જાળમાં ન ફસાવાનો એક જ રસ્તો

[illegible] સાથે તે એ કે તેના [illegible]
[illegible]

[illegible] [illegible], [illegible], નાભિનંદન, તર્કનાશન,]
[illegible] નામ છે.

૧૩. વડી ચાવી—પ્રેમ.

ताप त्रिविध प्रेम आप दूर ही करे ।

—તુલસીદાસ.

૧. મોટી સંસ્થાઓમાં કોટડીઓને સારૂ એક ચાવી હોય છે, તે બધા દરવાજાને લાગુ પડે છે. તે તે દરવાજાની ચાવી તો તેને જ સારૂ કામની હોય છે, પણ એક અધિકારીની પાસે બધે લાગુ પડે એવી ચાવી રહે છે. તેને અંગ્રેજીમાં 'માસ્ટર કી' કહે છે. તેનો તરજુમો 'વડી ચાવી' મેં આ લેખને મથાળે મૂકેલો છે.

૨. કાઉન્સિલના બહિષ્કારથી કાઉન્સિલમાં જનારા અટકે, નિશાળોથી નિશાળિયા અને અદાલતોથી લડનારા અટકે અને એ બધામાં પૂરી અસર ન પહોંચે ત્યારે તે પગલાંનાં પરિણામો વિષે શંકાઓ ઉઠે.

૩. પણ બધાની વડી ચાવી—સર્વોપરિ માત્રા-પ્રેમમાં રહેલી છે.

૪. જે અસહકારમાં પ્રેમ નથી તે રાક્ષસી છે; જેમાં પ્રેમ છે તે ઇશ્વરી છે. પેગંબર સાહેબે મક્કાના આરબોની સાથે તેર વર્ષ અસહકાર કર્યો તે પ્રેમને વશ થઇને. મક્કાના આરબોની આંખો તેમણે પ્રેમથી ઉઘાડી. મીરાંએ કુંભારાણાની સાથે અસહકાર કર્યો તે કંઇ ે પથી નહિ. કુંભારાણાની શિક્ષાઓ એણે પ્રેમપૂર્વક સ્વીકારી. આપણા અસહકારનું મૂળ પણ પ્રેમમાં જ છે. તેના વિના બધું ખાલી છે. પ્રેમ વડી ચાવી છે એટલું જ નહિ, પણ એ જ એક ચાવી છે. નિશાળનો ત્યાગ કરનારા જો ત્યાગ ન કરનારાનો દ્વેષ કરે તો ત્યાગ કરનારાનો ત્યાગ શુષ્ક ગણાય. ધારાસભામાં

જનારનો દ્વેષ કરીએ તો ધારાસભાનો આપણો ત્યાગ નકામો જાય. જેઓ આપણું ન માને તેને પ્રેમથી જીતવા એ ધાર્મિક વૃત્તિ; તેઓની ઉપર રોષ કરવો એ રાક્ષસી–નાસ્તિક વૃત્તિ.

૫. આપણે શરમ સાથે કબૂલ કરવું જોઇએ કે આપણા ત્યાગમાં થોડે ઘણે અંશે રોષ, ઝેર ઇત્યાદિ રહ્યાં છે અને તેથી જ એ ત્યાગ પૂરો શોભ્યો નથી અને ફળ્યો પણ નથી. જેટલા માણસોએ ત્યાગ કર્યા તે બધાએ તે નહિ કરનારનો દ્વેષ ન કર્યો હોત તો આપણી સ્થિતિ આજે ઘણી જ સરસ હોત અને આપણે સ્વરાજ્ય સ્થાપવાની સ્થિતિમાં હોત.

૬. એટલે મોટામાં મોટું આપણું કાર્ય પ્રેમનો વરસાદ વરસાવવાનું છે. પ્રેમ વરસાવવો એટલે ભળી જવું એમ નહિ. એ તો મોહ કહેવાય, એ તો સહિયારૂં ગણાય. આપણો વિરોધ કરતા હોય તેમની ઉપર પણ પ્રેમ રાખવો તેમને મૂર્ખ ન માનવા, તેમની સેવા કરવી, એ પ્રેમ છે. હિંદુ હિંદુની ઉપર પ્રેમ બતાવે તેમાં કંઇ નવાઈ ન હોય, પણ હિંદુ મુસલમાનની ઉપર તેટલો જ પ્રેમ રાખે, તેના રીત રીતરિવાજો બરદાસ કરે એમાં ભલાઇ રહેલી છે. સહકારી સહકારીની સાથે ભળે તેમાં શી નવાઈ છે? પણ અસહકારી સહકારીની ઉપર, તીવ્ર મતભેદ છતાં, મહોબ્બત કરે, ધીરજ રાખે, તેમાં વીરતા છે, તેમાં નમ્રતા છે. તેમને ઉતારી પાડવા, તેમને તુચ્છકારી કહાડવા, તેમની હુરિયો કરવી તેમાં મોટાઇ નથી, પણ તેમને ત્યાં ઉઘાડે પગે જઇ તેમની સેવા કરવામાં મોટાઈ છે.

૭. ભૂલ્યા ત્યાંથી ફરી ગણીએ.

૮. હવે આપણે સહકારી પ્રત્યે, પારસી પ્રત્યે, ખ્રિસ્તી પ્રત્યે, અંગ્રેજો પ્રત્યે મનમાંથી રોષ કહાડી નાખીએ. તેમને પણ ભાઇ ગણીએ. તેમનો બહિષ્કાર ન કરીએ. તેમનાં પાણી, હજામ વિગેરે ન રોકીએ. તેમને જમાડી જમીએ, તેમની સેવા કરી રીઝીએ. જો

બધા ધર્મમાં રહેલો આ કાયદો આપણે સમજી શકીએ તો અને તો જ સ્વરાજ્ય વહેલું અને સહેલું છે. તેથી જ્યાં જ્યાં તૈયારીઓ થઈ રહી છે, ત્યાં ત્યાં તો આપણે પહેલું કામ એ કરવાનું રહ્યું છે કે સહકારી માત્રને મળી લેવું અને તેઓની સાથે મતભેદ છતાં મિત્રતા જાહેર કરવી.

૧૪. અહિંસા એ જ તરણોપાય.

૧. આપણો અહિંસાધર્મ આપણને આપણા શત્રુઓ પર પણ પ્રેમ કરવાનું શીખવે છે. આપણે તો અહિંસામય અસહકારથી જ આપણા અંગ્રેજ રાજ્યકર્તાઓના અને તેમના મળાતયાઓના રોષને જીતવા માગીએ છીએ. આપણે તો તેમની ઉપર પ્રેમભાવ જ રાખીએ અને પ્રાર્થના કરીએ કે ઇશ્વર તેમને આપણી નજરે જે તેમની ભૂલ દેખાય છે તે જોવાની દૃષ્ટિ બક્ષે. આપણી એ પ્રાર્થના દુર્બળની નહિ પણ બળિયાની જ પ્રાર્થના હોવી જોઇએ. આપણું બળ અનુભવીને આપણે સર્જનહારની આગળ ઉલટા વધુ નમ્ર બનીએ.

૨ આ કસોટીની ક્ષણે કહો કે વિજયની ક્ષણે કહો મારા ધર્મનો પણ હું એકરાર કરી લઉં. હું તો મારા શત્રુઓની ઉપર પણ પ્રેમ કરવાના પંથમાં માનનારો છું. વળી હું માનું છું કે હિંદુસ્થાનના હિંદુ, મુસલમાન, શીખ, પારસી, ખ્રિસ્તી અને યહુદીઓને સારૂ અહિંસા એ જ એક માત્ર તરણોપાય છે. હું માનું છું કે સ્વેચ્છાપૂર્વક આપેલા આત્મબલિદાનમાં પત્થરનાં અંતઃકરણને પીગળાવવાની શક્તિ છે. હિંદુસ્થાનની મુક્તિની લડતનો મુખ્ય ભાર ઉપર ગણાવેલી કોમોમાંની પહેલી ત્રણ ઉપર જ રહેવાનો. છેલ્લી ત્રણ કોમો તો પહેલી ત્રણને એકસંપીલી થયેલી જોઈ ડરશે, પણ આપણે આપણી નમૂનેદાર વર્તણુકથી તેમને બતાવી આપવું જોઇએ કે તેઓ આપણા સગા ભાઈ છે. ખુદ અંગ્રેજોને પણ આપણે બતાવી આપવું જોઇએ કે હિંદુસ્થાનના દૂરમાં દૂરના ખૂણામાં સુદ્ધાં તેઓ આપણી વચ્ચે તેટલા જ

સંલામત છે જેટલા તેઓ પોતાને મશીનગનોની પાછળ સંલામત માને છે.

૩. ઇસ્લામની, હિંદુધર્મની, શીખધર્મની, ખ્રિસ્તીધર્મની, પારસીધર્મની, યહુદીધર્મની અત્યારે કસોટી ચાલી રહી છે. બલ્કે ધર્મ પોતે જ અત્યારે આ દેશમાં એરણ ઉપર છે. કાં તો આપણે ઈશ્વરને અને તેના ન્યાયને માનનારા છીએ એ આપણે બતાવી આપવું રહ્યું છે, અગર તો આપણે એ બન્નેનો ઇન્કાર કરીએ છીએ એમ આપણે જાહેર કરવું રહ્યું છે. મારો ખાનદાનમાં ખાનદાન મુસલમાનો જોડેનો પરિચય તો મને એ જ શીખવે છે કે તલવારથી નહિ પણ પ્રાર્થના અને ઈબાદતને પરિણામે પ્રેમથી ઓતપ્રોત બનેલા અને પ્રત્યેક જમાનામાં થાક્યા આવતા એના સંત-ફકીરોથી જ ઇસ્લામ દુનિયામાં ફેલાયો છે. તલવાર ખેંચવાની ઇસ્લામમાં પરવાનગી છે એ સાચું; પણ તેને માટે મૂકેલી શરતો પણ એટલી કડક છે કે તે દરેક માણસને હાથે પૂરી થવી અસંભવિત છે. ધર્મને ખાતર એવી જેહાદ ફરમાવનારો કશી જ ભૂલ કે દોષ વિનાનો સેનાપતિ અત્યારે ક્યાં? એવી તલવાર ખેંચવાના વિચાર પહેલા જે અનહદ વિશ્વપ્રેમ, અને જે શુદ્ધિ આવેલી હોવી જોઈએ તે ક્યાં? હિંદુઓ પણ હિંદી મુસલમાનોના જેવી જ મર્યાદાઓથી બંધાયેલા છે. શીખોનો તાજો ઇતિહાસ પણ એવા શરીરબળના ઉપયોગની સામે સાક્ષી પૂરી રહ્યો છે, આપણામાં હજુ એટલા બધા દોષ, એટલો મેલ, એટલો સ્વાર્થ ભરેલો છે કે મારા ભાઈ શૌકતઅલી કહે તેમ 'અલ્લાહ કી રાહ મે' તલવાર ખેંચવાનો અધિકાર આપણો નથી. અને પોતાનો સર્વ મેલ ધોઈ નાખી શુદ્ધ બનેલા હિંદુસ્થાનને તો તલવાર ખેંચવાની રહેશે ખરી? આવી આત્મશુદ્ધિનો કાર્યક્રમ જ આપણે કલકત્તાની મહાસભામા અખત્યાર કર્યો છે.

૫. ત્યારે આપણે શું કરીએ? અલબત્ત અહિંસાપરાયણ રહીએ અને જ્યાં સરકારને જેટલા જોઇના દોષ તેટલા હસતા ધિકાર

[illegible]
[illegible]

[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]

૧૫. વફાદારી.

૧. મારી મુસાફરીઓમાં એક વાર એક સ્ટેશન ઉપર એકસરખા પોષાકોમાં ઉભેલી એક છોકરાઓની ટુકડી મેં જોઈ. મેં એ પણ જોયું કે એમનો એ પોષાક પરદેશી કાપડનો બનાવેલો હતો યા તો પરદેશી સૂતરમાંથી બનેલો હતો. એમણે કહ્યું કે તેઓ 'સ્કાઉટ' (બાલસેના) વાળા હતા. મારી ઉત્કંઠા વધી. મેં પૂછ્યું: 'તમારે શું કરવાનું?'

'અમે પ્રભુસેવા, રાજાની સેવા અને દેશની સેવા ખાતર છીએ.'

'તમારો રાજા કોણ છે?'

'પંચમ જ્યોર્જ.'

'જલિયાંવાલા બાગ'નું કેમ? ધારો કે ૧૩ મી એપ્રિલ ૧૯૧૯ ને દિવસે તમે ત્યાં હોત અને જનરલ ડાયરે તમને તમારા બેબાકળા બનેલા ભાઈઓ પર ગોળી ચલાવવાનો હુકમ આપ્યો હોત તો તમે શું કરત?

'અલબત્ત એ હુકમનો હું અનાદર કરત.'

'પણ જનરલ ડાયર તો બાદશાહનો સેનાપતિ હતો ને?'

'એ ખરૂં, પણ એ તો નોકરશાહીનો માણસ કહેવાય, એની જોડે અમારે કશી લેવાદેવા નહિ.'

૨. મે એને સમજાવવા માંડ્યું, મેં કહ્યું કે નોકરશાહી અને રાજા વચ્ચે એવા ભેદ કેમ પાડી શકાય? રાજા એ તો વ્યક્તિત્વ વગરની એક ભાવના માત્ર છે અને એ રીતે તો આખી બ્રિટિશ સલ્તનતને પણ રાજા શબ્દથી સૂચવી શકાય. વળી આ સલ્તનત દુનિયા ઉપર આજે જે જે કંઇ કરી રહી

છે તે જોતાં કોઇ પણ હિંદી ઇશ્વરને અને આ સલ્તનતને એકી સાથે વફાદાર રહી શકે ખરો? જે સલ્તનત માર્શલ લૉના કેર વર્તાવી શકે, જે આવા સિતમોની તોબા ન કરે, જે પવિત્રપણે કરેલી પ્રતિજ્ઞાઓનો ભંગ કરીને બીજા દેશો જોડે છૂપા કોલકરારો કરે, એ સલ્તનતને ઇશ્વરની ઓળખ કે ઇશ્વરનો ડર છે એમ કેમ કહેવાય? એ તો કેવળ રાક્ષસી રાજ્ય કહેવાય. એવી સલ્તનતને વફાદાર થવા નિકળવું એ ઇશ્વરને બેવફા થવા બરોબર છે. રામની આણ મોટી કે રાજાની?

૩. છોકરો મૂંઝવણમાં પડ્યો.

૪. મેં મારી દલીલ ચાલુ રાખી: 'ધારો કે આપણો દેશ પણ ધનવૈભવની પાછળ પડે, બીજી પ્રજાઓને નિચોવે, દારૂગાંજાના વેપાર ચલાવે, વેપાર વધારવાને સારૂ લડાઇઓ માંડે, પોતાની સત્તા અને પ્રતિષ્ઠા કાયમ રાખવા દગાબાજીઓ કરતાં પાછું વાળી ન જૂએ, એવે વખતે આપણે એવા સ્વદેશને અને ઇશ્વિરને બન્નેને એકીસાથે કેવી રીતે વફાદાર રહી શકીએ? બન્નેની આણ કઇ રીતે માનીએ? એવે વખતે ઇશ્વરની આણ માનવા ખાતર સ્વદેશની આણને ઇન્કાર કરવો એ જ શું આપણો ધર્મ નથી? તેથી મારૂં કહેવું તો તમને એ છે કે તમારે એકમાત્ર ઇશ્વરને જ વફાદાર રહેવાને બંધાવું. એટલે દરજ્જે અથવા એની વિરુદ્ધ વર્તીને સાથે સાથે જ બીજા પણ કોઈને વફાદાર રહેવાની ભ્રમણામાં ફસાવું નહિ.'

૫. આ રસમય ચર્ચા હજુ પૂરી થતી હતી એટલામાં તો ટ્રેન ઉપડી. મને એ સુંદર નૌજવાનોની કંઇક દયા આવી અને અસહકારની હિલચાલનું ઉંડું રહસ્ય પણ હું વધુ સમજતો થયો.

૬. માણસજાતને માટે આ સંસારમાં એક જ સાદો, સર્વવ્યાપી અને સર્વોપરી ધર્મ હોઇ શકે અને તે એ કે એક ઇશ્વરને જ વફાદાર રહેવું, અંતરમાં વસતા રામની જ આણ સર્વોપરી માનવી અને એ રામને કોઇ કાળે અંતરમાંથી આથમવા દેવા નહિ. રાજા પ્રત્યેની, દેશ

પ્રત્યેની, અગર માનવજાતિ પ્રત્યેની વફાદારી જ્યારે જ્યારે એ ઈશ્વર પ્રત્યેની વફાદારીની આડે ન આવતી હોય ત્યારે ત્યારે અંતર્ગત તેમાં સમાય છે, પણ જ્યારે જ્યારે સ્વદેશનું, રાજાનું, કે માનવજાતિનું વલણ ઈશ્વરાભિમુખ ન હોય, એમનાં મોં ઈશ્વરના સિંહાસનની ઉલટી દિશા તરફ હોય, ત્યારે ત્યારે એ બધાની આણને તરછોડીને એકમાત્ર ઈશ્વરની જ આણ માનવી રહી. અહુરમઝદ અને અહરીમાન, ઈશ્વર અને સેતાન એ બે વિરોધી તત્ત્વો બધા જ ધર્મોમાં છે, અને એકને ભજીને બીજાને તજો એવું દરેક ધર્મમાં ઉપદેશાયું છે. છતાં યે બીજી વફાદારી આગળ ઈશ્વર પ્રત્યેની વફાદારી ઉંચે મૂકનારા આપણામાં ઘણા યે છે. મને ઉમેદ છે કે હિંદુસ્થાનના નૌજવાનો અને તેમને કેળવનારાઓ પોતાના સ્વધર્મ અથવા વફાદારી વિષેના ખ્યાલો ફરી તપાસી જોશે અને જ્યાં તેઓ ભૂલ કરી રહ્યા છે એમ જૂએ ત્યાં તે સુધારી લેશે. કુમળાં મનનાં બાળકોને અર્થહીન સૂત્રો કે સેવામંત્રોથી મુક્ત કરવા એ નાની વાત નથી.

૭. [આપણી લડતનું મંડાણ કેવળ ઈશ્વર પ્રત્યેની વફાદારી ઉપર જ ખડું થયું છે. રાજાને, દેશને જ વફાદાર રહીને તો આજે આપણે અંધાધુંધી અને ખૂનામરકીની કડવાશના ઘુંટડા ઘણા યે પીધા હોત.] કોઈ પણ માણસે હિંદુસ્થાનમાં બોલ્શેવિઝમ રોક્યું હોય તો તે ગાંધીએ એમ તમે મને પાંચ વર્ષ પછી કહેશો.

થઇ ગઈ છે. હું જાણું છું કે તે અવતારી પુરુષ છે. મને તો ખબર છે કે હું એવો તો પૂરો થઈ ગયો છું કે તેના હાથથી હું મરી જાઉં તોપણ કાંઈ ખોટું નહિ.' પણ આપણી સલ્તનતને તો ખુદાનો ડર રહ્યો જ નથી. ખુદાને હાથે મરીશું એવો ખ્યાલ નથી. તે તો ખુદાને ધોળીને પી ગઈ છે. તેનો ખુદા, તેની તકબ્બરી, તેની દોલત, તેનો દગો છે. યુરોપિયન સંસ્કૃતિ સેતાનિયતથી ભરેલી છે; પણ અંગ્રેજી સલ્તનત સૌથી વધારે સેતાનિયતથી ભરેલી છે. આજસુધી હું યુરોપમાં અંગ્રેજી સલ્તનતને ઓછામાં ઓછી ખરાબ માનતો હતો; હવે તો મારી ખાત્રી થઇ છે કે એના જેવી ખુદાને ભૂલી ગયેલી સલ્તનત બીજી કોઈ નથી. એ સલ્તનતની સેવા હું નથી કરવા માગતો. એના આશ્રય તળે મારાથી એક ક્ષણ પણ ન રહેવાય.

૮. આ સલ્તનત તો પાપને જ ધર્મ માને છે; આ સલ્તનત પોતાના દેશને બીજા દેશોને કચરી નાખીને આબાદ બનાવે છે; તે અત્યાચાર છે. હું હિંદુસ્થાનને બીજા દેશોને કચરી–તારાજ કરીને આબાદ કરવા ઇચ્છતો નથી, બીજાના ધર્મનો લોપ કરીને હિંદુસ્થાનને હું ચડાવવા નથી ઇચ્છતો; પણ આ સલ્તનત તો કહે છે કે બાદશાહીને સારૂ ગમે તેવા અત્યાચાર અમે કરીશું. સલ્તનત બોલતી નથી, કરી બતાવે છે. પંજાબમાં તેણે કરી બતાવ્યું છે. હું કૃષ્ણનો પૂજારી તમને સહુને કહું છું કે એવી સલ્તનતની નિશાળોને, તેમની અદાલતોને તમે ફેંકી દેજો. મારા શરીર માટે મને કોઇનો ડર નથી; મારૂં શરીર તો હું એ સલ્તનતને સોંપીને જ અહિં બેઠો છું; તમારા દિલની સરદારી તમે ઈશ્વરને જ સોંપજો. તે વખતે તમારી બેડી તૂટી જશે.

૯. અંગ્રેજી સલ્તનત અત્યારે લાલચ અને લોભને વશ પડેલી છે. લાલચથી જ તે અંહિ આવી હતી. ઇસ્ટ ઇન્ડિયા કંપની લાલચને લીધે જ અહિં આવી. તેણે આવીને જોયું કે રાજ્ય

વિના વેપાર ચાલે તેમ નથી. તેણે જે 'બાદિ' સોના અને રૂપાની ખાણો જોઈ. તે ખાણો તે આપણું શરીર અને એ ધરનું શરીર. એ સોનાં-રૂપાં લૂંટવા સારૂ એ સલ્તનતે આપણને નગ્ન કર્યાં. તેણે લાલચોથી, અત્યાચારોથી, અનેક પ્રકારના જુલમોથી આપણાં શરીર હરણ કરી લીધાં.

૧૦. બંગાળમાં, ચંપારણમાં, આસામમાં હજારો વીઘા જમીન આપી તેઓ પાક કરે છે. પણ ત્યાં પણ મજુરી જૂનો તો આપણી જ. અપી વેપાર કાં તો દબાવીને કાં તો શોષવાથીને કરવામાં આવે છે. આમ આ સલ્તનત શામ, દામ, ભેદ અને દંડ એવી જે ચાર નીતિઓ કહેવી છે તે બધીનો ઉપયોગ કરીને આપણા ઉપર રાજ્ય ચલાવી રહી છે. સરકાર પૈસા તો ચોરતી જ હતી; પણ હવે તો તે આપણા માનની ચોરી કરવા લાગી છે. જ્યાંસુધી એ કેવળ પૈસાની ચોરી કરતી હતી, ત્યાંસુધી મેં એની બરદાસ્ત કીધી. મેં મારા આશ્રમના જેવો એની સાથે વ્યવહાર રાખ્યો. જેમ આશ્રમમાં હું કોઇ ચોરને શિક્ષા કરતો નથી, તેમ મેં સરકારને પણ સહન કરી. પણ જ્યારે સરકારે મારા દેશના માનને છેડ્યું, ત્યારે હું ચેતી ગયો કે એ તો રાવણનો અવતાર છે, એનો સંહાર કરવો જોઇએ. આથી હું રામચંદ્રનો અવતાર છું એમ નથી કહેવાનો દાવો કરતો, એને આપણે ઇશ્વર માનીએ છીએ. હું ઇશ્વર નથી, તમે પણ નથી, પણ આપણે બધા રામચંદ્રના વારસ છીએ. તેની તપશ્ચર્યા, તેનાં દુઃખ વેઠવાનો આપણો ધર્મ છે.

૧૧. સરકારને હું ડાકુની સાથે સરખાવતો આવ્યો છું. કોઈ ડાકુ આપણી મિલ્કત લૂંટી જાય અને પછી આપણને તેમાંથી અર્ધી પાછી આપવા માગે તો તે શું આપણે લઈ શકીએ? પણ આ સરકાર તો ડાકુના કરતાં પણ બૂરી છે. સરકારે આપણને ખાલી કર્યા છે એટલું જ નહિ, પણ તે તો આપણા આત્માનો કબજો લેવા બેઠી છે. સરકાર આપણને ગુલામ બનાવવા બેઠી છે.

તો તેને આપણે એટલું જ કહેવાનું રહે છે કે જ્યાંસુધી અમારે મિત્રભાવ જ નહિ પણ અમારી આબરૂ, અમારી રક્ષા ના, પાછી ન આપો ત્યાંસુધી તમારી સાથે મહોબ્બત રાખવી હરામ છે.

૧૨. કોઈ પણ મનુષ્યનો સ્વભાવ નીચ હોઈ શકે છે એમ માનવું મારી વૃત્તિથી વિરુદ્ધ છે. પણ નોકરશાહીના મનના અધઃપતન વિષે મારી પાસે એટલો બધો પુરાવો છે, કે મને લાગે છે કે નોકરશાહી પોતાનો ઉદ્દેશ પાર પાડવા માટે ગમે તે ન જ કરે એમ રહ્યું નથી. પંજાબ જતાં પહેલાં ત્યાંના જુલમો ઉપર છાપાના અહેવાલો વિષે મેં જે ટીકાઓ સાંભળી તેના ઉપર પ્રથમ તો મારો મુદ્દલ જ વિશ્વાસ બેઠો નહિ એ અક્ષરશઃ સાચું છે. પણ જ્યારે હું ત્યાં ગયો ત્યારે મેં જોયું કે ત્યાંની સ્થિતિ મારા આગળ વર્ણવવામાં આવી હતી તેના કરતાં તો ઘણી જ વધારે ખરાબ હતી. જલિયાંવાલા બાગ જેવી નિર્દોષ લોકોની કાંઈ પણ કારણ વગર અને કશી ચેતવણી આપ્યા વગર કતલ થઈ હશે એમ માનવાને પણ પ્રથમ તો હું તૈયાર નહોતો. માણસ જેવા માણસને પેટે ચાલવાની સજા થઇ હશે એમ માનવા પણ હું તૈયાર નહોતો. પણ મેં મારી આંખે જોયું, અને જોઇને હું દિંગ થઇ ગયો કે મેં સાંભળ્યું હતું તેના કરતાં બનેલા બનાવો વધારે ગંભીર અને ગોઝારા હતા. અને આ બધું શાને સારૂ કરવામાં આવ્યું? કહેવાતી શાંતિ અને વ્યવસ્થાને નામે; પણ ખરેખર તો ખોટો મોભો ટકાવવા માટે, ખોટું રાજ્યતંત્ર ટકાવી રાખવા માટે અને અસ્વાભાવિક વ્યાપાર પોષવા માટે!

૧૩. જેમ જેમ આ રાજ્યતંત્રનો હું વધુ વધુ અભ્યાસ કરતો જાઉં છું તેમ તેમ મારી તો વધુ ને વધુ જ ખાત્રી થતી જાય છે કે આ રાજ્યને સુધારવાના કાર્યમાં થીગડાં દઇને ચલાવી લેવા મથવું એ કેવળ ફાંફાં છે. અર્ધદગ્ધ ઇલાજોને હવે સ્થાન જ નથી. ધરમૂળમાંથી બધો પલટો થવાની જરૂર છે. પણ હું જે રાજ્યપલટાની હિમાયત કરી રહ્યો છું તે ખૂનામરકી અને તોપતલવારથી

[illegible]

૧૪. [illegible]

[illegible] ... ભાવનાઓને [illegible] બન્યો, જે દુરિત [illegible] તેને મિટાવવા અથવા તો દુબાવવા [illegible] કરવા ઇચ્છે.

• ગોરખપુરના અત્યાચારો.

૧૫. જે હિંદી સરકાર વડી સત્તાની અનીતિને શરણુ થવાની પ્રજાને સલાહ આપી રહી છે તેણે એ વડી સત્તાને ભાગે આવનારી નાલેશીમાં પણ ભાગીદાર થવું જ જોઇએ. કોઇ પણ નોકર વિશ્વાસઘાત થયા પછી કે પોતાની ઇજ્જત પર હાથ નખાયા પછી પોતાને મળતા હૂકમોને માન આપવાને બંધાયેલો રહેતો નથી. સેવ઼ેની સુલેહના કરારે કરેલી પ્રતિજ્ઞાઓનો તેમ જ સામાન્ય ખાનદાનીના નિયમોનો ચોકખો ભંગ નથી તો બીજું શું છે? ભૂખે મરતાની જોડે ખરી સહાનુભૂતિ ધરાવનારો તો એના દુઃખમાં સાથી બનશે, એને ભૂખના દુઃખથી દીવાનો બનતો જોઇને ગોળીએ દેવા નહિ નિકળે. જો અંધાધુંધી હિંદુસ્થાનમાં ફેલાશે જ તો તેની જોખમદારી હિંદી સરકાર ઉપર અને જે કોઇ તેને તેના આટ-આટલાં દુષ્કૃત્યો છતાં નભાવવામાં મદદ કરી રહ્યું છે તેમની ઉપર જ રહેશે; જેઓ તેમના દુષ્કૃત્યોનો અમલ કરવા ઇન્કાર કરી રહ્યા છે, જેઓ લોકોને એ અક્ષમ્ય દુષ્કૃત્યોને ભૂલી જવા કહેવાનું અશક્ય કામ કરવાની ના પાડી પ્રજાના રોષને યોગ્ય માર્ગે જ વહેવા દેવાની મહેનત કરી રહ્યા છે તેમના ઉપર કદાપિ નહિ.

૧૬. સરકારને સેતાની કહેવાતી જોઇ નામદાર વાઇસરૉય હેરાન થઇ રહ્યા છે. એ વર્ણન પોતાની જાતને લાગુ કરવામાં તેઓ નામદાર ભૂલ કરે છે. કારણુ વ્યક્તિઓને તો કોઇ જ સેતાની કહેતું નથી. વળી આ કાલ્પનિક આરોપની લ્હાણુમાં પોતાના હિંદી સાથીઓને પણ ભેળવવાની નામદાર વાઇસરૉયની ચાલાકી તો છેક જ ઉઘાડી પડી જાય છે. પણ જે રાજ્યતંત્ર નામદાર વાઇસરૉય તેમ જ તેમના સાથીઓ—પછી તે અંગ્રેજ હોય કે હિંદી—ચલાવી રહ્યા છે તે તો સેતાનના એકેએક ગુણોથી વિભૂષિત છે,—દગાબાજી, પાખંડ પાપપુણ્ય નીતિ-અનીતિના ખ્યાલનો હડહડતો તિરસ્કાર, પ્રસંગ પડ્યે મને તેવો સિતમ ગુજારવામાં પાછું વાળીને ન જોવું, અને બહુ તો અચકચરો એકરાર કરવા છતાં એવા દુષ્કૃત્યનો બચાવ જ કરવાની વૃત્તિ—આમાંના કયા ગુણમાં ચાલુ રાજ્યતંત્ર કંગાળ છે?

[illegible]

૧૮. [illegible]

૧૯ [પોતાને જાત વગરની અને આઝાદીથી ઉપર [illegible] માનતી સરકાર એમ ધારે છે કે [illegible]] હક્ક પ્રજાની ઉપર પોતાની મરજ ચલાવવાનો અને પ્રજાને તેની પોતાની મરજી મુજબ વર્તવાની છુટ આપવાના ઇન્કારનો છે. પ્રજા જો સરકારના એ હક્કને કબૂલ રાખવા અને પોતાની ઇચ્છાઓને છોડી દેવા તૈયાર ન હોય તો કેદમાં [illegible] બેસે.

૨૦. [illegible]

રહી છે. ખરે જ, આ રાજ્યતંત્રને નિહાળીને મને જેટલો ત્રાસ છૂટે છે તેટલો ભાગ્યે જ બીજા કોઈને છૂટતો હશે. ચાલુ સરકાર પ્રત્યે અપ્રીતિ એ તો આ દેશમાં અત્યારે સામાન્યમાં સામાન્ય સાર્વત્રિક અનુભવની વસ્તુ છે. પણ કોઈને તો એમ લાગે કે જ્યાંસુધી બોલનારાઓનાં વચન ખૂનામરકીની ઉશ્કેરણી ઇત્યાદિથી દૂષિત ન હોય ત્યાંસુધી પોલિસને એમની પાછળ લાગવાનું કારણ નથી. પણ આ સરકારની મોટામાં મોટી ખોડ જ એ છે કે એની રાજ્યનીતિમાં મેળ જેવી કોઈ વસ્તુ જ નથી. મર્હુમ મિ. ચેમ્બરલેન જીવ્યા ત્યાં સુધી પોતાની એ શ્રદ્ધા જાહેર કરીને અભિમાન માનતા કે અંગ્રેજ અધિકારીના મોઢાનો શબ્દ તે 'અત્ર મતુ તત્ર શાખ' સમેત કરેલા લખતથી કોઈ રીતે ઉતરે નહિ. આપણો દુઃખદ અનુભવ તો આજે આપણને એમ કહી રહ્યો છે કે અંગ્રેજ સરકાર જેવી સરકારનો કરેલો કરાર પણ આજે કચરાની ટોપલીમાંનાં કાગળથી વધુ કિમ્મતનો નથી.

૨૧. સરકારના દોષનું દર્શન કરાવતાં સરકાર પ્રત્યે દ્વેષ વધે તેથી કંઈ દોષને [illegible]. નિર્દોષનો દ્વેષ ન કરવો એ અદ્વેષનો ગુણ સૂચવતું નથી. [illegible] પણ [illegible] ન કરે તે જ અદ્વેષતાનો ગુણ [illegible] છે. [illegible] અંગ્રેજ [illegible] બધા દોષો બતાવતો છતાં તેમના [illegible], તેઓનો અસહકાર [illegible] અથવા તેઓની પાસે હિન્દુસ્થાન [illegible] જોઉં છું.

૨૨. [illegible] જેવા [illegible] પ્રયત્ન પણ [illegible] કરતાં [illegible] કરતાં [illegible] છે એમ [illegible]

૨૩. સરકારને હજુ મનાનો મદ છે. હકૂમતના મદની દબાવવાની હજુ તેને આશા છે. આપણા મનનો કે આપણે બલિદાન દેવાની શક્તિ ઉપર તેને વિશ્વાસ નથી બેઠો. જ્યાં સુધી આપણને દબાવી શકવાની આશા રાખે ત્યાંસુધી સરકાર આપણી સાથે સમાધાનીની વિધિ કરે તે પણ જેવી કોઇ ગોરાની સાથે કરે તેવી જ હોય.

૨૪. સરકારના હિમાયતીઓ કહે છે કે આપણી માગણી એવી બેહુદી છે કે તેનો અમલ અશક્ય છે. અશક્ય કહેવાથી કંઇ વસ્તુનો અમલ અશક્ય નથી થતો. અથવા એક અશક્યના કારણને અભાવે હોય છે અને બીજી શક્તિને અભાવે.

૨૫. પ્રજાની ઇચ્છાઓને ઝીલનાર કોઇ પણ પ્રામાણિક સરકાર પ્રજાનાં મન રાજી કરવાની આવી સોનેરી તક ન ગુમાવે, ઉલટી અનાયાસે દારૂના દુષ્ટ વ્યસનને પ્રજામાંથી દફનાવે, નગણ્યાસગણ્ય અધકચરા રાષ્ટ્રીય કેળવણીના અખતરાઓનો પણ સ્વાશ્રયના પ્રયત્ન તરીકે આદર કરી ઉત્તેજન આપે, લવાદ દ્વારા કજીઆ પતવવાની પ્રજાની ઇચ્છાને ઉદ્દીપ્ત કરે અને આળસના ઓસડ તરીકે સંચાકામથી નિકળતા દેશી કાપડની પૂરવણી તરીકે પણ હાથકંતામણ અને રેંટિયાના છ્ણોદ્ધારને આવકારદાયક લેખે. કોઇ પણ પ્રજાહિતદક્ષ સરકાર આ લડતનો મર્મ સહેજે સ્વીકારે, સાનમાં તેનું ધાર્મિક સ્વરૂપ સમજી જાય અને તેના મૂળમાં રહેલાં શુભ હેતુ તથા તેના નૈતિક બળ સામું જોઇ પોતા પ્રત્યેના તેના વિરોધ તરફ દુર્લક્ષ કરે એટલું જ નહિ, પણ બળ, ચારિત્ર્ય અને પવિત્રતાની પિપાસા પ્રજામાં ફરી એકવાર પ્રવર્તાવવાના પ્રયત્નને વધાવી લે પણ સરકાનું હૃદય ન પલટાય ત્યાંસુધી એવું ક્યાંથી બને? અને એવો પલટો જોવાની આશા આજ હજી ન રાખી શકાય.

૨૬. સંભવે છે કે મારા વિચારમાં દોષ હોય, મારી બુદ્ધિમાં મંદતા કે જડતા હોય; પણ મારી આંખને આ સરકારના રંગઢંગમાં ક્યાંયે પશ્ચાત્તાપનો લવલેશ સરખો દેખાતો નથી

એટલું જ નહિ, પણ હું તો એને ઉલટી પ્રજાને ઘોંચપરોણા કરી કરીને તેને હાથે તોફાન કે મારફાડ કરાવવાની અને પછી ફરી પાછી ડાયરશાહી ચલાવવાનું ખાસ્સુ બહાનું શોધવાની પેરવી કરી રહેલી દેખું છું. પંજાબના પાપનું જે એક જ રસ્તે પ્રાયશ્ચિત્ત સંભવે છે તે કરવાના સરકારના ઇન્કારનો અર્થ જ એ છે કે અમૃતસરની પેઠે લોકો જ્યાં જ્યાં કયાં યે ઘેલા થાય ત્યાં ત્યાં ડાયરશાહી ચલાવીને અપરાધી નિરપરાધી સૌ કોઇને ધોળે દહાડે તારા દેખાડી દેવા અને અમૃતસરના એક અધિકારીના શબ્દોમાં કહીએ તો આજની પ્રજાના અપરાધનાં ફળ એમનાં છોકરાંનાં છોકરાંને ભોગવવાં પડે એટલે સુધી એમની વલે કરવી.

૨૭. સરકાર તલવારનું શૂરાતન સમજે છે અને એ તલવારનો તોડ પણ આપણી સામે તેણે કરી રાખ્યો છે. એ તો આપણે કયારે ભૂલેચૂકે પણ ખૂનામરકી કરીએ એની વાટ જ જોઈ રહી છે. ખૂનામરકીનો મુકાબલો કરવામાં અને તેને દાબી દેવામાં તે અજીત છે. તેથી જ આપણે અહિંસાધર્મ ઉપર દઢ રહીને તેમની હિંસાવૃત્તિને થીજવી દઈશું. તલવાર ચલાવવાની તરસ જેના ઉપર તે ચાલવાને ટાંપી રહી હોય છે તેના તરફથી કશો જવાબ ન મળતાં એનીમેળે મરી જાય છે.

૨૮. એ સલ્તનત સાથે મુકાબલો કરવામાં હું ધર્મની હાનિ બિલકુલ જોતો નથી. સગા દીકરા સામે હું પ્રસંગ આવે તો અસહકાર કરી શકું તેમ સલ્તનત સાથે પણ કરૂં. એ પણ ધર્મ છે. માણસ માત્ર ભૂલથી ભરેલો છે, પાપી છે. હું કબૂલ કરૂં છું કે હું પોતે સંયમધર્મ પાળું છું તોપણ હું સંપૂર્ણ નથી. મારામાં પાપ અને અપૂર્ણતા ભરેલાં છે. તો યે હું પાપથી ડરૂં છું. મારામાં ત્રુટિઓ છે તેને કહાડવાને હું પ્રયત્ન કરૂં છું. હું તેમનો ગુલામ નથી.

૨૯. અત્યારનું રાજ્ય એ રામરાજ્ય નથી એ રાવણરાજ્ય છે. એ રાવણરાજ્યમાં આપણે પીડાઇએ છીએ, અને પાખંડ

[illegible]

... હોત ... કર્યું છે તેની સામે અહિંના પાખંડીઓ શું કરી શકવાના છે? હિંદુ-મુસલમાનને પાખંડ કરવું હોય તોપણ આપણી પાસે પાખંડ નથી. રાવણને પાખંડથી મારવો હોય તો તેના જેવાં દશ માથાં ને વિશ ભુજા જોઈએ તે ક્યાંથી લાવવાં? એને મારવાનું કામ રામ જેવો પાખંડી જ કરી શકે. રામની પાસે શું પાખંડ હતું? એણે બ્રહ્મચર્યનું પાલન કર્યું હતું, એને ઈશ્વરનો ડર હતો. એની સેના વાંદરાઓની હતી. વાંદરાંઓએ કોઈ દિવસ હથિયાર ઉપાડ્યાં છે? આજે પણ આપણે દીવાળી ઉજવીએ છીએ તે એ રામનો રાવણ ઉપરનો વિજય ઉજવીએ છીએ. પણ એ વિજય આપણે ત્યારે જ ઉજવી શકીએ જ્યારે આપણે આ દશ નહિ પણ હજાર માથાંવાળા રાવણને છિન્નભિન્ન કરી શકીએ, તે નથી કરી શક્યા ત્યાંસુધી આપણે માટે વનવાસ જ રહ્યો છે. તમે સીતાજીના જેવી સતીઓની ઉપર કુદૃષ્ટિ ન કરો તો જ આ સલ્તનતને તમે મહાત કરી શકશો. સેતાનને કોઈ મહાત કરી શક્યો હોય તો તે ઈશ્વર જ છે. તેણે જ સેતાનને પેદા કર્યો અને તે જ તેને મારી શકે છે. આદમીની શક્તિથી તે હારતો નથી. એકલા ઈશ્વરની ગુલામી કરનાર માણસ મારફત ઈશ્વર જ તેને હરાવે છે.

૩૦. આવી રાક્ષસી સલ્તનતની રૈયતે શું કરવું? તુલસીદાસજીએ કહ્યું છે કે જે અસત છે, જે બૂરા છે તેમની અસંગતિ કરવી-તેમનો સંગ છોડવો; તેમની મહોબ્બત તોડવી. તેમનો અસહયોગ કરવો, તેમને મદદ આપવી બંધ કરવી. પણ આપણે રામ નથી માટે આપણે એના શરીરને મારીને કશું ન કરી શકીએ. આપણે તો માનીએ છીએ કે એની દુષ્ટ વાસનાઓને લીધે એ

વારંવાર નવા નવા શરીરો ધારણ કર્યા કરશે પણ આપણે વાલ્મીકિ—તુલસીદાસજીની આજ્ઞા પાળી તેના સંગનો ત્યાગ કરવો જોઇએ; તેની દુષ્ટતાનો નાશ કરવો જોઇએ. પારસી—કુરાન-બાઇબલ-સ્વામિનારાયણે એ જ શીખવ્યું છે કે દુષ્ટનો સંગ ન કરવો, એને મદદ ન દેવી-લેવી.

૩૧. સીતાજીએ જેવો રાવણની સાથે અસહકાર કર્યો, રામચંદ્રજીએ જેવો રાવણની સાથે અસહકાર કર્યો તેવો અસહકાર આપણી સ્ત્રીઓ, પુરુષોએ સરકાર સામે કરવાનો છે. રાવણે સીતાજીને લાલચો આપી નાના પ્રકારનાં પકવાન્ન મોકલ્યાં, પણ સીતાજીએ તેની અવગણના કરી, અને રાવણના પંજામાંથી છૂટવાને તેમણે ભારે તપશ્ચર્યા કરી. જ્યાંસુધી સીતાજી રાવણના હાથમાંથી છૂટયાં ન હોતા ત્યાંસુધી તેમણે કાંઇ વસ્ત્રાભૂષણ યા અલંકારોથી પોતાનું અંગ શણગાર્યું ન હતું. રામચંદ્રજી અને લક્ષ્મણજીએ ભારે ઇન્દ્રિયદમન કર્યું. ફળફૂલ, કંદમૂળ ખાઇને સંયમમાં દિવસ ગૂજાર્યા. બન્ને ભાઈઓએ કઠણ બ્રહ્મચર્યવ્રત પાળ્યું. તમને હું કહેવા માગું છું કે જ્યાંસુધી આ જાલિમ સલ્તનત આપણા ઉપર બેઠી છે ત્યાંસુધી તમે સૌ બહેનો, અને આપણા સૌ ભાઇઓને કશો શણગાર કરવાનો અધિકાર નથી. જ્યાંસુધી હિંદુસ્થાન સ્વતંત્ર નથી, મુસલમાનોના ઘા રૂઝાયા નથી, ત્યાંસુધી આપણે માટે ફકીરી જરૂરની છે. આપણે એશઆરામ આપણા શોકાગ્નિમાં બાળીને ભસ્મ કરવાં જોઇએ. હું દીન વચનથી તમારી પાસે માગું છું કે એશઆરામ તજી કઠણ તપશ્ચર્યા કરો હૃદય અને મનને પવિત્ર રાખો.

૩૨. આ એક યજ્ઞ છે તેમાં જ્યારે આપણે આપણું બલિદાન દઈશું ત્યારે આપણે જાતે વિશુદ્ધ થઇશું અને આ રાવણરાજ્યને મિટાવીને રામરાજ્યની સ્થાપના કરી શકીશું. એ રામરાજ્ય તે સ્વરાજ્ય છે. સ્વરાજ્ય સ્થાપ્યા વિના આપણે આ રાક્ષસી રાજ્યમાંથી છૂટી શકીએ તેમ નથી.

૩૩. વિચાર કરીએ તો આપણે જોઈશું કે સ્વરાજ્ય મેળવવા સારૂ આત્મશુદ્ધિ મેળવવાની હદ જ નથી. એમ વધેલી શુદ્ધિ એમ વધેલું સ્વરાજ્ય. આટલું તો આપણે સમજી લેવું જ જોઈએ કે આપણો આત્મશુદ્ધિનો દાવો ખરો હોય તો આપણે આપણું વર્તન સુધારે જ જવું જોઈશે. કીડીથી માંડી કુંજર સુધી સૌના હક તપાસી આપણે તે આપવા જોઈશે. એમ કર્યે આપણા હક્કો આપણને જગત વગર માગ્યે આપશે એ વિષે કોઈએ શંકા જ ન રાખવી.

૩૪. આપણે યા તો વધારે રાક્ષસી બીજાને આ રાક્ષસી નીતિને રોકવી રહી અથવા તો રાક્ષસી નીતિથી અલગ રહી તેને મટાડવી રહી. પાપ, અન્યાય કોઈ કાળે સ્વતંત્રપણે નભી શકતાં જ નથી. તેને હંમેશાં ઓથ જોઈએ જ. તેથી જ સર્વ ધર્મનું શિક્ષણ છે કે પાપની સાથે અસહકાર કરવો એ પરમ ધર્મ છે. પણ જો તેમ કરીને આપણે પાપનીતિ દૂર કરવી હોય તો આપણે દરેક કાળે વિચાર કરીને આપણા જીવનને પાપમાંથી બચાવી લેવું એટલે પાપી નીતિ એની મેળે પડી ભાંગશે.

૩૫. આપણે આપણા શીલનું રક્ષણ કરવું હોય તો અસહકાર વિના બીજો ઉપાય નથી. વિદ્યાર્થીઓ શાળાત્યાગ એ કારણથી કરતાં અટકે છે કે આજે શાળા છોડીશું તો કાલે આપણા શિક્ષણનું શું થશે? હું તમને વિશ્વાસ આપું છું કે જે શ્રદ્ધાથી જાનકીજી રાવણનો આહાર તજતાં હતાં—રામચંદ્રજી પાસેથી તેમને આહાર તો પહોંચતો જ હતો—તે શ્રદ્ધાથી તમે આ સેતાની સલ્તનતનું શિક્ષણ છોડશો તો તમારે માટે રામચંદ્રજી અને શ્રીકૃષ્ણ ભગવાન્ શિક્ષણની ગોઠવણ કરશે.

૩૬. ગીતામાં અભેદબુદ્ધિ કહી છે તેનો અર્થ શું? જ્યાંસુધી પંજાબના પુરુષો ઉપર જે મારપીટ થઇ, પેટ અને નાક ઘસાવવામાં આવ્યાં, વિદ્યાર્થીઓની ઉપર અત્યાચાર થયા, તે તમારા ઉપર જ થયા હતા એમ તમને ન થાય ત્યાંસુધી તમે અભેદબુદ્ધિ નથી મેળવી.

શ્રીસમર્થ રામદાસ સ્વામી વિષે કહેવાય છે કે તેમણે કોઈને ચાબુક મરાતી જોઈ હતી ત્યારે તેમને એટલું દુઃખ થયું હતું કે તેમની પોતાની પીઠ ઉપર ચાબુકની સોળો દેખાઈ. રામદાસ સ્વામીએ કેળવેલી આ અભેદદૃષ્ટિને લીધે તેઓ આપણા પૂજ્ય થઈ પડ્યા છે. પંજાબમાં અને મુસલમાનોને જે ગેરઈન્સાફ થયો છે તે આપણને જ થયો છે એમ આપણને ન લાગે તો આપણે ઈસ્લામનું રક્ષણ શી રીતે કરી શકીશું, હિંદુધર્મનું રક્ષણ શી રીતે કરી શકીશું? [હિંદુસ્થાનપૂરતી પણ અભેદબુદ્ધિ આપણે ન મેળવી શકીએ તો હિંદને ફોલી ખાતી સરકારને આપણે કઈ રીતે મિટાવી શકીએ?]

૩૭. સરકારે અસહકારને નિંદવામાં દંભનો ઉપયોગ પુષ્કળ કર્યો છે. સરકાર કહે છે કે અસહકારથી અંધાધુંધી થશે. પણ સરકાર જાણે છે કે અસહકારની સાથે જ વ્યવસ્થા શરૂ થઈ છે. સરકારની કેળવણીનો ત્યાગ એટલે કેળવણીની અવ્યવસ્થા નહિ પણ ગુલામીની કેળવણી મટી સ્વતંત્રતાની કેળવણીની સ્થાપના; સરકારની અદાલતનો ત્યાગ એટલે ટંટાફિસાદોનો વધારો નહિ પણ તેનો પંચોની મારફતે ચૂકાદો; ધારાસભાનો ત્યાગ એટલે ધારાઓનો–સંયમનો ત્યાગ નહિ પણ સ્વચ્છંદી કાયદાઓ મટી પ્રજાને માન્ય એવા સંયમો રૂપી ધારાઓનું સ્વેચ્છાએ પાલન; પરદેશી કાપડનો ત્યાગ એટલે નગ્નાવસ્થા નહિ પણ પ્રજાએ પોતાની હસ્તકળાથી ઉત્પન્ન કરેલા પવિત્ર કાપડનો શરીરરક્ષાર્થે પવિત્ર ઉપયોગ, સરકારની સિપાઈગિરીની ભરતીનો ત્યાગ એટલે પ્રજામાં પોતાની રક્ષા કરવાની શક્તિ: આમ સરકારની સામે અસહકારનો અર્થ પ્રજામાં અંદરઅંદર સંપૂર્ણ સહકાર એમ છે.

૩૮. સરકારના દંભનો પાર નથી તેમ તેની ઉદ્ધતાઈનો યે પાર નથી. જે માણસ નકામો ડર બતાવે છે તે ઉદ્ધત છે. જે ન થઈ શકે એવો દાવો કરે છે તે ઉદ્ધત છે. સરકાર એવો દાવો કરે છે કે હિંદુસ્થાનને અફઘાન હુમલાના ભયથી તે જ બચાવે છે. અને કહે છે કે જો અસહકારની ફત્તેહ થાય તો, એટલે સરકાર વિદાયગીરી

તે તો, હિંદુસ્થાનની સ્થિતિ નમાયા બાળકના જેવી કેવળ રક્ષારહિત થઇ જાય અને હિંદુસ્થાનની ઉપરે ગમે તે પ્રજા હુમલો કરી શકે. હકીકત એવી છે કે જ્યારે આપણી વચ્ચે સહકાર હોય, જ્યારે આપણે હિંદુ, મુસલમાન, શીખ ઇસાઈ, પારસી એક પ્રજા છીએ એમ માની નિડરપણે સ્વાશ્રયી બની રહીએ, પ્રજા પોતાની જોઇતી અન્નવસ્ત્રાદિની હાજતો હિંદુસ્થાનમાં જ ઉત્પન્ન કરે, ત્યારે હિંદુસ્થાન ઉપર કટાક્ષ કોણ કરી શકનાર છે?

૩૯. અહિંસાનો, શાંતિનો અર્થ નામર્દાઈ નથી, તેનો અર્થ શુદ્ધ મર્દાનગી છે. હિંદુસ્થાનપર એવો હુમલો થાય ત્યારે હિંદુસ્થાન કાં તો પરમ શાંતિથી શત્રુનો પરાજય કરે અથવા તો તેનાથી એ રીતે એવી ઉદ્ધતાઇ સહન નથાય તો તેની ક્ષત્રિય જાતો—શીખ, મુસલમાન વિગેરે હુમલાખોરને દંડ દે. અહિંસા, અમનનો અર્થ પરાધીનતા–દુર્બળતા નથી. શૌર્ય ત્યાં જ ક્ષમા હોઇ શકે. જ્યારે સરકારને છેલ્લી સલામ કરવાનો વખત આવશે ત્યારે હિંદુસ્થાન આજની જેમ નિસ્તેજ નહિ હોય પણ તેનું તેજ ચોમેર ઝળહળી રહ્યું હશે. જો કોઇ એમ કહે કે એવો દિવસ કંઇ આવે? તો એવી શંકા કરનારને જવાબ એટલો જ અપાય કે જ્યાંસુધી એવો દિવસ આવે નહિ ત્યાંસુધી હિંદુસ્થાન સ્વરાજ્ય ભોગવવા લાયક ન જ બને. અને જ્યારે એવો શુભ દિવસ આવવાનો હશે ત્યારે તે કેવળ શાંતિમય અસહકારથી જ આવ્યો હશે.



૧૭. અપશબ્દ.

૧. જેઓ પોતાને અસહકારી કહેવડાવે છે તેઓ જેટલે અંશે ગાળો બોલવામાં રોકાય છે તેટલે દરજ્જે તેઓ આઘાત હિંસા કરે છે અને પોતાના અહિંસાવ્રતનો ભંગ કરે છે. પણ 'હકીકતમાં અસહકારીઓનું દરેક ભાષણ ગાળોનું અને ગઢોનું એક સ્તોત્ર જ હોય છે' એ મત કોઈ હું માનતો થઈ શકતો નથી. હું માની શકું છું કે અસહકારીઓના ભાષણો જો સરકારની સામે કડુ [illegible] હોય તો તે આપણી પોતાની સાથે ઓછાં કડુ [illegible] નથી હોતાં. [illegible] તે નિંદા અને ગઢોપણાના કરતાં [illegible] અને [illegible] તરફની દલીલોથી [illegible] સાથી સચોટ [illegible] [illegible] જોઈએ [illegible]

[illegible] છે.

[illegible]

[illegible]

૩. હિંદુધર્મગ્રંથો દુષ્ટોની એવી નિર્ભર્ત્સનાથી ભરપૂર છે. એ ગ્રંથોની ઉપર તેમાં નિંદાના શબ્દોના વરસાદ વરસાવેલા છે. તુલસીદાસજી દયાધર્મના મૂર્તિમંત અવતાર હતા. પણ તેમણે શ્રી રામના શત્રુઓને લગતાં જે વિશેષણોથી રામાયણ ભર્યું છે તે વિશેષણોની ભાગ્યે જ કોઇ વિશેષણ સરસાઈ કરી શકશે. એમને ઘણાં ખરાં નામ જ એવાં આપ્યાં છે કે જે પોતે જ એ દુષ્ટોના કોઇ ને કોઈ દુષ્ટ ગુણ સૂચવતાં હોય. અને ઇશુ ખ્રિસ્તે પણ જેમને તેણે 'કાળોતરા સાપ, પાખંડી, અને ધોળી કબરોની ઓલાદ' કહ્યા તેમની ઉપર ઇશ્વરી કોપ ઉતરવાનું શાપવચન ઉચ્ચારતાં આંચકો ખાધો શું? બુદ્ધ ભગવાને પણ ધર્મને નામે નિર્દોષ બકરાઓના ભોગ આપવા નિકળેલાઓને માટે વાપરેલાં વિશેષણો મુલાયમ હતા શું? કુરાન, ઇશુ, ઝંદ-અવસ્તા, શું કોઇ ધર્મગ્રંથ એવા વિશેષણોના ઉપયોગ વિનાનો નથી. એટલુ જ કે આમાના એકે સત્પુરુષનો એ વિશેષણો વાપરવામા દુષ્ટ હેતુ નહોતો. તેમને તો માત્ર તેમની સામેની વ્યક્તિઓ અગર વસ્તુઓને યથાર્થ રૂપે વર્ણવવી હતી અને તેને માટે તેમને ભાષા પણ એટલી જ સચોટ પસંદ કરવી પડી કે આપણને સારા અને નરસા વચ્ચેનો ભેદ તત્કાળ સમજાય.

૪. [illegible] જાતના તેલ અમુક રોગોને મટાડવામાં આવ્યું [illegible] એમ [illegible] લેવાનું આપવામાં આવ્યું છે. અત્યારે આપણામાં જ [illegible] વિચાર અને [illegible] ભલામણ કરેલી છે કે આપણે [illegible] ન જ [illegible]. અને આ પ્રકારનો [illegible] ઉપયોગ ના આપણે [illegible] કરીએ કે તેની [illegible] જાણી [illegible] અને એનો [illegible] પણ [illegible] આપણને [illegible] તેમ [illegible] આપણી આજકાલની [illegible] આપણા [illegible] તેથી બચી જઈએ.

૫. '[illegible]' કે '[illegible]'નાં કાર્યો આપણને બધાં પસંદ પડવાની જરૂર નથી. મને તેમાંનાં ઘણાં કાર્યો ખરાબ લાગે છે. પણ મને તેથી તેનો દ્વેષ નથી થતો, અને તેથી તેની ખોટ જેટલી ચોક્કસ રીતે હું બતાવી શકું છું તેટલી ચોક્કસ રીતે બીજા કોઈ બતાવી શકે એમ હું માનું છું. [illegible]ની સામે જેટલી હલચાલથી હું થયો છું તેટલે દરજ્જે [illegible] થયા હશે. પણ મને ક્રોધ નહિ ચડવાથી હું વિવેક ભૂલ્યો નથી.



૧૮. સહકારમાંથી અસહકાર.



૧. મને લાગે છે કે હું હાલ જે કામમાં ગિરફતાર થઈ રહ્યો છું તેનું રહસ્ય નાના બાળકો આગળ પણ મૂકી શકાય એમ છે. જોકે હું જે કહેવાનો છું તે સઘળું બાળકોને જ માટે નથી. મારા પોતાનાં બાળકો, મારાં પોતાનાં તથા દક્ષિણ આફ્રિકામાં મારાં પોતાના માનેલાં બાળકોથી મેં કશી વાત છાની નથી રાખી.

૨. મારે માટે તો માત્ર એક ધર્મ છે, તે હિન્દુધર્મ. અને હું મને હિન્દુ કહેવડાવીને અભિમાન લઉં છું, પણ હું કાંઇ કટ્ટો કર્મી હિન્દુ નથી. હું હિન્દુધર્મને જે રીતે સમજું છું તે પ્રમાણે એ અતિશય વ્યાપક છે. એમાં બીજા બધાં ધર્મો માટે સહિષ્ણુતા રહેલી છે, માન રહેલું છે. એટલે જ હું મારા ધર્મના સંરક્ષણ માટે જેટલા ઉત્સાહ અને વેગથી પ્રયત્ન કરૂં તેટલા જ ઉત્સાહ અને વેગથી ઈસ્લામનું સંરક્ષણ કરતો તમે મને જૂઓ છો. ઈસ્લામનો બચાવ કરવામાં તો મને હર્ષના ઘૂંટડા આવે છે, કારણ મને લાગે છે કે તેમ કરતાં હું મારા પોતાના ધર્મનો બચાવ કરવાને માટે લાયકાત મેળવી રહ્યો છું. યુરોપની પાશવી સત્તાઓનું જોખમ ઈસ્લામ ઉપર જેટલું ઝઝુમે છે તેટલું જ હિન્દુધર્મ ઉપર ઝઝુમે છે. આજે ઈસ્લામનો વારો છે, કાલે હિન્દુધર્મનો વારો આવે. મને લાગે છે કે હિન્દુધર્મની ઉપર જોખમ તો જ્યારથી બ્રિટિશ સત્તા આ દેશમાં આવી ત્યારથી છે; અને એ જોખમ બહુ સૂક્ષ્મ રીતે રહ્યું છે. મેં જોયું છે કે આપણા વિચારના પાયા પાશ્ચાત્ય અસરે કરીને હાલી ઉઠ્યા છે.

પાશ્ચાત્ય સભ્યતા સેતાનની પ્રવૃત્તિ રૂપ છે. અનેક વર્ષો થયાં આપણે કોઈ અજબ માયાથી ભોળવાઈ રહેલા છીએ.

૩. મિત્રરાજ્યો યુદ્ધમાં જોડાયાં ત્યારે તેમનો પ્રગટ હેતુ તો નબળાં રાષ્ટ્રોનું સંરક્ષણ કરવાનો હતો, પણ એ હેતુની પીછોડી નીચે તેઓએ અનેક કૂડકપટોનો પ્રયોગ કર્યો. છતાં અમૃતસર કૉંગ્રેસ વખતે સરકાર સાથે સહકાર કરવા માટે મેં દેશને અતિશય આગ્રહપૂર્વક અને ખરા દિલથી વિનંતિ કરી, કારણ મને ત્યાર સુધી ભરોંસો હતો કે બ્રિટિશ પ્રજા પોતાનાં પાપો માટે પશ્ચાત્તાપ કરશે, બ્રિટિશ પ્રધાન પોતાનાં વચનો પાળશે.

૪. જ્યાંસુધી સરકારની ન્યાયબુદ્ધિ વિષે મને જરા પણ શ્રદ્ધા હતી ત્યાંસુધી હું સહકાર કરતો હતો અને સહકાર કરવાની પ્રજાને સલાહ આપતો હતો. પણ પંજાબના પ્રકરણનો નિકાલ થતાં અને તુર્કી સુલેહની શરતો પ્રગટ થતાં મારો એ બધો વિશ્વાસ નાબૂદ થયો. મારી માન્યતા ભૂલભરેલી ઠરી એટલે હું અસહકાર કરતો થઇ ગયો. સરકારની પ્રત્યેક મહેરબાની, તેનાં બધા સુધારા મારે મન ઝેરથી ભર્યાં દૂધ જેવા ત્યાજ્ય થઇ પડ્યા.

૫. હવે હું એવા નિર્ણય ઉપર આવ્યો કે મનુષ્યને જીવનમાં એક વાર એવો પ્રસંગ જરૂર આવે છે કે જ્યારે ખુદા કે સેતાન એ બેમાંથી એકનો પંથ તેણે ગ્રહણ કરી લેવો જોઇએ. બ્રિટિશ રાજ્યસત્તાની સાથે આટલાં વર્ષના સહકારના પરિણામે મેં એ જોયું કે એ સત્તાધીશો સાથે જે પ્રસંગ પાડે છે તેની અવનતિ થાય છે. મને ચોક્કસ લાગી ગયું કે જ્યાંસુધી હિન્દ પોતાનો આદેશ સમજી ન જાય અને ઇંગ્લાંડની પ્રજાની સાથે પોતાના સરખાપણાનું આખી પ્રજાને ભાન જાગ્રત ન થાય ત્યાંસુધી બ્રિટિશ સંબંધ ચાલુ રહેવાથી આપણો અધઃપાત ચાલુ જ રહેવાનો.

૬. લૉર્ડ વિલિંગ્ડને એક વખતે એક માનપત્રના જવાબમાં કહ્યું હતું કે હિંદુસ્થાનમાં ના પાડવી એ તો કોઇને આવડતું જ નથી.

[illegible] હોય [illegible] જોવું છે. [illegible] તેમના [illegible] પ્રમાણે [illegible] છીએ અને [illegible] છીએ, કે [illegible] અમારે [illegible]

[illegible]

[illegible] થયો, એ તો તમે અમારી ગુલામી [illegible] મેં એમ પણ જોયું કે મુસલમાનોની સાથેનું આપણું ઐક્ય જાળવવું, એ બ્રિટિશ સંબંધ જાળવવા કરતાં અનેકગણું વધારે કિમ્મતી છે, અને મુસલમાનોની સાથેનું ઐક્ય આપણે તેમને અણીને ટાંકણે મદદ ન કરીએ તો ટકાવવું મુશ્કેલ છે; વળી રાષ્ટ્રશરીરનો ચોથો ભાગ રેંઢી ગયેલો હોય તો આપણો દેશાભિમાનનો વિકાસ થવો અશક્ય છે.

૭. આથી મેં શૌકતઅલીની સાથે મૈત્રી બાંધી, એમને મારા ભાઈ કર્યા. એમની સાથેનો મારો સમાગમ એ મારે મન એક આનંદ અને અભિમાનની વાત છે. કેટલીક બાબતોમાં તેમની અને મારી વચ્ચે મતભેદ છે. હું અહિંસાધર્મને માનનારો છું. એ હિંસાધર્મને માનતા દેખાય છે. એઓ એમ માને છે કે: અમુક સંજોગોમાં મનુષ્ય મનુષ્યનો દુશ્મન હોઈ શકે, અને દુશ્મનોને રેંસી શકાય. પણ હું તેમની સાથે કામ કરી રહ્યો છું એનું કારણ કે એમનામાં મેં કેટલાક ભવ્ય ગુણો જોયા. એઓ એકવચની છે, એઓ અતિશય વફાદાર મિત્ર છે, અત્યંત શૂરવીર છે. એમને ઈશ્વર પ્રત્યે ભારે શ્રદ્ધા છે. મને તરત લાગી ગયું કે આટલા ગુણો તો ધાર્મિક માણસમાં જ હોઈ શકે, અને એમના ધાર્મિકપણા ઉપર મોહિત થઈને જ મેં એમનો સંગ કીધો, અને મેં તો સદાય વિશ્વાસ રાખ્યો છે કે મારા અહિંસાના સફળ પ્રયોગથી એઓ અહિંસાની ખૂબી સમજી શકશે.

૮. અંગ્રેજી શબ્દ 'Innocence' માં જેટલા અહિંસાના ભાવો આવે છે તેટલા ભાવો કોઈ શબ્દમાં આવ્યા મુશ્કેલ છે. તેથી અહિંસા અને 'Innocence' શબ્દ સરખાસરખા કહી શકાય. મારો વિશ્વાસ છે કે અહિંસામાર્ગે ચાલનારને બધી વાતે કુશળ જ છે. અહિંસાના પંથમાં જે શસ્ત્રો મળી શકે છે તે શસ્ત્રો હિંસાના પંથમાં મળી શકે તેના કરતાં વધારે જોરદાર છે. હિંસાની યોજનાને એક જંગલી યોજના હું કહી શકું. કેમકે પશુઓના જેવી જ છે. અહિંસાધર્મનો સંપૂર્ણ પાળનારો જ સંપૂર્ણ મર્દાનગી બતાવી શકે. એક માણસ પણ અહિંસાધર્મ સંપૂર્ણપણે પાળવાને તૈયાર હશે તો દુનિયાને વશ કરી શકશે. હું નમ્રતાથી કહીશ કે આજે મારા આ જર્જરિત દેહે પણ આટલી ભારે લડત ઉઠાવવાની મારી કંઈક શક્તિ છે, તેનું કારણ મારું અહિંસાધર્મનું પાલન જ છે અને હિંદુ પોતાના ધર્મને ઓળખી તેને પાળશે તે દિવસે તો પોતાની છાપ જગતમાં પાડશે જ. હિન્દુસ્થાન જે દિવસે હિંસાધર્મને પ્રાધાન્ય આપશે તે દિવસે મારું જીવન શૂન્ય રૂપ થઈ પડશે.

૯. પણ મારો વિશ્વાસ હજી અચલિત છે. અને તમે હિન્દુ માબાપોનાં સંતાનો હિંદુ તરીકે તમારૂં જગતમાં કર્તવ્ય શું છે એ સમજશો તો તમે કદિ અન્યાયી અને દુર્જનની સાથે સહકાર કરશો નહિ. દુર્જનની સાથે કામ ન પાડવા વિષે તુલસીદાસજીએ જે અમર દુહાઓ લખ્યા છે તેના સૌંદર્યની ક્યાંયે સરખામણી થાય એમ નથી. અને હિંદુસ્થાને આજે બ્રિટિશ રાજ્ય જેવા પ્રકારનું છે તેવાના પાસેથી કાંઈ પણ શુભની આશા રાખવી એ આભમાં બાથ ભરવા જેવું છે. મેં તો એ રાજ્યની સાથે અનેક વર્ષો સુધી ગાઢ સહકાર કર્યો છે અને એ સહકારને અંતે મને કેટલાક ભારે અનુભવો થયા છે. એ અનુભવોના પરિણામે જ આ ભયંકર છતાં ઉદાત્ત અને યશસ્વી યુદ્ધ મેં ઉઠાવ્યું છે અને તમને બધાને તેમાં સામેલ કરવા મથી રહ્યો છું.

અસહકાર કરતાં જેટલો વિલંબ આપણને લાગે છે તેટલું પાપ આપણને લાગે છે, આવી મારી દૃઢ માન્યતા છે. હું તમારી પાસે એટલું જ માગું છું કે આત્મવિશ્વાસના આ યુદ્ધમાં મને ઈશ્વર આરોગ્ય અને સન્મતિ આપે, રોગ અને કાયરતાથી મને સદાય વેગળો રાખે એવી તમે પ્રાર્થના કરો.



૧૯. અસહકારનું પ્રતિપાદન.*

૧. અસહકાર શું છે અને આપણે શામાટે એ શસ્ત્ર લેવાનું છે? ઘડી વાર હું એના કારણમાં ઉતરીશ. અત્યારે દેશની સામે બે પ્રશ્નો પડેલા છે. પહેલો અને મોટામાં મોટો ખિલાફતનો. આ બાબતમાં મુસલમાનોનાં દિલ ચીરાઇ ગયાં છે. ઇંગ્લાંડને નામે બ્રિટિશ પ્રધાનોએ અત્યંત વિચારપૂર્વક આપેલાં વચનો પર પાણી ફેરવવામાં આવ્યું છે. હિંદી મુસલમાનોને અપાયેલાં જે વચનોના જોર પર બ્રિટિશ પ્રજાએ સ્વીકારેલી મદદ હિંદની પાસેથી કઢાવવામાં આવી તે વચનોનો ભંગ કરવામાં આવ્યો છે અને મહાન્ ઇસ્લામધર્મ જોખમમાં આવી પડયો છે. મુસલમાનો વ્યાજબી રીતે માને છે કે બ્રિટિશ વચનો જ્યાંસુધી ન પળાય ત્યાંસુધી તેમને માટે બ્રિટિશ પ્રત્યે વફાદાર રહેવું અશક્ય છે, બ્રિટિશ પ્રત્યે વફાદાર રહેવું કે ઇસ્લામ અને પયગમ્બર પ્રત્યે, એ સવાલ જ્યારે આવી પડે ત્યારે તો કોઇ પણ મુસલમાન પોતાની બાજુ જાહેર કરવામાં એક ક્ષણની પણ વાર ન લગાડે એ દેખીતું છે, અને મુસલમાનોએ લગાડી પણ નથી. તેમણે કશું ન છૂપાવતાં છડેચોક અને ખાનદાનીભરી રીતે દુનિયાને જણાવી દીધું છે કે જો બ્રિટિશ પ્રધાનો તેમ જ બ્રિટિશ પ્રજા આપેલાં વચનો નહિ પાળે, હિન્દના સાત કરોડ મુસલમાનોની લાગણીને માન નહિ આપે, તો તેમનાથી વફાદાર રહી શકાશે નહિ.

---

* મદ્રાસમાં સમુદ્રતટ પર ૩૦–૪૦ હજાર માણસોની વિરાટ્ સભા આગળ અંગ્રેજીમાં આપેલું વ્યાખ્યાન; તા. ૧૨–૮–૧૯૨૦.

[illegible] તેમણે [illegible] ધર્મ [illegible] આ [illegible] અને. [illegible] એમ [illegible] આવી

તે ખરી કરી બતાવવાની તક મળવાની નથી. જો હિન્દુને મન અંગ્રેજ કરતાં મુસલમાન વધારે નજીકનો હોય, અને જો મુસલમાનોની માગણી ન્યાય અને ધર્મના પાયા પર ખડી થયેલી હોવા વિષે તમારા મનમાં શંકા ન હોય, તો હું તમને કહું છું કે જ્યાંસુધી મુસલમાનોની માગણીનું વ્યાજબીપણું કાયમ છે, અને તેમના ખેલાડો ખુલ્લા, ખાનદાનીભર્યા અને હિંદુસ્થાનને કશું નુકસાન ન કરનારા છે, ત્યાંસુધી તમારે મુસલમાન ભાઇઓની પડખે ઉભા રહે જ છૂટકો છે. મુસલમાનોએ આ નિર્મળ સાધનોની શરત સંપૂર્ણતાએ સ્વીકારી લીધી છે અને સારી આલમની સમક્ષ વગરસંકોચે તેઓ તેમ કરી શકશે એમ જોયા પછી જ એ શરતે હિંદુ ભાઇઓની મદદ કબૂલ રાખવા તેઓ તૈયાર થયા છે.

૩. આવી સ્થિતિ હિંદુ-મુસલમાનોએ મળીને જ આખા યુરોપની ખ્રિસ્તી રાજ્યસત્તાઓનો પ્રતિકાર કરવો જોઇએ, અને તેમને જણાવી દેવું જોઇએ કે હિંદ નિર્બળ હશે, પણ સ્વાભિમાન જાળવવાનું હજુ તેનામાં શક્તિ છે પોતાના ધર્મની ખાતર, પોતાના માનનું ખાતર હજુ તેને મરતા આવડે છે. આ જ ખિલાફતનો એ શબ્દમાં અર્થ છે

૪. પણ આ ઉપરાંત પંજાબનો સવાલ ઉભો છે. પંજાબના બનાવે હિંદના હૃદયને જે કારી જખમ કર્યો છે તેવો છેલ્લા સૈકામાં બીજા કોઇ પણ બનાવે નહિ કર્યો હોય ૧૮૫૭ ની સાલને બળવો હું નથી ભૂલતો પણ એ બળવા દરમિયાન હિંદને ગમે તેટલું ખમવું પડ્યું હોય તોપણ રૉલૅટ કાયદા દ્વારા હિંદને જે

અપમાન આપવાનો પ્રયત્ન થયો અને એ કાયદો પસાર હિંદનું જે પ્રગટ અપમાન કરવામાં આવ્યું તેની તુલના હિં દના ઇતિહાસમાં ક્યાંયે જડી શકે તેમ નથી. આ બ્રિટિશ પ્રજા પાસેથી ન્યાય મેળવવાના કારણો પણ તમારે કંઈક રસ્તો શો જ કે. બ્રિટિશ સરકાર તથા નામદાર વાઇસરૉયને ખિલાફત પંજાબને વિષે લાગણી શી છે એની પૂરી પાર્લામેન્ટની બન્ને સભાઓમાં થયેલી ચર્ચાએ તથા બ્રિટિશ સરકારે અને નામદાર વાઇસરૉયે લીધેલાં પગલાંએ પૂરેપૂરું બતાવી આપ્યું છે કે તેઓ હિંદને વાજબી ન્યાય આપવા તૈયાર નથી. આપણા આગેવાનોએ આ મુશ્કેલીમાંથી રસ્તો કહાડવો જ જોઇએ. અને આપણે બ્રિટિશ રાજ્યકર્તાઓના બરોબરિયા છીએ અને તેમને હાથે આપણું સ્વમાન જાળવાવી શકીએ છીએ એ જ્યાંસુધી આપણે સાબિત નહિ કરી આપીએ ત્યાંસુધી આપણી અને તેમની વચ્ચે કોઇ જાતનો સંબંધ કે ભાઇચારો સંભવતો નથી. આથી જ હું અસહકારનો સુંદર અને સચોટ માર્ગ બતાવી રહ્યો છું.

૫. કેટલાક કહે છે કે અસહકાર ગેરકાયદે છે. હું તેનો ઇન્કાર કરૂં છું. હું તો કહું છું કે અસહકાર એ ન્યાયી અને ધર્મસંમત માર્ગ છે. દરેક મનુષ્ય તેને ગ્રહણ કરી શકે છે અને તે સંપૂર્ણપણે કાયદેસર છે. બ્રિટિશ સામ્રાજ્યના એક મહાન્ ચાહનારે તો કહ્યું છે કે બ્રિટિશ બંધારણની દૃષ્ટિએ તો ચોકખો બળવો સુદ્ધાં સફળ નિવડે તો સાવ કાયદેસર છે. અને પોતાના કથનના ટેકામાં તેણે મારાથી ઇન્કાર ન કરી શકાય તેવા ઐતિહાસિક આધાર ટાંકયા છે. હું તો સફળ કે નિષ્ફળ કોઇ બળવાને કાયદેસર કહેવાનો દાવો બિલકુલ નથી કરતો, કારણ બળવામાં ખૂનામરકીની માન્યતા રહેલી છે. હું તો હિંદુસ્થાનને પહેલેથી કહેતો આવ્યો છું કે ખૂનામરકી યુરોપમાં ગમે તે હેતુઓ બર લાવતી હોય, પણ આ દેશમાં તે આપણું કામ કદિ સાધી આપવાની નથી. મારા ભાઇ સમાન ભાઇબંધ શૌકતઅલી

ખૂનામરકીમાં શ્રદ્ધા રાખનારા છે. જો તેમનાથી બની શકે તેમ હોત તો તો કે'દહાડાની યે એમણે બ્રિટિશ સામ્રાજ્ય વિરુદ્ધ તલવાર ખેંચી હોત. તેમનામાં શૂરવીરની મર્દાઇ અને બ્રિટિશ સામ્રાજ્યની સામે થવાની જરૂર જોવાનું ડહાપણ બન્ને છે. પણ ખરા સિપાઇની દૃષ્ટિએ આજે હિંદમાં તલવારથી કામ લેવાની અસંભવિતતા તે જોઈ શકતા હોવાથી તેઓ મારા પક્ષને સ્વીકારી મારી અલ્પ મદદ કબૂલ રાખવા તૈયાર થયા છે. તેમણે પ્રતિજ્ઞા કરી છે કે જ્યાંસુધી હું તેમની જોડે છું ત્યાંસુધી અંગ્રેજની સામે તો શું પણ આ દુનિયા પરના કોઈ પણ માણસની સામે તેઓ ખૂનામરકીના વિચાર નહિ કરે. હું તમને ખાત્રી આપું છું કે તેઓ પોતાનું વચન ખરા ધર્મનિષ્ઠને શોભાવે તેમ પાળી રહ્યા છે, ખરી ઇમાનદારીથી અસહકારને માર્ગે ચાલી રહ્યા છે; અને એ જ ખૂનામરકી વગરનો અસહકારનો માર્ગ પકડવા હું હિંદુસ્થાનને વિનવી રહ્યો છું.

૬. હું તમને કહું છું કે હિંદુસ્થાનમાં આપણી વચ્ચે આજ ભાઇ શૌકતઅલીના કરતાં વધુ સાચો કોઇ સિપાઇ નથી. જો કદિ તલવાર ખેંચવાનો વખત આ દેશમાં આવી જ પહોંચશે તો એ કેવી તલવાર ખેંચી શકે છે એ તમે જોશો. મને પણ તમે તે દિવસે હિમાલયના અરણ્યો તરફ ચાલી નિકળેલો જોશો. હિન્દ જે દિવસે તલવારનો ન્યાય સ્વીકારશે તે દિવસે હિન્દી તરીકેનું મારૂં જીવન સમાપ્ત થશે. હિન્દુસ્થાનને આ દુનિયામાં પ્રભુના ઘરનો વિશેષ આદેશ છે એમ હું માનું છું તેથી જ, અને હિન્દના પ્રાચીન ઋષિઓએ સેંકડો વર્ષોના અનુભવ પછી પશુબળ ઉપર ખડો થયેલો ન્યાય નહિ, પણ આત્મભોગ ઉપર, યજ્ઞ ઉપર, કુરબાની ઉપર ખડો થયેલો ન્યાય જ આ સંસારમાં કોઈ પણ મનુષ્યને માટે ખરી વસ્તુ છે એ મહાન્ સત્યને શોધી કહાડ્યું છે એમ હું માનું છું, તેથી જ હું એ સિદ્ધાન્તને વળગી રહ્યો છું અને મરણની ઘડી સુધી વળગી રહીશ તેથી જ હું તમને સમજાવતો રહ્યો છું કે જ્યારે ભાઇ શૌકતઅલી—

ખૂનાગરકીમાં શ્રદ્ધા રાખતા હોવા છતાં અસહકારને હથિયાર તરીકે સ્વીકારે છે ત્યારે જ હું તો તેને સબળામાં હથિયાર તરીકે જ માનું છું. હું તો માનું છું કે વગર હિ દુશ્મનની સામે ઉઘાડી છાતીએ મરવાની હિમ્મત જે કરી શકે તે શૂરવીરમાં શૂરવીર સિપાઇ છે. આવો ખૂનાગરકીરહિત અસહકાર છે, તેથી મારા વિદ્વાન્ દેશબન્ધુઓને સમજાવી રહ્યો છુ કે જ્યાંસુધી અસહકાર લોહીના ડાઘ વિનાનો છે ત્યાંસુધી તેમા ગેરકાયદે એવું કશું જ નથી.

૭. હું તો ઉલટો સવાલ કરૂં છું કે આજે બ્રિટિશ સરકારને "હું તમારી સેવા કરવા ઇન્કાર કરૂં છું' એમ કહેવું શું ગેરકાયદે છે? કોઇ પોતાના બધા માનચાંદ સરકારને વિનયપૂર્વક પાછા સોંપી દે તો એ શું ગેરકાયદે છે? સરકારી કે ગ્રાંટ લેતી નિશાળોમાંથી પોતાનાં છોકરાંને ઉઠાડી લેવાં એ કોઈ પણ માબાપને માટે શું ગેરકાયદે છે? જે કાયદાની સત્તાનો મને ચડાવવામાં નહિ પણ મારી અધોગતિ કરાવવામાં ઉપયોગ થાય છે તે કાયદાની સત્તાને હું હવે નથી પોષી શકતો એમ કોઈ પણ વકીલે કહેવું શું ગેરકાયદે છે? કોઈ પણ સિવિલ સર્વન્ટે કે જજે 'જે સરકાર આખી પ્રજાની ઇચ્છાને માન આપવા નથી ઇચ્છતી એવી સરકારની નોકરી કરવાની હું ના પાડું છું' એમ કહેવું શું ગેરકાયદે છે? હું તમને પૂછું છું કે કોઇ પણ પોલિસે કે સિપાઇએ પોતાના જ ભાઇઓને અપમાનિત કરનાર સરકારની સેવા બજાવવાની ફરજની સામા થઇને પોતાની નોકરીનું રાજીનામું રજુ કરવું એ શું ગેરકાયદે છે? હું કૃષ્ણા જીલ્લાના ખેડુતોને જઇને કહું કે 'તમે જે કર સરકારને આપો છો તેનો ઉપયોગ સરકાર તમને ચડાવવામાં નહિ પણ તમને નબળા પાડવા તરફ કરે તો બહેતર છે કે તમારે કશા કર ન ભરવા' એ શું ગેરકાયદે છે? હું માનું છું અને વિનયપૂર્વક કહું છું કે આમાં કશું જ ગેરકાયદે નથી. મેં આમાંની એકેએક બાબત મારા જીવનમાં કરી જોઇ છે, અને કોઇએ મને એના

[illegible]

[illegible]

૮. [illegible] હિંદુસ્થાનની પ્રજાએ પોતાને પડીએ અને પજાબનાં સપનાં અપમાન મૂગે મોંએ ગળી જવાં એ છે. ગેરકાયદે તો હિન્દના સાત કરોડ મુસલમાનોએ પોતાના ધર્મ પર ગુજરેલા અન્યાયને સાંખવો એ છે. ગેરકાયદે તો, આખા હિન્દુસ્થાને મૂગે મોંએ બેસી રહી આ બધું ટગર ટગર જોયા કરવું અને જે અન્યાયી સરકારે પંજાબની ઇજ્જત ધૂળમાં રગદોળી તેની સાથે સહકાર કરવો એ છે. હું મારા એકેએક દેશબન્ધુને કહીશ કે જો તમારામાં સ્વમાનનો છાંટો હોય, જો તમને આબરૂની કિમ્મત હોય, જો તમે તમારી જાતને તમારા મહાન્ બાપદાદાઓની પેઢી દર પેઢીથી ચાલતી આવેલી ઉચ્ચ પરંપરાઓના વારસ અને રક્ષક માનતા હો, તો હાલની સરકારના જેટલી અન્યાયી બનેલી સરકાર સામા અસહકાર ન કરવો એ જ તમારે માટે સૌથી મોટામા મોટો ગેરકાયદો છે એ તમે જોઈ શકશો.

૯. મને અંગ્રેજો પ્રત્યે દ્વેષ નથી. મને કોઈ સરકાર પ્રત્યે દ્વેષ નથી. પણ અસત્યની જોડે, આપખુદીઆમણાની જોડે અન્યાયની જોડે મારે હાડવેર છે. જ્યાંસુધી સરકારને અન્યાય કરવો છે ત્યાંસુધી એ મને પોતાનો શત્રુ, હાડવેરી ગણી શકે છે. અમૃતસર કૉંગ્રેસ વેળાએ ઇશ્વરને સમક્ષ રાખીને આ હું તમને કહી રહ્યો છું કે મેં આ સરકારની જોડે સહકાર કરવા ઘુંટણીએ પડી પડીને તમારી જે વિનવણી

ખૂનાગરકીમાં શ્રદ્ધા રાખતા હોવા છતાં અસ હથિયાર તરીકે સ્વીકારે છે ત્યારે જ હું તો તેને સબળોમાં હથિયાર તરીકે જ માનું છું. હું તો માનું છું કે વગર હ દુશ્મનની સામે ઉઘાડી છાતીએ મરવાની હિમ્મત જે કરી શ તે શૂરવીરમાં શૂરવીર સિપાઇ છે. આવો ખૂનાગરકીરહિ અસહકાર છે, તેથી મારા વિદ્વાન્ દેશબન્ધુઓને સમજાવી રહ્યો છું કે જ્યાંસુધી અસહકાર લોહીના ડાઘ વિનાનો છે ત્યાંસુધી ગેરકાયદે એવું કશું જ નથી.

૭. હું તો ઉલટો સવાલ કરૂં છું કે આજે બ્રિટિશ સરકારને 'હું તમારી સેવા કરવા ઇન્કાર કરૂં છું' એમ કહેવું શું ગેરકાયદે છે? કોઇ પોતાના બધા માનચાંદ સરકારને વિનયપૂર્વક પાછાં સોંપી દે તો એ શું ગેરકાયદે છે? સરકારી કે ગ્રાંટ લેતી નિશાળોમાંથી પોતાનાં છોકરાંને ઉઠાડી લેવાં એ કોઈ પણ માબાપને માટે શું ગેરકાયદે છે? જે કાયદાની સત્તાનો મને ચડાવવામાં નહિ પણ મારી અધોગતિ કરાવવામાં ઉપયોગ થાય છે તે કાયદાની સત્તાને હું હવે નથી પોષી શકતો એમ કોઈ પણ વકીલે કહેવું શું ગેરકાયદે છે? કોઈ પણ સિવિલ સર્વન્ટે કે જજે 'જે સરકાર આખી પ્રજાની ઇચ્છાને માન આપવા નથી ઇચ્છતી એવી સરકારની નોકરી કરવાની હું ના પાડું છું' એમ કહેવું શું ગેરકાયદે છે? હું તમને પૂછું છું કે કોઇ પણ પોલિસે કે સિપાઇએ પોતાના જ ભાઇઓને અપમાનિત કરનાર સરકારની સેવા બજાવવાની ફરજની સામો થઇને પોતાની નોકરીનું રાજીનામું રજુ કરવું એ શું ગેરકાયદે છે? હું કૃષ્ણા જીલ્લાના ખેડુતોને જઇને કહું કે 'તમે જે કર સરકારને આપો છો તેનો ઉપયોગ સરકાર તમને ચડાવવામાં નહિ પણ તમને નબળા પાડવા તરફ કરે તો બહેતર છે કે તમારે કશા કર ન ભરવા' એ શું ગેરકાયદે છે? હું માનું છું અને વિનયપૂર્વક કહું છું કે આમાં કશું જ ગેરકાયદે નથી. મેં આમાંની એકેએક બાબત મારા જીવનમાં કરી જોઇ છે, અને કોઇએ મને એના

ન પાડત. પણ મારા હાથમાં તો મુસલમાન કોમનું પવિત્ર મકાન સોંપવામાં આવ્યું હતું. હું મુસલમાન કોમનો મદદગાર હતો અને કાંઈ નહિ તો તેમની ઇજ્જત મારા હાથમાં સોંપાયેલી છે. અંતઃકરણના ધ્વનિની ઉપરવટ થઈને કોઈ પણ સંસ્થાના નિર્ણયની રાહ જોવાની સલાહ તેમને મારાથી કેમ આપી શકાય ! શું મુસલમાનોએ ચૂંટેલું ગણીને પોતે અત્યારસુધી સ્વીકારેલું ખાનદાનીભર્યું ધોરણ આજે ફેરવવા તૈયાર થવું ! ઈશ્વર ન કરે અને કદાચ કૉંગ્રેસે તેમની વિરુદ્ધ ઠરાવ આપ્યો તો ! હું તો તોપણ મુસલમાન ભાઈઓને જ કહેજ જવાનો કે તેમણે તેમના દીનને થયેલા અપમાનને સાંખવા કરતાં એકલે પગે પણ ઊભા રહેવું અને લડવું જતું. મુસલમાનો ચાહે તો કૉંગ્રેસની પાસે ભલે ભિક્ષુકની હાલતમાં મદદ માગે; પણ મદદ મળો, યા ન મળો, કૉંગ્રેસ દ્વારા દોરાવાની તેમનાથી રાહ જોવાય તેમ નહોતું. તેમને તો નિરર્થક ખૂનામરકી અથવા નિર્દોષ છતાં પરિણામકારક અસહકાર બેમાંથી એક રસ્તો લીધે જ છૂટકો હતો; અને તેમણે અસહકારનો માર્ગ પકડ્યો છે. અસહકારનું પવિત્ર સ્વરૂપ મારી પેઠે જ જેને મન વસી ગયું છે તેમની તો ચોક્ખી ફરજ જ છે કે તેમણે વગર ઢીલે એ મુજબ અમલ કરવો અને ખુદ કૉંગ્રેસને પણ બીજો કશો નિર્ણય આપવાનું અશક્ય કરી મૂકવું, કારણકે કૉંગ્રેસ પણ અંતે તો તેમની વ્યક્તિઓના મોટા સમુદાયનો મત દર્શાવનાર નહિ તો બીજું શું છે ? અને જો વ્યક્તિઓ એકમત બનીને કૉંગ્રેસમાં જાય તો પછી કૉંગ્રેસનાથી પણ તેમના મનથી જુદો મત કેમ આપી શકાય ? જો આપણે અગાઉ મત બાંધ્યા વગર અથવા મત દર્શાવતા હોઈને કશા મત વગર જ કૉંગ્રેસમાં જવા માગતા હોઈએ તો જ આપણે કૉંગ્રેસના નિર્ણયની રાહ જોઈ બેસીએ. જેઓ નિશ્ચય નથી કરી શકતા તેમને હું કહું છું કે ભલે કૉંગ્રેસ સુધી થોભો, પણ જેમને આ બાબતમાં દીવા જેવું દેખાઈ ચૂક્યું છે તેમને માટે તો હવે થોભવું એ ચોક્ખું પાપ છે.

ઇજ્જતનો સવાલ છે, તો હું એક હોઉં કે હજારમાં એક હોઉં, મારે મારા સિદ્ધાંતને વળગી રહી જ છૂટકો રહ્યો. એમ કરતાં મારું મરણ થાય તોપણ એ જીવીને મારે મોંએ મારા સિદ્ધાન્તનો ઇન્કાર કરવા કરતાં તો બહેતર જ થશું. હું ફરી ફરી કહું છું કે કોઇએ પણ ધારાસભામાં જવામાં આપણે ભારે ભૂલ કરીશું. હાલની સરકાર જોડે અપણાથી સહકાર ન કરી શકાય એમ જો આપણને સાચે જ લાગી ગયું છે તો આપણે છેક મથાળેથી જ આરંભ કરવો જોઇએ. પ્રજાના આપણે સ્વાભાવિક આગેવાનો છીએ અને આજે પ્રજાને અસહકારની સલાહ આપવાનો અધિકાર તેમ જ શક્તિ આપણે મેળવેલાં છે. તેથી હું તો ફરીફરીને એ જ કહેવાનો કે નવી ધારાસભા માટે કોઈ પણ શરતે ઉભા રહેવું એ અસહકારના ધોરણથી વિરુદ્ધ જ છે.

૧૪. બીજું પણ એક કઠણ પગલું મેં સૂચવ્યું છે, વકીલોએ વકીલાત છોડવાનું. સરકાર વકીલોની મદદથી પોતાની સત્તા કેટલી નભાવે છે એ જો હું પૂરેપૂરું જાણું છું તો મારાથી બીજી સલાહ આપી જ કેમ શકાય? દેશની લડત ચલાવનારા આપણા હાલના આગેવાનોમાં ઘણુંખરા વકીલો જ છે એ વાત સાચી છે. પણ જ્યારે સરકારની પ્રવૃત્તિને થંભાવી દેવાની વાત આવે ત્યારે તો હું જાણું જ છું કે સરકાર પોતાનું માન અને મોભો જાળવવાના કામમાં વકીલવર્ગ સામું જ જુએ છે. તેથી જ હું મારા વકીલ ભાઇઓને તેમની વકીલાત મોકૂફ કરી દઇ સરકારને એમ બતાવી આપવા સમજાવી રહ્યો છું કે તેઓ પોતાના ઑનરરી હોદ્દા વધુ વખત નભાવવા નથી ઇચ્છતા, કારણ કે વકીલો અદાલતોના ઑનરરી અમલદારો જ છે. અને તેટલે દરજ્જે તેઓ કોર્ટના ધારાધોરણને અધીન છે. જો તેઓ સરકારની કોર્ટોનો સહકાર ખેંચી લેવા માગતા હોય તો તેમનાથી આ ઑનરરી હોદ્દા ન જ ભોગવી શકાય. પણ આમ થતાં કાયદા અને વ્યવસ્થાની અવગત થશે એવો સવાલ કરવામાં આવે છે. મારો જવાબ એ છે કે આ જ વકીલવર્ગની

[illegible] વ્યવસ્થા ઉભી કરીશું. આપણે પંચાયતી કોર્ટો સ્થાપીશું અને આપણા દેશબંધુઓને શુદ્ધ, સારા, નિર્મળ, ખરચખુ અને સ્વદેશી ન્યાય વહેંચીશું. વકીલોએ વકીલાત છોડવાનો અર્થ આ છે.

૧૫. બીજી પણ એક મુશ્કેલી મેં પ્રજાને સૂચવી છે. છોકરાઓને નિશાળોમાંથી ઉઠાડી લેવાની, કૉલેજના છોકરાઓએ ઉઠી જવાની અને સરકારી તેમ જ સરકારી ગ્રાંટ લેનારી અર્ધસરકારી નિશાળો અને કૉલેજો ખાલી કરી મૂકવાની. બીજું હું સૂચવી જ કેમ શકું? મારે લોકલાગણીનો તાગ લેવો રહ્યો. મારે જાણવું રહ્યું કે મુસલમાનો કેટલે ઉંડે સુધી દૂભાયા છે. જો ઉંડે સુધી દૂભાયા હશે તો તો તેઓ સનકારામાં સમજી જવાના કે જે સરકાર ઉપરથી તેમનો બધો ઇતબાર ઉઠી ગયો છે તેમની મારફત પોતાના છોકરાઓને કેળવણી મળવા દેવી એ કેટલું અજુગતું છે. જો હું સરકારને કશી મદદ આપવા રાજી નથી તો તેની કોઇ પણ જાતની મદદ હું લઇ પણ કેમ શકું? મારી નજરમાં તો હાલની નિશાળો અને કૉલેજો સરકારને જોઇતા કારકુનો અને નોકરો તૈયાર કરવાની ફૅક્ટરીઓ માત્ર છે જો હું સરકાર જોડેનો સહકાર ખેંચી લેવા માગું છું તો હું એ મોટી ફૅક્ટરીને મદદ ન જ કરૂં. ગમે તે બાજુએથી વિચાર કરી જૂઓ. અસહકારના સિદ્ધાંતને માનવો અને છોકરાઓને પણ સરકારી નિશાળોમાં મોકલતા રહેવું એ બન્ને તમારાથી બની જ શકશે નહિ.

૧૬. માનચાંદ અને ઇલ્કાબો ધરાવનારાઓને પણ મેં તેમના ઇલ્કાબો છોડી દેવાની સલાહ આપી છે. આ સરકારના માનચાંદ હવે તેમનાથી રાખી રહેવાય જ કેમ? એક કાળે જ્યારે આપણે એમ માનતા હતા કે આપણી ઇજ્જત આબરૂ આ સરકારના હાથમાં સલામત છે ત્યારે એ માનચાંદ સાચે જ માનસૂચક હતા, પણ અત્યારે તો એ આપણા માનનાં નહિ પણ અપમાન અને નામોશીનાં સૂચક છે. કારણ આપણે જોયું કે આ

સરકાર પાસે ન્યાય જેવી વસ્તુ નથી. દરેક માનચાંદ ધરાવનાર પોતાનો ઇલ્કાબ પ્રજાના ટ્રસ્ટી તરીકે ભોગવે છે; તેથી જ અત્યારે સરકાર જોડેના અસહકારના પ્રજા તરફના પહેલા પગથિયા તરીકે એક ઘડીની ઢીલ કે વિચાર કર્યા વગર એ સરકારના માનચાંદોનો ત્યાગ આપણો ધર્મ થયો. મારા મુસલમાન ભાઇઓને હું કહું છું કે આ પહેલી ફરજ બજાવવામાં જો તમે નિષ્ફળ નિવડશો તો આખા અસહકારમાં તમે નિષ્ફળ થશો; સિવાય કે પ્રજા કેળવાયેલા વર્ગને બાજુએ મૂકી ક્રાન્તિના સમયની ફ્રાન્સની પ્રજાએ રાજ્યની લગામ હાથ લીધી હતી તેમ અસહકારની લગામ પોતાના હાથમાં લે અને ફત્તેહને સર કરે. હું ક્રાન્તિની હિમાયત નથી કરતો; હું તો પ્રગતિ ઇચ્છું છું. મારે અવ્યવસ્થિત વ્યવસ્થા નથી જોઇતી; મારે અંધાધુંધી નથી જોઇતી: મારે તો અત્યારે વ્યવસ્થા તરીકે ભાસવવામાં આવતી અંધાધુંધીમાંથી સારી વ્યવસ્થા જોઇએ છે. જો એ વ્યવસ્થા જુલમગારે રાજ્યની જુલમી લગામ હાથ કરવા સ્થાપેલી વ્યવસ્થા હોય તો મારે મન એ વ્યવસ્થા નહિ પણ અવ્યવસ્થા જ છે. મારે આજના અન્યાયમાંથી ન્યાય ઘડાવવો છે, તેથી જ હું તમારી સમક્ષ નિવૃત્ત અસહકાર મૂકી રહ્યો છું. જો આ શાન્ત છતાં રામબાણ માર્ગનું રહસ્ય આપણે સમજી જઇશું તો તમે જોશો કે આપણે કોઇની સામે એક કરવો શુદ્ધાં પણ ફેલાવવાપણું નહિ રહે. તેઓ તમારી સામે તલવાર ઉગામશે; તમારે સામી તલવાર તો શું પણ સાદી લાકડી કે આંગળી પણ ઉંચી નહિ કરવી પડે.

૧૭. તમને લાગશે કે આ શબ્દો મેં [illegible] છે. [illegible] સરકારની [illegible] નીતિને [illegible], [illegible] તથા [illegible] એમ માનું છું [illegible] [illegible] [illegible]

નિદ્રામાં સૂતો છે, પણ હું તમને કહી શકું છું કે હું એને રોજ કહેતો કે 'તમે અન્યાયી છો અને તમારાં કામો અનીતિના પાયા ઉપર ઉભાં થયેલાં છે.' હું એને કહેતો કે 'તમે સંતને નમારૂં મુખ નથી કરતા.' આમાં મારો એના પ્રત્યે રોષ નહોતો; હું તેને આવી કડવી વાત કહેતો કારણકે હું તેને ચાહતો. એ જ ન્યાયે આજે હું બ્રિટિશ પ્રજાને કહી રહ્યો છું કે હું તેમને ચાહું છું, અને તેમની સોબત ઇચ્છું છું; પણ એ સોબત ચોકખી શરતોએ ઇચ્છું છું. મને તો મારૂં સ્વમાન જાળવીને, તેમના ચોકખા બરોબરીઆ બનીને જ રહેવું યોગ્ય તેમ છે. જો એ બરોબરીઆપણું આપવા બ્રિટિશ પ્રજા તૈયાર ન હોય તો મારે એ બ્રિટિશ સંબંધ ન જોઇએ. આમાં જો મારે બ્રિટિશ લોકોને જતા કરીને દેશમાં થોડા વખતને માટે અવ્યવસ્થા અને અંધાધુંધી વહોરવાં પડે તેમ હશે તો એવી અવ્યવસ્થા અને અંધાધુંધી પણ હું વહોરી લઇશ, પણ બ્રિટિશ જેવી મહાન્ પ્રજાને હાથેથી અન્યાય નહિ લઉં. તમે જોશો કે આ આખું પ્રકરણ પૂરૂં થશે આજ મી. મૉન્ટેગ્યુ પછીના અમલદારો મને અસહકાર દ્વારા, અને શાહજાદાની જાતનો નહિ પણ સરકારે પ્રજાની ગરદન પરની ફાંસી વધુ ટાઈટ કરવાની દાનતથી અધિકારીવર્ગે ગોઠવેલા શાહજાદાના આગમનનો બહિષ્કાર પોકારીને તે દ્વારા, સામ્રાજ્યની અગાઉ કદિ ન કરેલી એવી સૌથી મોટામાં મોટી સેવા કર્યાના સર્ટિફિકેટો આપશે! શાહજાદાના આગમનને ન વધાવવા અને તેનો જેટલો બની શકે તેટલો જોરાવર બહિષ્કાર કરવા હું પ્રજાને નહિ સમજાવી લઈ શકું તોપણ એકલો ઉભો રહીને હું એક જ પણ એની સામે પોકાર કરતો રહીશ. એટલા જ માટે હું અહિં તમારી સામે ઉભો રહીને તમને આ ધર્મયુદ્ધમાં જોડાવા વિનવી રહ્યો છું.

૧૮ અસહકારનું આ ધર્મયુદ્ધ કોઇ સ્વામી કે ત્યાગીવૈરાગી સરખી રહ્યો નથી. હું સાધુ કે ત્યાગીપણાનો ઇન્કાર કરૂં છું. હું સ્વામી કે રીખસદ્ધીપણાનો ઇન્કાર કરૂં છું. મારામાં સાધુ સંન્યાસીપણાનો

આરોપ મને માન્ય નથી. હું માટીનો માણસ છું, માટી પેદા થયો છું. તમારામાંના દરેકના જેવો—કદાચ તમારાથી વધારે—હું સાદો ખેડુત છું. તમારા જેટલી જ દુર્બળતાઓથી ઘેરાયેલો છું. પણ મેં કાળા માથાના માનવીને માથે પડનારી કઠણમાં કસોટીઓ પાર કરી છે; એ પાર કરવાની પૂરી તાલીમ લીધી છે. મેં મારા પવિત્ર હિન્દુધર્મનું રહસ્ય ઓળખ્યું છે. અસહકાર એ સાધુસન્યાસી કે ત્યાગીવેરાગીને જ સારૂ નહિ, પણ દરેક સામાન્ય શહેરીને માટે, વધુ વાતો જાણ્યા વિના, ઉંડા પાણીમાં ઉતર્યા વિના—ઉતરવાની ઇચ્છા કર્યા વિના—કેવળ પોતાનો સામાન્ય ગૃહસ્થધર્મ બજાવવા ઇચ્છનાર માણસને માટે પણ છે એ પાઠ હું શીખ્યો છું.

૧૯. યુરોપ પ્રજામાંના જનસાધારણને પણ આજે તલવારનો ન્યાય શીખવી રહ્યું છે. પણ ભરતખંડના ઋષિઓ જેઓ આર્યાવર્તની મહાન્ પરંપરાઓના રક્ષક હતા તેમણે તો ભારતવર્ષની પ્રજાને તલવારનો કે ખૂનામરકીનો નહિ, પણ સહી લેવાનો આત્મયજ્ઞ કરી છૂટવાનો મંત્ર ઉપદેશ્યો છે; અને જ્યાંસુધી હું અને તમે આ સાદી સાધનાના શ્રી ગણેશાય ઘૂંટવા જેટલા પણ તૈયાર નથી ત્યાંસુધી તલવાર ખેંચવાની તૈયારી તો આપણાથી સેંકડો યોજન દૂર છે એ તમે નિઃસંદેહ માની લેજો. એ રહસ્ય ભાઈ શૌકતઅલીના અંતરમાં કોતરાયું ત્યારે જ એમણે મારી સાચેસાચા ભક્તિભાવે અને વિનયભાવે આપેલી સલાહ સ્વીકારી લીધી છે અને આજે 'ઘણું જીવો અસહકાર' એમ તેઓ અસહકારની જય બોલાવી રહ્યા છે.

૨૦. ખુદ ઇંગ્લાંડમાં પણ સને ૧૯૧૪ની યુરોપિય લડાઇ દરમિયાન નાના બાળકો સિક્કે નિશાળોમાંથી ઉઠાવી લેવામાં આવેલા, ઑક્સફર્ડ અને કેમ્બ્રિજની કૉલેજોને ભોંગળો લાગેલી, એ ભૂલતા ના. વકીલોએ પોતાની કોર્ટો અને ઑફિસો છોડેલી એને ખાઇઓમાં

સહતા રહી લડવાનું સ્વીકારેલું. હું તમને ખાઇઓમાં લડવાનું તો નથી કહેતો, પણ ઇંગ્લાંડમાં સ્ત્રીપુરુષો અને શૂરવીર છોકરાઓએ જે આત્મયજ્ઞ કર્યો તે આત્મયજ્ઞ હું—તમારી પાસેથી અવશ્ય માગી રહ્યો છું. જે પ્રજાની જોડે તમે લડત ચલાવવા તૈયાર થઈ રહ્યા છો તે વખત આવ્યે કેટલો આપભોગ આપવાવાળી છે એ ભૂલતા ના. સાથે એ પણ યાદ રાખજો કે બોઅરોની એક નાની ટોળીએ આ જ જોરાવર પ્રજાને હંફાવી હતી. પણ તેના વકીલોએ પણ વકીલાતો છોડી હતી, તેમની માતાઓએ પોતાનાં છોકરાંઓને શાળાઓ તેમ જ કૉલેજોમાંથી ઉઠાડી લીધાં હતાં અને એ જ બાળકો પ્રજાના સ્વયંસેવકો બન્યાં હતાં. મેં આ મારી સગી આંખે તેમને જોયેલાં. હું મારા દેશબાંધવોને આજ દરેક લડાઇની પૂર્વે સાધવી પડતી આ આત્મયજ્ઞની સાધના વગર બીજું કશું ન સાધવા વિનવી રહ્યો છું. તમે ખૂનામરકીમાં શ્રદ્ધા રાખનારા હો કે અહિંસામાં શ્રદ્ધા રાખનારા હો, આ આત્મયજ્ઞની—તાલીમની પરીક્ષા તમારે આપવી જ પડવાની. ઇશ્વર તમને તથા આપણા આગેવાનોને સદ્બુદ્ધિ આપો, હિમ્મત આપો, પ્રજાને તેના ઇષ્ટ ધ્યેય તરફ દોરી જવાનું સમ્યક્‌જ્ઞાન આપો, ઇશ્વર હિંદુસ્થાનની પ્રજાને સત્ય માર્ગે દોરો અને કહ્યું છતાં સહેલો એવો આ આત્મયજ્ઞનો માર્ગ આક્રમવાનાં દૃષ્ટિ, શક્તિ અને સાહસ આપો.



૨૦. કલકત્તા કૉંગ્રેસમાં ભાષણ



૧. હું સારી પેઠે સમજું છું કે આ મહાન્ મેળાવડા સમક્ષ આ ઠરાવ* મૂકવાથી મારે માથે કેટલી બધી ગંભીર જવાબદારી આવી પડે છે. જો તમે આ ઠરાવ મંજુર કરશો તો મારી પોતાની તેમ જ તમારી મુશ્કેલીઓમાં કેટલો બધો વધારો થવાનો છે એ પણ હું સમજું છું. મારો ઠરાવ તમે મંજુર કરો તો એનો અર્થ એ જ થવાનો છે કે આજસુધી પ્રજા પોતાના હક્ક અને ઇજ્જતને જાળવવા સારૂ જે નીતિ અખત્યાર કરતી આવી તેને આપણે સાફ બદલી રહ્યા છીએ. હું પૂરેપૂરૂં જાણું છું કે આપણા ઘણા આગેવાનો આની વિરુદ્ધ છે. આપણી માતૃભૂમિની સેવામાં હું આપી નથી શક્યો તેટલો વખત અને શક્તિ તેમણે આપ્યાં છે. ચાહે તે આપભોગે પણ સરકારની રાજ્યનીતિમાં ક્રાંતિ કરી મૂકવા કહેનારી આ નીતિનો વિરોધ કરવો એ તેમને પોતાની ફરજ લાગે છે. આ બધું પુરેપૂરૂં સમજીને હું તમારી સમક્ષ ઉભો છું. પરમેશ્વરથી ડરતો અને સ્વદેશ પ્રત્યેના ધર્મભાનથી પ્રેરાઇને હું આ ઠરાવ રજુ કરૂં છું, તેને તમે વધાવી લેશો એમ હું ઇચ્છું છું.

૨. હું માગી લઉં છું કે હું ગાંધી છું એ ખ્યાલ ઘડીને માટે તમે છોડી દેજો. હું મોટો 'મહાત્મા' છું અને જોહૂકમી અમલ કરવો મને ગમે છે એવા મારા ઉપર આરોપ છે. હું હિમ્મતપૂર્વક કહું છું કે હું તમારી પાસે 'મહાત્મા' તરીકે નથી આવ્યો તેમ જોહૂકમી અમલ ચલાવવાની ઉમેદથી પણ નથી આવ્યો; હું તો મારા અનેક વર્ષોના આચરણમાં અસહકારનો મને જે અનુભવ

* વધુ માટે જૂઓ પરિશિષ્ટ ક.

થયો તે રજુ કરવા માટે તમારી આગળ ઊભો થયો છું. ખિલાફતની ઠેરઠેરવાળી ઘણી સભાઓએ અસહકારનો સ્વીકાર કરેલ છે અને મુસલમાનોએ તો ૧ લી ઑગસ્ટ ૧૯૨૦ થી તેને આચારમાં મૂકવા લાયક સ્વરૂપ પણ આપી દીધું છે. ઠરાવેલા કાર્યક્રમની ઘણી ખરી બાબતો ઓછા કે વત્તા જોર સાથે અમલમાં પણ મૂકાતી જાય છે. હું ફરીથી તમારી પાસેથી માગી લઉં છું કે તમે આ મહત્વના પ્રશ્નમાં ગાફેલ રહો છો તે આમ ન જોઈએ; અને ધીરજ અને શાન્તિથી તેના ઉપર તમારો નિર્ણય બાંધજો

૭. વળી આ ઠરાવ મંજુર કર્યો એટલે તમે છૂટ્યા એમ નથી. દરેક બાબતે ઠરાવની જે જે કલમ પોતાને લાગુ પડતી હોય તેટલા પ્રમાણમાં લાગશે જ તેનો અમલ શરૂ કરી દેવો પડવાનો. મારી વિનંતિ છે કે તમે ધીરજ રાખીને મારું બોલવું સાંભળજો. તાળીઓ પણ પાડશો નહિ કે હુરિયો પણ કરશો નહિ. મારે પોતાને માટે તો એમ કરો તોયે મને બહુ લાગવાનું નથી. પણ તાળીઓથી વિચારનો પ્રવાહ અટકે છે અને તાળીઓ અને હુરિયોથી બોલનાર અને સાંભળનાર વચ્ચે સંધાયેલો તાર તૂટે છે. માટે તમારું પોતાનું વલણ ગમે તે હોય, છતાં એકે વક્તાને તમે હુરિયો કરીને બેસાડી નહિ દેજો. અસહકાર એ તો તાલીમ અને આપભોગની સાધના રૂપે કલ્પાયેલો છે, અને વિરુદ્ધ પક્ષના મત ધીરજ અને શાન્તિથી સમજી લેવા એ અસહકારનું લક્ષણ છે. પૂર્વ પશ્ચિમ જેટલા વિરુદ્ધ વિચારો પણ અરસ્પરસ નભાવી લેવાની વૃત્તિ જ્યાંસુધી આપણે કેળવીશું નહિ ત્યાંસુધી અસહકાર અસંભવિત છે. ક્રોધની વરાળો નીકળતા વાતાવરણમાં અસહકાર ન જ નભી શકે. ક્રોધને દાબી દેવો એટલી એક અગત્યની વાત હું કડવા અનુભવોથી ત્રીશ વર્ષમાં શીખ્યો છું. દાબી રાખેલી ઉષ્ણતામાંથી જેમ શક્તિ પેદા થાય છે. તેમ સંયમમાં રાખેલ ક્રોધમાંથી પણ એવું બળ પેદા કરી શકાય કે જે સારા જગતને હચમચાવી નાખે. કોંગ્રેસમાં આવનારાઓને એક જ સેનાના સૈનિક મિત્ર તરીકે

જુસ્સો અને લાગણી બતાવ્યા પછી માત્ર પોતાની ક્રોધની લાગણીઓનું પોકળ પ્રદર્શન કરીને જ બેસી રહેવાનું પસંદ કરશે ? પ્રમુખ * સાહેબે પોતાના પ્રારંભિક ભાષણમાં પંજાબના સીતમોનું જે દિગ્દર્શન કરાવ્યું એનાથી વધુ તાદૃશ વિવેચન તમે કદિ સાંભળેલું ? આવી હાલતમાં નાખુશ અધિકારીઓને ન્યાય કરવાની ફરજ પાડ્યા વિના, ખૂનથી ખરડાયેલા તેમના હાથોની ગમે તેવી ભારે મહેરબાની પણ સ્વીકારવા પહેલા તેમના દિલનો પશ્ચાત્તાપ જોયા વિના કોંગ્રેસને આ બાબતમાં દાદ મેળવવાનો, પોતાનું નામ અને પોતાની ઇજ્જત જાળવવાનો બીજો રસ્તો જ કયો છે ?

૭. કેવળ આ જ કારણથી હું મારી અસહકારની યોજના તમારી સમક્ષ મૂકી રહ્યો છું અને તમને આગ્રહ કરી રહ્યો છું કે બીજી કોઇ પણ યોજનાને એની અવેજીમાં તમે સ્વીકારતા ના. મારી યોજનાનો મને આગ્રહ છે એટલામાટે હું તમને આમ નથી કહેતો. મારા કહેવાની મતલબ એ છે કે ખૂબ વિચાર કરી જોતાં મારી યોજનાના કરતાં બીજી યોજના તમને ચડિયાતી ન લાગે તો તમે એને નામંજુર કરજો. આ યોજનાને પ્રજા તરફથી પૂરતા પ્રમાણમાં ટેકો મળ્યો છે એવો હું દાવો કરૂં છું અને તેનો અમલ કરો તો તમે એક જ વર્ષમાં સ્વરાજ્ય મેળવી શકો એ તમને ફરીથી કહેવાની હું હિમ્મત કરૂં છું. આ ગંભીર સમાજ આ ઠરાવને માત્ર પસાર કરે એટલુ બસ નથી, પણ દિનપ્રતિદિન વધુ વધુ જોસપૂર્વક પ્રજા તેને અમલમાં મૂકે ત્યારે જ એ ફળદાયી નિવડે તેમ છે. આ અમલી કાર્યક્રમ દેશની અત્યારની સ્થિતિને પૂરેપૂરી લક્ષમા લઇને જ ગોઠવવામા આવ્યો છે.

૮ અસહકાર સિવાય બીજો એક માર્ગ પ્રજા સમક્ષ હતો, અને તે તલવાર ખેંચવાનો. પણ હિન્દની પાસે અત્યારે તલવાર નથી અને તેના પર ન તલવાર હોત તો હું જાણું છું કે તેણે અસહકારની આ સલાહને કાન સરખો યે ન દીધો હોત. પણ હું

* લાલા લજપતરાય.

હું પૂછું છું કે આપણી વચ્ચે પરસ્પર સહનશક્તિ કેળવીએ અને એકબીજાના મત ગમે તેટલા વિરોધી હોય તો પણ તે નભાવી લેતાં શીખીએ તેના કરતાં વધુ સારી તાલીમ બીજી કઇ હોઇ શકે?

૪. મને કહેવામાં આવે છે કે મારો ઠરાવ રજુ કરીને હું મોટું ભંગાણ પાડવા બેઠો છું; મારા ઠરાવથી હું દેશના રાજ્યપ્રકરણી જીવનમાં ફાડ પાડી રહ્યો છું. કૉંગ્રેસ એ કંઈ અમુક પક્ષની સંસ્થા નથી. દરેક મતમતાંતરને માટે કૉંગ્રેસનો માંચડો ખુલ્લો હોવો જોઇએ. પોતાના પક્ષની સંખ્યા નાની છે એટલામાટે કોઇએ કૉંગ્રેસ છોડી જવાની જરૂર નથી. તેમણે વખત જતાં દેશને પોતાનો મત રુચતો કરાવીને પોતાની જ બહુમતી કરી લેવાની આશા રાખવી જોઇએ. કૉંગ્રેસે વખોડી કહાડેલી કોઈ પણ નીતિને કૉંગ્રેસને નામે કોઇ અખત્યાર કરી ન શકે. તમે મારી પોતાની રીતને નાપસંદ કરશો તો હું કંઇ કૉંગ્રેસ છોડીને ચાલ્યો નથી જવાનો. આ જ મારા વિચારોની અલ્પમતી હશે તો તે બદલાઇ બહુમતી થાય ત્યાંસુધી હું કૉંગ્રેસને સમજાવતો જ રહેવાનો.

